કુમાર

અંક ૪

ઉગતી પ્રજાનું માસિક

ચૈત્ર

વર્ષ ૧

અંક ૪

૧૯૮૦



તંત્રી

રવિશંકર રાવળ

વાંચનારને

સુભાગી આત્મા

આ માસિકથી તમારો ને અમારો સંબંધ થાય છે. દુનીઆના વહેવાર જેવો એ સંબંધ સાધારણ નથી, પણ જગતની કલ્યાણકારી યોજનાઓમાં વધારો કરનારી એ એક નવીન પ્રવૃત્તિ છે.

જગતના દીપોત્સવમાં દેશદેશના માનવીઓ આત્મકલાની જ્યોતિઓ આગળ ધરશે તે વખતે ગુજરાતના કુમારો શું અંધકારમાં શૂન્યમુખ થઈ ઉભા રહેશે ? એ વિચાર જ અસહ્ય છે. એ ભયંકર નિરાશા ભાંગવાનો આ એક પવિત્ર પ્રયાસ છે.

કલા, જ્ઞાન, ચારિત્ર, પ્રેરણા, સંસ્કાર અને પરસ્પર સદ્‌ભાવ ગુજરાતના કુમારોમાં પુરી તેમની આત્મજ્યોતિઓ સચેત રાખવાની અમારી અભિલાષામાં સ્વાર્થપરાયણતાનો ત્યાગ છે કે નહિ, તે તો ભવિષ્યનું અમારૂં કાર્ય બતાવશે.

ગુજરાતમાં બાલશિક્ષણની સામગ્રી છે—થતી આવે છે; પુખ્ત બુદ્ધિનાં માણસો માટે પણ જ્ઞાનસામગ્રી ભરી છે; પરંતુ ઉગતી પ્રજા—કુમારોને જીવનદષ્ટિ આપતી કશી જ સામગ્રી નથી એ ઉણપ પુરવાનો આ પ્રયાસ છે.

આપણું પ્રાચીન ગૌરવ, ઋષિવરોનાં આત્મદર્શનો, આપણી સંસ્કૃતિનો પ્રભાવ, સંતોની પ્રાણ પોષતી પ્રસાદીઓ, કલાની રસભરી કૃતિઓ, કુદરતની ભવ્ય લીલા, વિશ્વની ચમત્કૃતિઓ, નવી દુનીઆની વૈજ્ઞાનિક અજાયબીઓ, હુન્નરઉદ્યોગના નુસખાઓ અને વિનોદની વાનીઓ—આ સૌ શોધી, સંઘરી, માગી આણીને પણ સુંદર, નિર્દોષ સ્વરૂપમાં આપવું એ અમારો સંકલ્પ છે. આટલો ભારે સંકલ્પ પુરો કરવા પુરતાં સાધન—શક્તિ વખતે નહિ હોય; પરંતુ જેમને સાધન કરતાં યોજના પ્રિય છે, યોજના કરતાં હેતુ ઇષ્ટ છે એવાં સંસ્કારી ચિત્ત આ પ્રવૃત્તિ તરફ સહાનુભૂતિની નજરે જોશે એવી આશા છે.

'કુમાર' કુમારોને જ માટે છે એવો ભ્રમ કોઇ ન કરે; કુમારીઓને અમે ભુલ્યા નથી. 'કુમાર' એટલે જ ગુજરાતનું 'કુમાર.'

છેવટે, અમારી એટલી પ્રાર્થના છે કે અમારી ભુલો પર ચર્ચા ભલે કરજો, પણ અમારા હેતુમાં શંકા કરશો નહિ; કારણ કે અમારી શ્રદ્ધા છે કે એ હેતુની પાછળ પરમ કૃપાળુ પરમાત્માની પ્રબળ પ્રેરણા છે.

પુસ્તક પહેલું | **કુમાર** | સંવત ૧૯૮૦
અંક: ૪ | | ચૈત્ર

ઉગતી પ્રજાનું માસિક
તંત્રી : રવિશંકર રાવળ
કુમાર કાર્યાલય : ૪૪૮૦, રાયપુર : અમદાવાદ

બહારગામના એજન્ટો

નવજીવન કાર્યાલય, પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબાઈ–૨
વર્ધમાન ઍન્ડ સન્સ, ૧, પાયધુની, મુંબાઈ–૩
કરાંચી બુકસ્ટૉલ નેપીઅર રોડ, કરાંચી

ગ્રાહકોને

આ માસિકનું લવાજમ, પોસ્ટેજ સાથે, વરસ એકના રૂા. ૬ છે. આખા વરસનું એકસામટું લવાજમ ન ભરી શકનારા રૂા. ૩ ભરીને છ મહીનાના ગ્રાહક બની શકે. પરદેશના ગ્રાહકોએ રૂપીઆ સાત મોકલવા. છુટક અંકના દસ આના. લવાજમ અગાઉથી જ લેવામાં આવે છે.

લવાજમ વી. પી. કરતાં મનીઑર્ડરથી મોકલી વસુલ કરાવવું એ વધારે સુગમ અને ઓછું ખરચાળ છે.

પુરેપુરૂં નામ અને ચોક્કસ સરનામું નહિ મોકલ્યું હોય તો માસિક ગેરવલ્લે જવા બદલ અમે જવાબદાર નથી.

પત્રવ્યવહાર કરતી વખતે પોતાનો ગ્રાહક નંબર અચુક લખવો. તે સિવાય કોઈ પણ જાતની વ્યવસ્થા કરવાનું બની નહિ શકે.

માસિકમાં આવતી ઇનામી હરીફાઇમાં ભાગ લેવાનો હક માત્ર ગ્રાહકોને જ રહેશે; છુટક નકલ ખરીદનારાઓને કે ભેટ તરીકે અંક મેળવનારાઓને પણ નહિ.

લેખકોને

ઉગતી પ્રજાને માટે જેની પાસે કંઇક પણ સંદેશો, પ્રેરણા, ઉપયોગી થવાની ઇચ્છા કે માર્ગદર્શક હકીકતો હોય તે આ માસિક માટે ખસુસ લખે.

જેઓને માટે આ માસિક ચલાવવામાં આવે છે તેઓ —કુમારો અને કુમારીઓમાંથી જેઓ ઉછરતા લેખકો હશે તેમને અમે યોગ્યતા પ્રમાણે જરૂર સ્થાન આપીશું; કારણકે અમારી ઇચ્છા છે કે આ માસિક વાંચનારાઓનાં હૃદયનું પ્રતિબિમ્બ બને.

લેખમાંની હકીકતો વિષે લેખક જ બધી રીતે જવાબદાર રહેશે.


ભાષાન્તર કરેલા લેખો માટે બની શકે તો તેના મુળ કર્તાની પરવાનગી મેળવવી. અને જે ભાષાના ગ્રન્થ કે લેખ ઉપરથી ભાષાન્તર કર્યું હોય તેની સ્પષ્ટ માહીતી અચુક આપવી.

કેટલાક લેખો સ્થળસંકોચ કે બીજાં કારણોને લઇને કદાચ મોડા પણ છપાય. તેવે વખતે લેખકે ઉતાવળા થઇને તેનો તે લેખ બીજે ક્યાંય છપાવતાં પહેલાં અમને ખબર આપવા કૃપા કરવી.

લેખો ચોકખા અક્ષરે, કાગળની એક જ બાજુએ અને શાહીથી લખેલા હોવા જોઇએ.

નામ અને સરનામાની પુરી માહીતી તથા પોસ્ટેજ નહિ મોકલ્યું હોય તો ન સ્વીકારએલા લેખો પાછા મોકલવા અમે બંધાતા નથી.

જે અંકમાં લેખકનો લેખ છપાયો હશે તે અંકની એક નકલ લેખકને મળશે.



ગંગા
મન્દિર
ભાવનગર

ચિત્રકાર
રવિશંકર રાવળ



પ્રાર્થના

બાર પધારો રાજ,
  પ્રભુ, મારે બાર પધારો;

પ્રાણ વધાવે આજ,
  પ્રભુ, મારે બાર પધારો.

પુછ્યો પવન, વળી સુરજ પુછ્યો;
પુછ્યો પશુનો સમાજ :
  પ્રભુ, મારે બાર પધારો.

વનવન લખીઓ ને રણરણ લખીઓ;
લખીઓ સાગરને પાજ :
  પ્રભુ; મારે બાર પધારો.

બાળવદન જોયો, જોગીનયન જોયો;
જોયો અંતરને અવાજ :
  પ્રભુ, મારે બાર પધારો.

બાર પધારો રાજ, ..
  વિભુ, મારે બાર પધારો.

વિશ્વ વધાવે આજ,
  વિભુ, મારે બાર પધારો.



ગયે માસમાં પરીક્ષાઓ થઇ ગઇ; અને તમારામાંના ઘણા હવે તેનાં પરિણામો પર ભવિષ્યની યોજનાઓ બાંધી રહ્યા હશો. પરીક્ષા આપવી એ ઠીક છે કે નહિ તે બાબત હું હમણાં કંઇ ન કહું; પણ તમે પરીક્ષામાં પાસ થાઓ તો જ તમને આગળ માર્ગ મળશે, નહિતર તમારી સર્વ આશાઓ ફોક જશે· પરીક્ષા પાસ કરવાથી જ તમારી ખરી લાયકાત જણાય અને નહિતર તમારામાં કંઇ યોગ્યતા આવી જ નથી; એવું માનવાની તો હું ના પાડું છું. દુનીઆમાં કોઇ પારકો માણસ કે યુનીવર્સીટી સર્ટીફિકેટની છાપ તમને મારે ત્યારે જ તમે લાયક માણસ બન્યા એમ માની લેવામાં તો તમે આત્મશ્રદ્ધા ખોઇ બેસો છો. તમે શું જાણો છો અને શું કરી શકો છો તેનો ખરેખરો ખ્યાલ તમને જ હોઇ શકે; બીજા કોઇને નહિ. અને તે ઉપરથી તમારી ભાવી યોજના પણ તમે જ નક્કી આંકી શકો.

***

પરીક્ષાના સર્ટીફિકેટ ઉપર દુનીઆમાં જગ્યા શોધવા નીકળનારની કેવી કફોડી સ્થિતિ થાય છે તેનો તમે કદિ વિચાર કર્યો છે? સર્ટીફિકેટે મારેલી છાપ સિવાયનું બીજું કામ તો એનાથી બની જ ન શકે. કારકુન કે માસ્તર, વકીલ કે દાક્તર, પ્રોફેસર કે એન્જીનીઅર: બસ. જેવી જેની છાપ તેવો જ ધંધો શોધવાને તે દુનીઆમાં દોડધામ કરવાના, અને દુનીઆ આગળ પોતાનું સર્ટીફિકેટ ધરી ધરી એ આપે તે નોકરી સ્વીકારવાના. વળી સર્ટીફિકેટની છાપવાળાથી 'હલકા ધંધો' તો કેમ જ થાય? છાપખાનાના કામમાં તો શરીર ને કપડાં કાળાં થાય! સુતારી, લુહારી કે કડીઆ કામમાં તો મજુરી કરવી પડે! બીજા હુન્નરઉદ્યોગ કે કારીગરીમાં પડીએ તો દિવસભર પરસેવો ઉતારવો પડે અથવા હથીઆરનો કોથળો ખભે મારી ફેરી કરવી પડે! એ 'હલકાં કામ' કેમ થાય? કારકુની, માસ્તરી કે મહેતાગીરીની 'ખુરશી' ન મળે તો યુનીવર્સીટીના સર્ટીફિકેટને લાંછન ન લાગે!

***

તમને ખબર છે કે આપણા ઉદ્યોગધંધા, હુન્નરો ને કારીગરીઓ કેટલાં ઘસાતાં જાય છે? કેટલીક ઉત્તમ કારીગરીઓ અને ઉમદા હુન્નરો તો નાશ પણ પામ્યાં છે. બાકીનાંને જે વર્ગ અત્યારે ટકાવી રહ્યો છે તેનો આપણે આભાર માનવો ઘટે, અને તેમના ધંધા વિષે અભિમાન લેવું ઘટે. એ ટકાવી રાખનારા પણ અજ્ઞાન છે અને પેટના પોષણ પુરતા જ તે કરે છે. ઉલટા હવે તો એ કારીગરોના છોકરાઓ પણ કેળવણી લઇ કારકુની કરવા નીકળે છે. હું તો ઘણુંયે ઇચ્છું કે જીવનના નેમવાળો જુવાન સર્ટીફિકેટની છાપ પર દુનીઆ આગળ લાચારી કરી નોકરીની ભીખ ન માગતાં આવા સ્વતંત્ર ઉદ્યોગધંધાઓમાં પડી તેને અપનાવી લે. આપણી ખેતી, વણાટ ને રંગાટ કામ, સુતાર, લુહાર, કડીઆ, દરજી કે સોનીનું કામ, ધાતુ, લાકડાં ને પથ્થરમાં કોતરણી કરવાની કારીગીરીઓ, પરદેશથી લાખોની કીંમતે આવતા કાચ, સાબુ અને લોખંડી સમાન બનાવવાના હુન્નરો,—અરે, માટીનાં વાસણો બનાવવાનું, ઘરો રંગવાનું, છાપખાનાનાં બીબાં પાડવાનું, સંચા ચલાવવાનું કે સંચા રીપેર કરવાનું વગેરે સંખ્યાબંધ કારીગીરીઓ, હુન્નરો ને હાથધંધાઓમાં આપણા ઉત્સાહી કેળવાએલા જુવાનો પડે, અને પોતાની કેળવણીના સંસ્કારો વડે એ ઘસાતા ધંધાઓમાં નવા પ્રાણ ફુંકી તેમને સજીવ કરે, સુધારે, ખીલવે અને નવી શોધો કરે.

***

'તમે મોટા થઇને શું કરશો?' ઘણા છોકરાઓને આ સવાલ વારંવાર મોટેરાઓ તરફથી પુછવામાં આવે છે. અને ખરેખર, એકાએક તો આ સવાલ બહુ ગુંચવણભરેલો લાગે છે. ઘણાંયે માબાપો ચિંતા કરે છે કે છોકરાને મોટો કરીને શા ધંધે લગાડવો. મોટેરાઓ તો આવી ચિંતા કરે જ; પણ જુવાનમાં તો શ્રદ્ધા અને હિંમત બન્ને હોય છે. એક વાર તે નિશ્ચય કરે કે મારે ફલાણું થવું છે, એટલે ફતેહની ચાવી તેના હાથમાં આવી જ ગઇ સમજો. ફક્ત નિશ્ચય કરવાનો જ બાકી હોય છે. એ નિશ્ચય બહુ વહેલો ઘડાવો જોઇએ. વહેલા કે મોડા તમારામાંના દરેકે જાણે દુનીઆમાં કંઇ પણ બનીને ઉભા તો રહેવાનું જ છે. તો શું બનવું છે તેનો વિચાર જેટલો વહેલો થશે તેટલો તમારો માર્ગ સરળ બનશે. તમારે ભવિષ્યમાં કયો ધંધો લેવો તેનો વિચાર 'મૅટ્રિક' પાસ થઇને જ કરાય એવું કંઇ નથી. તમે તેથી નીચેના ધોરણમાં હો તોપણ તમને દુનીઆમાં નજર કરવાનો હક છે. તમે દુનીઆમાં કઇ જગ્યા મેળવવા માગો છો તેનો વિચાર અત્યારથી જ કરવા માંડો. તમારૂં વિદ્યાર્થીજીવન પુરૂં થાય તે પહેલાં જ તમે કોઇ ધંધા પર પ્રેમ લગાડી શકો તો જાણો કે તમે ભાગ્યશાળી છો. એ ધંધો ભલે ગમે તેવો સાદો હોય; છતાં તેમાં

પુર ઉત્સાહથી ઝુકાવશો તો બીજાઓ ન ધારી શકે એવી ફતેહ તમે પામશો.

નોકરી મેળવવાના લોભે જ પરીક્ષાઓનો મોહ થાય છે. પણ નોકરીની ઇચ્છા શાથી થાય છે તે જાણો છો? શરીર કસીને પરસેવો ઉતારવાની દાનત નથી હોતી; ખોટી ખાનદાનીના આડંબરમાં સાદાં કામ કરવાની શરમ હોય છે; કોઇ પણ જાતનો અખતરો કરવાની હિંમત હોતી નથી; થોડામાં થોડી આવક ઉપર સ્વતંત્ર રીતે નભવાની તૈયારી હોતી નથી; એવા જ માણસો નોકરી ઉપર નજર રાખી ભણતા હોય છે.

તમારૂં કાંડુ પકડીને કોઇ તમને ગમે તે ઑફિસમાં કે ધંધા પર બેસાડી દે તે પહેલાં હજાર વાર વિચાર કરજો. તમે કોઇ પણ જાતનું (પછી ભલે તે 'હલકું' મનાતું હોય) કામ કરવા તૈયાર હો, ગમે તે વખતે બાંય ચડાવી તમારા હાથ અને ભેજું ચલાવવા તત્પર હો તો ખાતરીથી માનજો કે તમે કદિ ભુખે નહિ મરો. પેલું વાક્ય ફરીથી સંભારી રાખો કે 'દુનીઆને કોઇ પણ રીતે ઉપયોગી કેમ થવાય એટલું તમે વિચારજો; અને દુનીઆ તમને જરૂર રોટલો આપી રહેશે.'

તમને લાગે કે તમારો મનગમતો ધંધો કે કામ હજુ તમને મળ્યું નથી તો ત્યાં સુધી પ્રયોગો કરતાં અચકાતા નહિ. એક બે ધંધા બદલ્યા પછી ઘણે-ભાગે તમને માફક આવતું કામ જરૂર મળી જશે. બીજાઓને ઝપાટાબંધ નોકરીએ લાગી જઈ પડતા જોઇ તમારા ધંધાની પસંદગી કરવામાં હરગીઝ ઉતાવળા ન થતા. ઘણીયે વાર એવું બને છે કે પહેલાં કામે લાગેલા માણસ કરતાં પાછળથી ધંધે ચડનાર આગળ જતો માલુમ પડે છે. માટે શરૂઆતમાં તમને થોડી આવકે મનમાનતું કામ કે ધંધો મળતાં હોય તો તે જ સ્વીકારી લો; અને થોડા જ વખતમાં તમે તેમાં આબાદી અનુભવશો.

તમારી પરીક્ષાઓનાં પરિણામ બહાર પડતાં સુધી નીશાળો બંધ રહેશે. તેટલા નવરાશના વખતનું શું કરવું તેનો તમે વિચાર કર્યો છે ખરો? જીંદગીની ફતેહ માત્ર શાળાના અભ્યાસ પર જ નથી આધાર રાખતી. શાળાનાં વાંચન ઉપરાંત જે વિદ્યાર્થી પોતાની ફુરસદનો વખત શોખના હાથધંધાઓ, હુન્નરો કે મનગમતા વાંચન ને અભ્યાસ પાછળ ગાળે છે તે જ જીંદગીમાં કંઇ ચમત્કાર બતાવી શકે છે.

કુલી કે મજુરનો, ઝાડુ દેનારનો, ફેરીઆનો, પાલીસ કરનારનો, બત્તીઓ કરનારનો, ઇજનેરનો, ઈંટ પાડનારનો કે મીઠુંમરચું વેચવાનો—એકેએક ધંધો માનભર્યો છે. આવા કેટલાયે કારીગરો, કાને કલમ ખોસનારા કારકુનો કરતાં વધુ કમાય છે. પણ વધુ ઓછા પૈસા કમાવાનો અહીં સવાલ નથી. સંસારમાં મોટામાં મોટી યુનીવર્સીટી ધોલધપાટની અને ઠોંસાઠોકરની જ છે. એથી ન હારતાં એમાંથી ઉંચે માથે પાર ઉતરવાની તમારી લાયકાત છે એ બતાવી આપો

—રામાનંદ ચેટરજી

ઘણા વિદ્યાર્થીઓ પરીક્ષા પુરી થયે પુસ્તકો અભરાઇએ ઉંચાં ચડાવી મળેલો બધો વખત ઉંઘવામાં, ગપ્પાં કે સોગઠાં ટીચવામાં કે ગામગપાટા હાંકવામાં ગાળે છે. આવાઓને માટે આપણે તો શરમાવું પડે. બીજા દેશોને મુકાબલે આપણો દેશ કળા, જ્ઞાન ને ઉદ્યોગમાં કેટલો પાછળ છે તેનો ખ્યાલ જેઓ લાવી શકે છે તેમને આવા વિદ્યાર્થીઓ જોઇ હાય મારવી પડે છે. હું તો જરૂર આશા રાખું છું કે 'કુમાર'નો દરેકેદરેક વાંચનાર આવો બેદરકાર અને બીનજવાબદાર ન રહે.

જાપાન, જર્મની કે અમેરિકાનાં વિદ્યાર્થી ફુરસદની રજાઓ કેટલાં ઉપયોગી કામો અને અભ્યાસ પાછળ ગાળે છે અને તેમાંથી પોતાની જાતને અને દેશને માટે કેવું લાભદાયી પરિણામ લાવી શકે છે એ તમને ખબર છે? તમે પુછશો કે તેઓ શું કરે છે? અને અમે શું કરીએ?

તેઓ શાળાના અભ્યાસ ઉપરાંત જાહેર પુસ્તકાલયો અને બીજે જ્યાંથી મળે ત્યાંથી બની શકે તેટલા ઉત્તમ ગ્રંથો વાંચી જાય છે.

જેને કોઇ ખાસ કળાનો શોખ હોય તે તેના કુશળ પુરુષ પાસે જઇ સેવક બની ભણવાની ઉમેદવારી કરે છે.

તેઓ જગતના વિવિધ જ્ઞાન માટે સંગ્રહસ્થાનો, બાગબગીચા અને જંગલોમાં ભટકે છે અને બારીક અવલોકનો કરી વનસ્પતિ, પ્રાણીઓ અને તેમનાં સ્વભાવો તથા લક્ષણોની ઉપયોગી માહીતી મેળવે છે. આવી માહીતીઓ પરથી તો મોટી નવી શોધો નીકળી આવે છે.

પોતાને મનપસંદ હાથધંધાઓ અને કારીગરીઓ ઘેર બેઠાં અજમાવે છે, પ્રયોગો કરે છે, અને જરૂર પડ્યે બીજે જઇ તે વિષેની માહીતી મેળવી આવે છે.

તેઓ નગરની સેવામંડળીઓમાં પુષ્કળ ભાગ લે છે. લોકોના મેળાઓમાં, જલસાઓમાં, આગ કે તોફાન વખતે ખુશીથી સેવા બજાવવા તેઓ તત્પર રહે છે,

તેઓ મંડળીઓ બાંધી રજાઓમાં નાના પ્રવાસો કરે છે અને જગતના સાચા પાઠો ભણે છે.

આવી રજાઓમાં તેમના જીવનની યોજનાઓની તૈયારીઓ તેઓ કરતા જાય છે; અને વિદ્યાર્થી અવસ્થા પુરી થતાં બહાદુરીથી સ્વતંત્ર શહેરી તરીકે જગ્યા મેળવે છે.

વળી, આવી રજાઓમાં વિદ્યાર્થીઆલમની મોટી પરિષદો ભરાય છે. તેમાં વિદ્યાર્થીઓનાં દૂષણો ઉપર ટીકા થાય છે, પરસ્પર સહાયક મંડળો બંધાય છે, બહાદુરી કે વિદ્વત્તા માટે યોગ્ય વિદ્યાર્થીઓની કદર થાય છે, શાળાઓ કે બીજા સ્થળે વિદ્યાર્થીઓને થતા અન્યાયો કે જુલમો સામે ફરીઆદો થાય છે, અને તેની વિરુદ્ધ આણગમો બતાવી તે સામે ન્યાય મેળવવા પગલાં લેવાય છે.

પ્રસાદ

अन्यच्छ्रेयोऽन्यदुतैव प्रेयस्ते
उभे नानार्थे पुरुषं सिनीतः ॥
तयोः श्रेय आददानस्य साधु भवति
हीयतेऽर्थाद्य उ प्रेयो वृणीते ॥

—कठोपनिषत्

શ્રેય એટલે હિતકર વસ્તુ જુદી હોય છે, અને પ્રેય એટલે પ્રિયકર વસ્તુ જુદી હોય છે. બન્ને માણસને ભિન્નભિન્ન પરિણામ તરફ ખેંચી જાય છે. આ બેમાંથી જે માણસ શ્રેય પસંદ કરે છે તેનું કલ્યાણ થાય છે, અને જે પ્રેયને પસંદ કરે છે તે પોતાનું કલ્યાણ ખોઇ બેસે છે.

હવે તમે ?

ઉપર જણાવેલા માર્ગોમાંથી બને તેટલું કરો; ઉપરાંત—

તમે સ્વભાષાનાં બની શકે તેટલાં પુસ્તકો વાંચી જાઓ;

કોઇ ગામડામાં જઇ ત્યાંના લોકો સાથે હળોમળો, તેમની સ્થિતિ જાણો.

જે ગામમાં રહેતા હો તેની દરેક પ્રવૃત્તિનો અભ્યાસ કરો. તમારા ગામના ખરા જાણકાર બનો, ગામ વિષે પ્રેમ રાખો, તેના ભક્ત બનો, તેના વિકાસની હીલચાલમાં ભાગ લો અને જાહેર મત કેળવો.

ઘરમાં રહી ઘરના દરેક કામમાં તમારી કુશળતા કેળવો. ખરીદીમાં, હીસાબમાં, ઘરની ગોઠવણમાં કે બીજાં કામોમાં બને તેટલી ચતુરાઇ મેળવો. ઘરને સાફસુફ રાખવામાં મહેનત કરતાં શરમ કે આળસ ન રાખો.

તમારાં સગાંવહાલાંઓને ઘેર જાઓઆવો, તેમનાં સુખદુઃખમાં ભાગ લેતા થાઓ, તેમના પ્રત્યે મમતા રાખી બને તેટલી મદદ કરો. એથી તમારૂં હૃદય ઉન્નત અને વિશાળ બનશે.

દરેક જાતની કારીગીરીની કદર કરતાં શીખો. લુહાર, સુતાર કે બીજા ગમે તે કારીગરના ઘર આગળ પ્રસંગોપાત બેસી તેમનું કામ જુઓ, અને તમે જાણશો કે તેમનાં બેન્નં પણ ભણેલા માણસો કરતાં જરાયે ઉતરતાં નથી. તેમની પાસેથી બને તેટલું શીખી લો.

આ અને આના જેવું બીજું જે કંઇ તમને ઉન્નત કરે, વિચારશીલ બનાવે, તમારા અનુભવમાં, જ્ઞાનમાં વધારો કરે અને ખરા મનુષ્યત્વને રસ્તે તમારો વિકાસ કરે તેવું બધું જ.

એક ખુલાસો

'કુમાર' ના માહ માસના અંકમાં ૭૨મે પાને 'કઠલાલની ડોશી' વિષે લખાએલી વાતમાં એમ જણાવ્યું છે કે 'એ ડોશીનું કાર્ય સંપ્રદાયમાં જેટલું જાણીતું છે તેટલું જ તેનું નામ અજાણ્યું રહ્યું છે.'

એ સંબંધમાં ભાઈ માધવલાલ દલસુખરામ કોઠારી લખી જણાવે છે કે 'કઠલાલની ડોશીનું નામ જેણે સંપ્રદાયનાં શાસ્ત્રો વાંચ્યાં હશે તેનાથી અજાણ્યું નથી. 'સત્સંગિ ભૂષણ'ના બીજા અધ્યાયમાં એ ડોશીનું નામ રામકુમારી સ્પષ્ટ જણાવેલું છે. તેઓ બ્રાહ્મણ જ્ઞાતિનાં હતાં, તથા તેમણે શ્રી સ્વામિનારાયણની પ્રાર્થના કરેલી તે વગેરે વિસ્તારથી એ પુસ્તકમાં આપેલું છે.'



રણજીતરામ

આ પુનમે ગુજરાતી સાહિત્ય પરિષદની સાતમી બેઠક ભાવનગરમાં મળી.

માણસના હૃદયની ભાવનાઓ, ઉંડી લાગણીઓ તથા સૃષ્ટિની વિવિધ બાજુઓનું જ્ઞાન બુદ્ધિની મદદ વડે કવિતા કે ગીત, વાર્તા કે નવલકથા અને નિબંધ અથવા ગદ્ય રૂપે વાણીમાં કે લખાણમાં ઉતરે એનું નામ સાહિત્ય. અને આવું સાહિત્ય સરજનારા કવિઓ, સાક્ષરો, નવલકથાકારો કે બીજા લેખકો વખતોવખત ભેગા મળે તેનું નામ સાહિત્ય પરિષદ.

બીજા દેશોમાં અને હિંન્દુસ્તાનના બંગાળા, મહારાષ્ટ્ર વગેરે પ્રાન્તોમાં પણ આવી સાહિત્ય પરિષદો કે સાહિત્ય સંમેલનો ઘણાં વર્ષોથી ભરાતાં આવે છે. તેને લીધે દેશના વિદ્વાનો અને સાક્ષરો આનંદથી હળેમળે છે; તેમના વિચારોની આપલે થાય છે; એકબીજાના વિચારો વધારે પરિપક્વ બને છે; જુની શંકાઓનાં સમાધાન અને નવી શોધો થાય છે; અને સહુ એ ચાર દિવસના મેળાપમાં તો અવનવી પ્રેરણા અને ઉત્સાહ પામી વધુ સંગીન અને નવાં કામો કરવા છુટા પડે છે. આમ સાહિત્યનો અનેક દિશામાં વિકાસ થતો જાય છે; પ્રજાના ઉચ્ચ વિચારકો, કવિઓ અને વિદ્વાનોની ભાવનાઓ અને વિચારબળથી તે બંધાતું જઇ તેમાં પ્રાણ પ્રગટે છે, અને એ પ્રાણવાન સાહિત્ય પી પીને દેશની પ્રજા પણ પ્રાણવાન બની જાય છે.

આપણી ગુજરાતી ભાષાની આવી સાહિત્ય પરિષદ પહેલવહેલી ઇ. સ. ૧૯૦૫ ની સાલમાં ભરાઇ હતી. તે દિવસથી આજ સુધીમાં તેની સાત બેઠક થઇ છે.

મોડી મોડી પણ આપણે ત્યાં એ હીલચાલ શરૂ કરી સાહિત્ય પરિષદ સ્થાપવાનું માન સ્વ. રણજીતરામ વાવાભાઇ મહેતાને છે. એમણે જોઇ લીધું કે ગુજરાતનું સંગઠન કરવું હોય, ગુજરાતની એકતા કરવી હોય, ગુજરાતને એક પ્રાન્ત તરીકે અને ગુજરાતીઓને એક જાતિ તરીકે છાતી કાઢીને બીજા પ્રાન્તોની જોડે ઉભા રહેવું હોય, તો તેના સાહિત્યનો વિકાસ થવો જોઇએ; તેમાં પ્રેરણા અને ચેતન લાવવાં જોઇએ; તેમાં પ્રાણ પ્રકટાવી તેને સમૃદ્ધ કરવું જોઇએ.

રણજીતરામ કહેતા કે સાહિત્ય એ પ્રજાની સંસ્કૃતિ દેખાડનારૂં દર્પણ છે. એ ખાતરીથી માનતા કે કોઇ પણ પ્રજાએ જાગ્રત થવું હોય તો તેને પોતાનું સાહિત્ય અને પોતાનો ઇતિહાસ જ્વલંત અને તેજસ્વી હોવાં જોઇએ. એ બે વસ્તુઓમાંથી પ્રેરણા મેળવીને જ પ્રજા ઉભી થાય છે અને પોતાનો બીજો અંગ ખાલવે છે. આ બે વસ્તુઓ—ગુજરાતી સાહિત્ય અને ગુજરાતનો ઇતિહાસ—ને માટે તેમણે જીંદગી આખી અવિરત શ્રમ ખેડયો.

ગુજરાતી સાહિત્યની ખીલવણી માટે તેમણે પ્રથમ સાહિત્ય સભા સ્થાપી સાક્ષર જયન્તિઓ ઉજવવી શરૂ કરી, અને ત્યાર પછી સાહિત્ય પરિષદ સ્થાપી. ઇતિહાસને માટે તેનાં બની શકયાં તેટલાં સાધનો ચારેમેરથી મહામહેનતે એકઠાં કર્યાં. આ બધાંમાંથી ગુજરાતનો એક મોટો પ્રમાણભૂત, સુંદર ઇતિહાસ લખવાનો તેમનો ઇરાદો હતો. અચાનક એમનું અવસાન થવાથી ઇતિહાસ તો ન લખાયો; પણ એમની સ્થાપેલી સાહિત્ય પરિષદ અને બીજી સંસ્થાઓ સ્થાયી કામ કરતી થઇ ગઇ.

'મારો ગુજરાત' અને 'હું ગુજરાતી' એ રણકાર એમની રગે રગે હતો; અને ગુજરાત ને

ગુજરાતીઓ માટે ગમે તે ઘડીએ ગમે તે કરવા તે તત્પર હતા. બંગાળ, મહારાષ્ટ્ર, ઉત્તર હિન્દ કે આન્ધ્ર દેશની સાહિત્ય, કલા કે વિજ્ઞાન સંબંધી, અથવા સામાજિક, રાજકીય કે ઔદ્યોગિક પ્રગતિ અને વિકાસ જોઇ તેમનું હૈયું સદા ઉછળી રહેતું, અને ગુજરાત તથા ગુજરાતીઓ પણ એવી જ પ્રગતિ ને વિકાસ કરી પોતાનું વ્યક્તિત્વ જમાવે એ એમના જીવનની અભિલાષા હતી.

બાળપણથી જ તેમના અંતરમાં આ વિચારોના અંકુરો ફુટેલા; અને તેને તેમણે બહુ કાળજી અને મમતાથી પોષ્યા. શાળાના અભ્યાસ વખતે કે મિત્રોની મંડળીઓમાં તેમનું આ એક જ ધ્યેય રહેતું. એ ધ્યેયને પોષવા તેમણે નાની મોટી અનેક મંડળીઓ ઉભી કરી, તે મારફત કામ કરવાની યોજનાઓ ઘડી. પોતાના મિત્રોમાં બને તેટલાં એ વિચારોનાં બીજ રોપ્યાં અને ઉત્સાહથી તેમની જોડે કામ કર્યું. દરમ્યાન શાળાના અભ્યાસ ઉપરાંત તેમણે પોતાના આ ધ્યેયમાં સહાયકર્તા થઇ પડે તેવું ખુબ વાંચ્યું, વિચાર્યું અને બને તેટલાં સાધનો એકઠાં કર્યા. ગુજરાતનું સંગઠન, ગુજરાતની એકતા, એ એક જ ધ્વનિ સદાકાળ એમના અંતરમાં ગુંજ્યા કરતો; એને જ એમણે પોતાનું જીવનકાર્ય માન્યું.

અને એ ધ્યેય—એ જીવનકાર્યની સિદ્ધિને અર્થે મોટપણે પણ એમણે તનતોડ મહેનત કરી. એની આડે આવનાર વસ્તુઓનાં તેમણે બલિદાન પણ આપ્યાં. પોતે પોતાનું એ કાર્ય સરળતાથી કરી શકે, તેમાં

દેશના પુત્રોના ઝણઝણાટ પ્રેરતા વિચારોથી સાહિત્ય જ્યારે જ્વલંત હોય છે ત્યારે દેશમાં પણ ચેતન આવે છે. ગુજરાત માટે—પ્રત્યેક ગુજરાતી વસ્તુ, પ્રસંગ, પુરુષ માટે જ્યાં લગી અભિમાન, મમત્વ, ઉત્સાહ, માન નહિ જાગે ત્યાં લગી ગુજરાતની એકતા નથી. ગુજરાતના ભાગ્યમાં ત્યારે જ આપણને 'ગૌરવાન્વિત અને પૌરુષયુક્ત' શ્રદ્ધા થશે; ત્યારે જ નમ્રભાવનો ત્યાગ કરી, છાતી ઠોકી આપણે કહી શકીશું કે 'અમે ગુજરાતીઓ છીએ'; ત્યારે જ ગુજરાતીઓની બુદ્ધિ પુનર્જન્મ પામશે અને ફલવતી થશે.

—રણજીતરામ

જરૂર પડતાં સાધનો મેળવી શકે, કે અવારનવાર મિત્રોને અને લાગતાવળગતાઓને મળી શકે, એટલા માટે સારી સારી નોકરીઓ અને જગ્યાઓનો અનાદર કરી સાદી પણ સગવડવાળી નોકરીઓ જ સ્વીકારી; અને તેમાંથી પણ જરૂર પડ્યે લાંબી રજાઓ લઇ અથાગ કામ કર્યું.

ગુજરાતના એકેએક સાક્ષર, વિદ્વાન કે સાહિત્યકાર; લેખક, કવિ કે ચિત્રકાર, સમાજસેવક, વેપારી કે પત્રકાર,—જેના જેનામાં તેમને ગુજરાતના વ્યક્તિત્વની લેશમાત્ર પણ પ્રતિભા લાગેલી, ગુજરાતી તરીકેના યોગ્ય અભિમાનની ચીનગારી જણાએલી તેમાંની એવી એક પણ વ્યક્તિ નહિ હોય કે જેને રણજીતરામ નહિ મળ્યા હોય. તેની સાથે વાતચીત કરી તેના કામને અનુમોદન આપી, પીઠ થાબડી કંઇ કંઇ પ્રેરણા આપી અને લીધી હશે.

રણજીતરામ મહાન કવિ કે પ્રતિભાશાળી લેખક નહોતા; પણ અનેક કવિઓના પ્રેરક ને લેખકોના ઉત્તેજક હતા. એમનું જ્ઞાન એટલું બહોળું, વાંચન એટલું વિશાળ અને મનન એટલું ઉંડું હતું કે એમના જેવા બહુશ્રુત વિદ્વાન બીજો ભાગ્યે જ મળે. પણ એ બધા કરતાંયે ગુજરાત અને ગુજરાતી વિષેની એમની ધગશ એટલી ઉંડી હતી અને શ્રદ્ધા એટલી જ્વલંત હતી કે જેને જેને તે મળતા તે દરેકને એ એક જ મધ્યબિન્દુ તરફ ખેંચતા, અને તેમનું જીવન તથા કૃતિઓ ગુજરાતને માટે જ છે એ ભાવ પ્રેરતા. અનેક કવિઓને એમણે પ્રેરણા પાઇ છે; અનેક

લેખકોને લખતા કર્યા છે, અનેક વ્યક્તિઓનાં હૃદયમાં ઢંકાઇ રહેલી પ્રતિભાની ચીનગારીને ફુંક મારી સતેજ કરી છે. એ જે હતા તે કોઇ નહોતું, અને એમનું સ્થાન હજીયે ખાલી છે.

શું ગુજરાત સાહિત્ય સભા કે સાહિત્ય પરિષદ, શું ગુજરાત કેળવણીમંડળ કે રાજકીય પરિષદ, ખેતીવાડી ને ઉદ્યોગ પ્રદર્શન, કલાપ્રદર્શન કે વિદ્યાર્થી પરિષદ— એ સૌ સંસ્થાઓની પાછળ રણજીતરામનો પરિશ્રમ, રણજીતરામનું શ્રદ્ધાબળ ને રણજીતરામનું વ્યક્તિત્વ હોય. અત્યારે ફુલીફાલી રહેલાં દક્ષિણામૂર્તિ વિદ્યાર્થી-ભવન અને સુરત પાટીદાર આશ્રમની પાછળ પણ રણજીતરામનું થોડુંઘણું પ્રેરણાબળ ખરૂં જ.

એ કહેતા કે આપણે ત્યાં કરવાનાં કામોનો એટલો ઢગલો પડ્યો છે કે માણસે કીર્તિની લાલસા છોડી પડદા પાછળ મુંગે મોઢે ને નીચી મુંડીએ બાંહ્ય ચઢાવી કામ કરવા મંડી પડવું જોઇએ. અને એમણે જાતે તો એમ કરી પણ બતાવ્યું. એમના જેટલું કામ કરનાર ભાગ્યે જ મળે. એમણે રાત નથી જોઈ, દહાડો નથી જોયો. લેશમાત્ર થાક્યા કે કંટાળ્યા વિના પહેરણની બાંહ્યો ચડાવી ઉઘાડે માથે રણજીતરામે જે અથાગ પરિશ્રમ ખેડ્યો છે તે બધો પડદા પાછળ રહીને જ. લાગતાવળગતાઓ સિવાયનું બાકીનું ગુજરાત તો એમને એમના મૃત્યુ પછી ઓળખતું થયું. આવા સેવાપરાયણ વીરને જોઇને કોને પ્રેરણાનાં પુર ન ચડે?

સાધારણ કાઠીનું પાતળું પણ ટટાર શરીર, વિશાળ કપાળ નીચે વિદ્વત્તાના તેજથી ચમકતી પણ સૌમ્ય આંખો, ધીમી ચાલ અને તેથીયે ધીમી વાણીવાળા એ રણજીતરામ ગયા; પણ એમણે પુરેલી પ્રેરણા ને પ્રગટાવેલો ઉત્સાહ, એમણે ઘડેલા આદર્શો અને તે સાધવા ઉભી કરેલી સંસ્થાઓ એ સહુ એમના ઉજળા કીર્તિ-કળશ જેવાં તેમનું સ્મરણ આપતાં મોજુદ છે; અને આધુનિક ગુજરાતના ઇતિહાસમાં તેમનું નામ ગાજતાં સદા ચિરંજીવ રહેશે.

નાનપણથી જ એમની મિત્રતાનો લ્હાવો પામેલા શ્રી હરિપ્રસાદ પીતામ્બરદાસ મહેતાએ લખેલાં રણજીતરામના જીવનનાં સ્મરણો આ નીચે આપ્યાં છે.

રણજીતરામનાં સ્મરણો

ઇ. સ. ૧૮૯૬-૯૭ની સાલમાં અમદાવાદની હાઇસ્કુલના છઠ્ઠા ધોરણના વિદ્યાર્થીઓનું 'યંગ મૅન્સ એસોસીએશન' નામનું નાનું મંડળ હતું. આ મંડળની અઠવાડિક સભાઓમાં વિદ્યાર્થીઓ પોતાની શક્તિ અનુસાર ચર્ચાઓ કરતા. આવી એક સભામાં એક દિવસ, ભદ્રના દક્ષિણી વિદ્યાર્થીઓ સાથે એક નવીન વ્યક્તિ આવી. માથા ઉપર લીલી મખમલની ગોળ ટોપી, ધોળા લાંબા કોટથી ઢંકાએલું પાતળું ઉંચું શરીર, એવો સ્વાંગ છતાં સર્વથા જુદી જ પડતી પ્રતિભાવાળા એ છોકરાએ મારા ઉપર પ્રથમ પરિચય-માં જ એવી દૃઢ છાપ પાડી કે તે ચિરસ્મરણીય નીવડી. એનું નામ રણજીતરામ. આખી સભાને એની ચર્ચાશક્તિ અને પ્રતિભા કંઇક ઓર જ લાગ્યાં. રણજીતરામ એ સભામાં ફરી બહુ આવ્યા સાંભરતા નથી. એ વખતે તે મિશન હાઇસ્કુલમાં અભ્યાસ કરતા.

ત્યાર પછી જુદાઇનાં ત્રણચાર વર્ષ વીતી ગયાં. ઇ. સ. ૧૯૦૧માં ગુજરાત કૉલેજના પહેલા વર્ષમાં અમારૂં જુનું ઓળખાણ તાજું થવાનો એક પ્રસંગ બન્યો. 'ધી સોશીઅલ ઍન્ડ લિટરરી' સભાના સભાસદ થવાની એક મિત્રે મને સુચના કરી. રણજીતરામ એ વખતે એ સભાના સહાયક મંત્રી હતા. આગલો થોડો પરિચય ત્યારથી સંધાઇને અમારી મૈત્રી જામી, અને તે એમના જીવન સુધી ટકી.

અમારો પરિચય તો વધતો જતો હતો. ૧૯૦૩ની શરૂઆતમાં 'ધી સોશીઅલ ઍન્ડ લિટરરી' સભા 'ગુજરાત સાહિત્ય સભા'ના રૂપમાં ફેરવાઈ ગઇ. રણજીતરામ એ વખતે તેના મુખ્ય મંત્રી હતા. ગુજરાતના કવિઓ અને લેખકોની જન્મ અથવા અવસાન તિથિએ તેમના જીવન સંબંધે તથા કૃતિઓ વિષે ચર્ચા થાય એવા હેતુથી 'ગુર્જર સાક્ષર જયન્તિઓ'-ની યોજના રણજીતરામે ઘડી, અને 'ગુજરાત સાહિત્ય સભા' મારફત એવી જયન્તિઓ ઉજવવી શરૂ કરી.

૧૯૦૨ થી ૧૯૦૪ એ રણજીતરામ અને મારા પ્રથમ સમાગમનાં વર્ષો. એક સભાના સભાસદના

સામાન્ય ઓળખાણમાંથી વધીને અમારાં જીવન આ અરસામાં ઓતપ્રોત ગુંથાયાં. હમેશાં સાંજે અમે મળતા અને ભદ્રના નદી પાસેના એમના મકાનને ત્રીજે માળે છજામાં મોડી રાત સુધી સાહિત્યની, ઇતિહાસની, સંસારની, દેશની વાતો કરતા તથા વાંચેલું વિચારતા.

રણજીતરામ ઘણી વસ્તુઓમાં મારા ગુરુ હતા. વર્તમાનપત્રોના વાતાવરણમાં જ ઉછરેલું મારૂં જીવન એમની સાથેના આ સહવાસમાં સાહિત્ય અને ઇતિહાસના વિવિધ રંગોથી રંગાયું. ગુજરાતના જુના કવિઓની થોડી કવિતાઓ અંગ્રેજી નીશાળના અભ્યાસમાં મેં જોએલી. તેમાં રસ પડતાં વધારે વાંચેલી; પણ નવી કવિતાનું તો, હું એમના સમાગમમાં આવ્યો ત્યાં સુધી મને ભાન જ નહોતું. રણજીતરામની નાની નોંધપોથીમાં ઉતારેલાં શ્રી મણિશંકર રત્નજી ભટ્ટ—'કાન્ત'—નાં કાવ્યો હું વાંચતો અને એમની પાસે સમજવા યત્ન કરતો. પછી તો મેં ઘણી નવી કવિતા વાંચી. પણ નવી કવિતા તરફ મને પ્રેરનાર એ.



વિદ્યાર્થી રણજીતરામ

શરૂઆતમાં રણજીતરામનું લક્ષ કવિતા તરફ ઘણું હતું. કવિતા રચવાનો પણ એમણે પ્રયત્ન કરેલો. નવી કવિતા એ ઘણી ત્વરાથી પુરેપુરી સમજી શકતા અને તેની ચર્ચા પણ કરતા. કાવ્યચર્ચા પછી એમણે નાની મોટી વાર્તાઓ લખવી શરૂ કરી, તે પણ આ સમયે જ. 'સાહિત્ય'માં, 'જ્યોતિ'માં, 'સુંદરીસુબોધ'માં એમણે નાની વાર્તાઓ લખેલી. કવિતા અને વાર્તા પછી ઇતિહાસનું વાંચન, અભ્યાસ, મનન અને આગળ સંશોધન, એ શરૂ થયું. હિન્દ તથા ગુજરાતના ઇતિહાસનો એમણે બહુ ઝીણવટથી અભ્યાસ કર્યો.

ઇ. સ. ૧૯૦૩ની આખરમાં બી. એ. પાસ થઇને ૧૯૦૪માં રણજીતરામ ગુજરાત કૉલેજમાં 'દક્ષિણા ફેલો' નીમાયા. એ વર્ષમાં એમણે પોતાનો અભ્યાસ ઘણો વધાર્યો અને સાહિત્ય પરિષદની યોજનાઓ ઘડી. ૧૯૦૫માં તે ઉમરેઠની હાઇસ્કુલના હેડમાસ્તર નીમાયા. એ જ વર્ષના એપ્રિલ મહીનામાં પહેલી સાહિત્ય પરિષદ અમદાવાદમાં મળી.

કોઇ પિતાને પોતાના એકના એક લાડકવાયા પુત્રના લગ્ન પ્રસંગે જેટલો હર્ષ અને ઉત્સાહ હોય તેટલો આ પહેલી પરિષદ વખતે રણજીતરામને હતો. સુરતી લાલ પાઘડી, લાંબો ચાઇના સિલ્કનો કોટ, કસબી દુપટ્ટો, ઝીણું ધોતીઉં, મોજાં ને બુટમાં સજ થએલા રણજીતરામને ત્યાં આજે ખરો વિવાહ હતો. ગુજરાતના નવા યુગના દ્રષ્ટા ગોવર્ધનરામના પ્રમુખપણા નીચે એ પરિષદ મળી હતી. તેમાં બધા વિદ્વાનો એ પોતાની પ્રસાદીનું નૈવેદ્ય ધર્યું હતું. રણજીતરામે 'લોકગીત'નો થાળ પરિષદ આગળ રજુ કર્યો હતો.

છેક નાનપણથી રણજીતરામને લોકગીતોપર અગાધ પ્રેમ હતો. નાનપણમાં એમને રમતો નહોતી આવડતી. એમનું એકવડા બાંધાનું માંદલું શરીર રમતોને અનુકૂળ પણ નહોતું. એટલે કિશોર વયમાંથી જ એમનું મન રમતો કરતાં ગંભીર બાબતો તરફ વધારે ખેંચાતું. માગણ વેરાગીના અને ભરથરીઓનાં ભજનો સાંભળવાં, દુહા ને રાસડા સાંભળવા, તેમાંથી ઉતારા કરવા, મજુરો, ડોશીઓ તથા કોસ હાંકનારાઓનાં અને સ્ત્રીઓનાં લગ્નનાં તથા બીજા પ્રસંગોનાં ગીતો સાંભળી ભેગાં કરવાં એ એમનો વિનોદ હતો; અને ફુરસદનો સમય તે એમાં જ ગાળતા. મોટપણે તેમાં ગંભીર ભાવ ઉમેરાયો. તેમણે એ બધાંનો ઉંડો અભ્યાસ કરી તેના પર એક સુંદર નિબંધ લખ્યો. એમનાં એ લોકગીતોનો સંગ્રહ એમના નિબંધ સાથે હમણાં પ્રસિદ્ધ થયો છે તે વાંચી જવા જેવો છે.*

*એ સિવાય 'રણજીત કૃતિ સંગ્રહ' અને 'રણજીતરામના નિબંધો' એ નામનાં બે પુસ્તકો રૂપે પણ એમનાં લેખોનો સંગ્રહ બહાર પડ્યો છે.

પહેલી સાહિત્ય પરિષદ પછી હજી ચોમાસું પુરૂં થયું નહોતું એટલામાં રણજીતરામે મને ઉમરેઠ તેમના મહેમાન થવાનું નિમંત્રણ કર્યું. ઉમરેઠમાં શ્રી નાનાલાલ કવિના 'ઇન્દુકુમાર' નાટકનો પ્રથમ અંક અને 'માના સંદેશ'ના થોડા ભાગની હસ્તલિખિત પ્રત રણજીતરામ ઉપર જોવા માટે આવેલી, તે મારા વાંચવામાં પ્રથમ આવી. નાનાલાલ કવિની કવિતાનો પરિચય મને અત્યાર અગાઉ રણજીતરામ મારફત જ થયો હતો. ઉમરેઠમાં રણજીતરામની શાળાનું કામ જોયું. રણજીતરામમાં કુશળ શિક્ષકની પણ શક્તિ છે એ ભાન મને પહેલું અહીં થયું.



આ પછી થોડા વખતમાં ઇ. સ. ૧૯૦૬-ના અરસામાં રણજીતરામને પ્રો. ગજ્જરને ત્યાં મુંબાઇમાં તેમના સાહિત્યમંત્રી તરીકે જગ્યા મળી અને રણજીતરામ મુંબાઇવાસી થયા. એ જ વર્ષના ઉનાળામાં હું રણજીતરામ સાથે તેમને મોસાળ પાલીતાણા ગયો. લગભગ આખી રાત કાઠીઆવાડી રેલ્વેના બીજા વર્ગના ડબા બહારની ચામડાની બેઠક ઉપર ચાંદનીમાં વાતો કરતાં ગાળી. સવારે સોનગઢના સ્ટેશનેથી ભાડાની ગાડીમાં પાલીતાણે આવ્યા. જૈન મંદિરોની ધોળી ટોચોથી શણગારએલો શત્રુંજય ડુંગર માર્ગમાં ઘણે છેટેથી દર્શન આપતો હતો. પાલીતાણામાં નાનાલાલ કવિ સહકુટુંબ લગ્નપ્રસંગે આવેલા તેમનું મારે પ્રથમ ઓળખાણ થયું. રણજીતરામ, નાનાલાલ કવિ અને હું, અમે સૌએ સાથે ડુંગર ઉપર ફરી મંદિરોનાં દર્શન કર્યાં ને આખો દિવસ ડુંગર ઉપર ગાળ્યો. ત્યાં કેટલાંક મંદિરોનો જીર્ણોદ્ધાર અમદાવાદના શેઠીઆઓ તરફથી થતો હતો. મંદિરોનાં જુનાં કામ સાથે સરખાવતાં આ નવો થતો જીર્ણોદ્ધાર અને નવાં કેવળ નમાલાં ચિત્રો જોઇ રણજીતરામે આપણાં સ્થાપત્ય અને કળાની અવનતિ માટે ખેદ બતાવી ઘણી વાતો કરી.

ઇ. સ. ૧૯૦૭ના માર્ચમાં મને લાંબી માંદગીમાંથી આરામ થયા પછી રણજીતરામ અમદાવાદ આવેલા તે મને સાથે મુંબાઇ લેતા ગયા. મુંબાઇમાં પ્રો. ગજ્જરના વાલકેશ્વરના બંગલા પાસે તેમના જ બીજા બંગલામાં રણજીતરામ સહકુટુંબ રહેતા. આ સ્થળે એ સ્નેહાળ દંપતીની બે માસની મીઠી મહેમાનગીરી દરમ્યાન મને મુંબાઇના ઘણા નવા અનુભવો મળ્યા. ગોવર્ધનરામભાઇ પ્રો. ગજ્જરના જ બંગલામાં અવસાન પામ્યા હતા. અમે રહેતા તેની પાછળ દરીઓ હતો. ત્યાં સાંજે દરીઆ કીનારે ફરવા જતાં રણજીતરામે ગોવર્ધનરામભાઇના અવસાન અને છેવટના પ્રસંગની તથા અગ્નિદાહની વાતો કરી. અહીં મેં ગોવર્ધનરામભાઇના અપ્રસિદ્ધ લેખો રણજીતરામ પાસે જોયા.

રણજીતરામ ઘણું વાંચતા. 'રૉયલ એશીઆટિક સોસાયટી'ની લાયબ્રેરીના એ સભાસદ થયા હતા. રોજ સાંજે એ પોતાના વાંચનનો સાર કહેતા અને અમે સૌ સાથે ચર્ચા કરતા. એમનું લખવાનું કામ પણ સાથે સાથે ચાલતું. આ જ અરસામાં મુંબાઇમાં બીજી સાહિત્ય પરિષદ ભરવાની વાતો ચાલતી હતી. મુંબાઇના શ્રીમાન અને વિદ્વાન મિત્રો તથા રણજીતરામની મદદથી ૧૯૦૭ના સપ્ટેમ્બર મહીનામાં બીજી સાહિત્ય પરિષદ મુંબાઇમાં શ્રી કેશવલાલ ધ્રુવના પ્રમુખપદ નીચે મળી.

૧૯૦૮ના વર્ષની શરૂઆતમાં મુંબાઇની પ્રો. ગજ્જરની નોકરી છોડી ગુજરાત વર્નાક્યુલર સોસાયટીમાં જોડાવાની એમને ઇચ્છા થઈ, પણ કેટલાંક કારણોને લીધે એ માંડી વાળી ભાવનગરના દીવાન પટ્ટણી સાહેબના ખાનગી કારભારી તરીકે રહ્યા. ભાવનગરમાં રહીને એમણે કાઠીઆવાડનો ઇતિહાસ, ત્યાંના લોકો, સાહિત્ય અને દેશી રાજ્યો વિષે ઊંડો અભ્યાસ કર્યો, અને એ ઉપરાંત બીજું વાંચ્યું અને વિચાર્યું પણ ઘણું. ૧૯૦૮ની આખરમાં હું ભાવનગર એમની પાસે ગયો ત્યારે ભાવનગરમાં કેળવણી પરિષદ સંબંધે વાતો થઇ. પ્રો. નૃસિંહપ્રસાદ ભટ્ટ સાથે મળીને શ્રી દક્ષિણામૂર્તિ વિદ્યાર્થીભવન સ્થાપવાની યોજના પણ ઘડાઇ રહી હતી. ૧૯૦૯માં રાજકોટમાં દી. બ. અંબાલાલ સાકરલાલના પ્રમુખપણા હેઠળ ત્રીજી સાહિત્ય પરિષદ મળી એમાં પણ રણજીતરામનો થોડો હાથ હતો જ. આ વર્ષ દરમ્યાન એમણે 'આપણું વર્ષ ૧૯૦૮' નામનો બહુ વખણાયેલો ઉત્તમ, ગંભીર અને લાંબો લેખ લખ્યો.

ઈ. સ. ૧૯૧૨ ના એપ્રીલમાં વડોદરામાં દી. બ. રણછોડભાઇ ઉદયરામના પ્રમુખપદ નીચે ચોથી સાહિત્ય પરિષદ ભરાઈ. આ પરિષદના કામમાં રણજીતરામનો હાથ થોડો હતો.

૧૯૧૩ ના મે મહીનામાં એ અમદાવાદ આવ્યા હતા. એ વખતે 'સાહિત્ય સભા'ને વધારે કાર્યશીલ કરવા માટે એમણે સભાસદો સાથે ચર્ચા કરી. ત્યાંથી પાછા મુંબાઈ ગયા. ૧૯૧૪ ની શરૂઆતમાં રણજીતરામ મુંબાઈમાં મોરારજી ગોકુલદાસની નવી ચાલમાં રહેતા હતા. આ ચાલમાં તેમને બહુ અનુકૂળ વાતાવરણ હતું. શ્રી ઉત્તમલાલ કેશવલાલ ત્રિવેદી, કનૈયાલાલ મુનશી, અંબાલાલ જાની, ચંદ્રશંકર પંડ્યા વગેરે ઉત્સાહી મિત્રો આ જ સ્થળે રહેતા. આ બધા ગૃહસ્થો તથા તેમના બીજા મિત્રોએ મળીને મુંબાઈમાં થોડા વખતથી 'ગુર્જર સભા' સ્થાપી હતી તેમાં રણજીતરામ પણ જોડાયા.

૧૯૧૪માં સુરતમાં રા. નરસિંહરાવ ભોળાનાથના પ્રમુખપણા નીચે ભરાવાની પાંચમી સાહિત્ય પરિષદ માટે એમણે એ વર્ષના મે મહીનામાં રા. મનહરરામ મહેતા જોડે કામ આરંભ્યું. અથાગ પરિશ્રમ વેઠી આ પરિષદની સાથે સાથે સાહિત્ય અને કલાનું એક પ્રદર્શન પણ ભર્યું. આ પરિષદના કામ માટે રણજીતરામે ઉનાળાના આખા રજા ગાળીને રાત દિવસ કામ કરેલું.

ઈ. સ. ૧૯૧૫ની આખરમાં—ડિસેમ્બર મહીનામાં પોતાનાં પત્ની અને બે બાળકો (અરુણા અને અશોક) સાથે ભાવનગર જતાં બે દિવસ મારે ત્યાં ઉતર્યાં. એમની કુટુંબ સાથેની અમદાવાદની આ મુલાકાત છેલ્લી જ નીવડી. એ વખતે અમે તેમની સાથે તેમનું બાપનું ઘર જોવા ગયા. તે પડીને જમીનદોસ્ત થયું હતું. જે ઘરમાં એમણે નાનપણના દિવસો ગાળેલા અને અમે બન્ને સાથે બેસી વાતો કરેલી, આટલો સ્નેહ અને પરિચય જમાવેલાં તે ઘરની આ સ્થિતિ જોતાં ખેદ થયો.

૧૯૧૬નું વર્ષ અમદાવાદમાં પ્રજાકીય સમારંભોનું હતું. રાજકીય પરિષદ, સંસારસુધારા પરિષદ, પ્રાંતિક પરિષદ વગેરે આ જ વરસમાં અમદાવાદમાં ભરાવાની હતી. 'ગુજરાત કેળવણીમંડળ' સ્થાપવાની યોજના રણજીતરામે વર્ષો પહેલાં ઘડી રાખેલી તે મહા પ્રયત્ને આ વર્ષે પાર પડી. કેળવણીમંડળ સ્થપાયું અને તેની તરફથી પહેલી કેળવણી પરિષદ અમદાવાદમાં ભરાઇ. આ કામને માટે રણજીતરામ બે વાર અમદાવાદ આવેલા.

૧૯૧૬ના મે મહીનામાં પટ્ટણી સાહેબની નોકરી છોડી રણજીતરામ મુંબાઇમાં શેઠ નરોત્તમદાસને ત્યાં રહ્યા. અહીં પાછી સાહિત્યસેવા માટે એમને ખુબ અનુકૂળતા મળી. તેમના જીવનના આ છેલ્લા વર્ષમાં તેમણે 'સુપર્ણા', 'માસ્તર નંદનપ્રસાદ' વગેરે નાની વાર્તાઓ અને 'તેજસિંહ' નામનું નાટક લખ્યું. બીજી દિશામાં લખવા માટે પણ ઠીક પ્રયાસ આરંભેલો. આ વર્ષની શરૂઆતમાં એ કાશી, દિલ્હી અને લાહોર જઇ આવેલા; અને આખરમાં કૉંગ્રેસ વખતે લખનૌ, કાનપુર, આગ્રા, દિલ્હી, મથુરા જઈ આવ્યા.

ઇ. સ. ૧૯૧૭માં એમની સાહિત્યપ્રવૃત્તિ સારી ચાલેલી. શ્રી ઇન્દુલાલ યાજ્ઞિક આ અરસામાં મેસોપોટેમીઆ ગયેલા હોવાથી તેમનું 'નવજીવન અને સત્ય'

માસિક પણ રણજીતરામ જ ચલાવતા. આ વખતે એ મુંબાઇ પાસે જુહૂ નામના ગામડામાં શેઠ નરોત્તમદાસની જોડે રહેતા. એ દરમ્યાન જુન માસની ચોથી તારીખે જુહુના દરીઆમાં નહાવા જતાં અકસ્માત ડૂબી જવાથી તેમનું અવસાન થયું. ગુજરાતનું એ અણમોલું રત્ન હરાયું.

રણજીતરામના જીવનનાં સ્મરણોની આ નોંધ એ કંઇ એમની આખી જીવનકથા નથી. એમના સંબંધો ઘણા વિશાળ હતા. ઘણાને એ જુદી જુદી રીતે જણાયા હશે. આ તો એમને વિષેનાં મારાં સ્મરણો—વિસ્મરણો છે.'

હરિપ્રસાદ પીતામ્બરદાસ મહેતા

કઠોર કૃપા

એક ગરાશીઆ કુટુંબ વખો પડતાં બહુ જ ગરીબાઇમાં આવી પડ્યું. તેમના આંગણામાં એક સરગવાનું ઝાડ હતું. સરગવાને શીંગો થઇ હતી. પણ પંડે બજારમાં વેચવા જાય તો ઘરની લાજ જાય એમ માની રાતની વેળાએ શીંગો ઉતારી એક કાછીઆને, એ આપે એટલા પૈસા મુંગે મોઢે લેઇ લઇ આપી દે અને તેટલા ઉપર મહાકષ્ટે ગુજરાન ચલાવે. કુટુંબમાં પણ પાંચ ભાઇઓનો વિસ્તાર; એટલે મોટેરાંમાંથી પણ કેટલાક વારાફરતી અપવાસ કરે.

એક દિવસ એમનાં સગાંમાંનો કોઈ એક સાંજની વેળાએ એમને ત્યાં આવી રાતવાસો રહ્યો. તેને અને નાનાં છોકરાંઓને વાળુ કરાવી બાકીનાં બધાંએ કહ્યું, 'અમને ભુખ નથી.'

પછી મહેમાનને ઉંઘી ગયેલો ધારી ઘરધણીએ હમેશની પેઠે સરગવા પરથી શીંગો ઉતારી અને અંધારામાં પેલા કાછીઆને ત્યાં જઈ વેચી આવ્યો. મહેમાન તો જાગતો જ હતો. તેને આ કુટુંબની સ્થિતિની પણ ખબર હતી. આ પાંચે ભાઇઓ ભડ છતાં લાચારની પેઠે આમ અપવાસો કરી રહ્યા છે એનું કારણ આ સરગવો જ છે એમ જોઇ, બધાં સુઇ ગયા પછી મોડી રાત્રે એ મહેમાન ઉઠ્યો અને હળવે રહીને પેલું ઝાડ કાપી નાખ્યું. અને સવારે ઘરનું કોઈ ઉઠે તે પહેલાં જ તેણે પોતાના ઘરનો રસ્તો પકડ્યો.

સવારમાં ઘરમાં હાહાકાર થઈ ઉઠ્યો. 'કેવો સાચો સગો! આપણી ગરીબાઇ જાણી, બને તો કંઇક મદદ કરવાને બદલે, પાતળી રાબનું પાણી દેનારો આટલો સરગવો હતો તે પણ કાપી ચાલતો થયો!' આમ કહી બધા પેલા મહેમાનને મનમાં ને મનમાં ગાળો દેવા લાગ્યા.

આમ કરતાં જેમતેમ દહાડો તો વીતી ગયો. રાત્રે બધા ભેગા થઇ બેઠા અને વિચાર કર્યો કે હવે ઘેર રહ્યું પાલવે એમ નથી.

બધા જ ભાઇઓ સારા ઘરના અને ભલા હોવાથી દરેકને ધંધો મળતાં વાર લાગી નહિ. જોતજોતામાં એમની સ્થિતિ સુધરી. બે વરસ પછી જ્યારે બધા દીવાળી પર ભેગા થયાં ત્યારે સરગવાનું ઝાડ કાપનાર પેલો મહેમાન જાણીજોઇને ફરી એમને ત્યાં મહેમાન થઇને આવ્યો.

પાંચે ભાઇ એને પગે પડ્યા અને બોલ્યા, 'કઠોર થઇને જો તમે તે દિવસે અમારા પર કૃપા ન કરી હોત તો અમે આજ આ ઉજળો દહાડો જોત નહિ.'

દત્તાત્રેય બાળકૃષ્ણ કાલેલકર

બપોર અને વંટોળ

ધોમ ધખ્યો મધ્યાહ્ન તણો ને
સ્થંભ્યા રણ-વગડાના વા,
સ્થંભ્યો શિર પર સુરજ આવી
લુક લાગી તન સળગાવા;
ગરમીના સંધાયા દોરઃ
બળબળતા જામ્યા બપોર.

ગુમસામ સૌ દુનીઆ દીસે,
વગડો તો સુનકાર પડ્યો;
ઉજ્જડમાં વેતાલ સમો ત્યાં
ચકર ચકર વંટોળ ચડ્યો;
એ તો ભારે મસ્તીખોરઃ
બળબળતા જામ્યા બપોર.



ફરર ફરર ફુદડી કરતો
મેદાનેથી ભ્રમણ ચડ્યો,
વન-વસ્તીમાં ધૂમ મચવતો
વૃક્ષો સાથે જાય લડ્યો:
ઉન્મત્ત સરખો એનો તોરઃ
બળબળતા જામ્યા બપોર.

ધુળ જુએ ત્યાં ધમાલ કરતો
ગાંડો થઈ આળોટી પડે,
ઉડાડી આકાશે ગોટા
ઉંચો ઉંચો ખુબ ચડે;
વધતું વધતું કરતો જોરઃ
બળબળતા જામ્યા બપોર.

સુકાં પર્ણો, કુચો કચરો
ઉછાળી ઉંચે લઈ જાય,
જ્યાં જ્યાં આગ ઝરે ત્યાં ત્યાં એ
જરાકમાંથી જબરો થાય;
ઘરરર ઘર ઘર કરતો શોરઃ
બળબળતા જામ્યા બપોર.



માકડાંનાં માથાં ફાટે
એવા તીખા તાપ તપ્યા,
અકળાયા તરસ્યા મુસાફર
રડ્યાખડ્યા [illegible] જાય ધપ્યા;
જોતો એ વિશ્રાંતિ ડેરઃ
બળબળતા જામ્યા બપોર.

મહેલ, બગીચા, કુંજ, ભવનમાં
શ્રીમંત દુનીઆ થાતી ગેળ,
નિર્ધનનાં તન કરે મજુરી
પરસેવે તો રેળંરેળ;
કેવા જીવનવિગ્રહ ઘોર!
બળબળતા જામ્યા બપોર.

ક્ષણભંગુર જગવૈભવ જેવાં
ઝાંઝવાં ઝળ ઝળ ઝળ બળે,
તેની સામે દોડી દોડી
હરણાંઓ તરસે ટળવળે;
તોયં અજબ આશાની દોરઃ
બળબળતા જામ્યા બપોર.



ગીધ ને સમડી ગગન ચડ્યાં જો
કપોત એકો ઘૂ ઘૂ કરે,
તેતર ચકલાં ગુપચુપ છુપ્યાં
આજ શીકારી ફેરા ફરે;
જંપ્યાં મધુરાં કોમલ મોરઃ
બળબળતા જામ્યા બપોર.



ધગધગતી ધરતીની ઝાળે
એકુતો સીકાતા અંગ,
બળદીઆનાં પૂંછ મરડતા
આવે સાંતીડાં લઇ સંગ:
ધીંગા ધડગા સાવ નકોરઃ
બળબળતા જામ્યા બપોર.

ત્રિભુવન ગૌરીશંકર વ્યાસ





કિરીટ

લેખક

શ્રી ધનગોપાલ

ચિત્રકાર: રવિશંકર પંડિત



મારો જન્મ ઈ. સ. ૧૮૯૦ માં બ્રાહ્મણ જ્ઞાતિમાં થયો હતો. અને મારું બાળપણ મોટા ભાગે ગામડાં-ઓમાં જમીન અને પાણીમાં વસતાં પ્રાણીઓની વચ્ચે જ વીત્યું છે.

હું બહુ નાનો હતો ત્યારે એકવાર પાણીમાં એક મોટું બળેલું લાકડું તરતું જોઈને મારી માને કહ્યું કે ચાલ એ આપણે ઘેર લઈ જઈએ; બાળવા થશે. મારી માએ જવાબ આપ્યો કે 'તું જેને બળેલું લાકડું ધારે છે તે તો મગરની પીઠ છે. એ ભયંકર પ્રાણી પોતાની પીઠ આમ પાણી પર રાખીને તર્યા કરે છે; અને તારા જેવો કોઈ અજાણ્યો ભોળો માણસ એને બળેલું લાકડું માનીને લેવા જાય તેને એ પકડીને પાણીમાં ઘસડી જઈ મારી ખાય છે.

બીજી એક વખત અમે ગંગા નદીના મુખ આગળ રહેતાં હતાં ત્યારે એક માણસને મેં મછવામાંથી પાણીમાં પડતો જોયો; પણ પડ્યા પછી તે તદ્દન અદ્રશ્ય થઈ ગયો. થોડી વારે પાણી લોહીથી લાલ થતું મેં જોયું, પણ પેલો માણસ તો જણાયો જ નહિ. તપાસ કરતાં મને માલુમ પડ્યું કે ગંગાના મુખ આગળ શાર્ક નામની માછલીઓ એટલી બધી રહે છે કે જે કોઈ પાણીમાં પડે છે તે ભાગ્યે જ જીવતો નીકળે છે. શાર્ક તેને ફાડી ખાય છે.

બાળપણના આ બે પ્રસંગો મને ઝાંખા ઝાંખા યાદ છે. પણ તે દહાડાથી મારા મનમાં એવી સજ્જડ શંકા પેસી ગઈ છે કે જમીન પરનાં ભયાનક જંગલો કરતાં પણ પાણીમાં વધારે ભય અને જોખમ રહેલાં છે; અને પાણીનાં પ્રાણીઓ પણ વધારે દગાખોર અને ભયંકર હોય છે.

મૂળથી જ મને જમીનનાં પ્રાણીઓ પર બહુ પ્રેમ છે. હું નવ વર્ષનો હતો ત્યારથી મને એક હાથીના બચ્ચાની સંભાળ રાખવાનું સોંપવામાં આવ્યું. એ હાથીનું નામ કિરીટ. હું નાની ઉમરનો, એટલે એની સંભાળ તો શું રાખું? મારા વડિલો જ તેને સંભાળતા; પણ એટલું તો ખરું કે એ ઉમરથી હું પ્રાણીઓના સહવાસમાં જ ઉછર્યો અને મારી ખાતરી થઈ કે માણસો જમીન પર રહેતાં હોવાથી તેઓ પાણીમાં વસતાં પ્રાણીઓ કરતાં જમીનપરનાં પ્રાણીઓના સ્વભાવ વગેરે વધારે સહેલાઈથી સમજી શકે છે..

દર ઉનાળે બેત્રણ મહીના અમે જંગલની સરહદમાં જ ગાળતાં. ત્યારે હું કિરીટને લઈ જંગલોમાં ફરતો અને એ વખતે અમે એ જીવનના સૌન્દર્ય અને

આનંદની એટલી મઝા લુંટતા કે દર વર્ષે ચૈત્ર મહીનો બેસતાં બેસતાંમાં તો હું જંગલકાંઠે રહેવા જવા તલપાપડ થઈ જતો.

ત્યાં અમે એક મોટા ઘરમાં રહેતા. રાત પડ્યે ઘરનાં બારણાં બંધ થતાં ત્યારે હું મોટા મોટા લોઢાના મજબુત સળીઆ જડેલી બારી આગળ બેસીને જોયા કરતો. આમતેમ ભટકતાં જંગલી પ્રાણીઓની આંખો રાતના અંધકારમાં લીલા, પીળા ને રાતા રંગના અંગારા પેઠે ચળકતી; કોઈ કોઇ વાર દૂરથી લોંકડીના અવાજો, વાઘના ઘુરકાટ કે સિંહની ત્રાડો પણ સંભળાતી; અને માથાપર ઉડતાં વનવાગળાંની હવામાં વીંઝાતી પાંખો સુસવાટ કરી મુકતી.



એકવાર હું એક નાના ઝરણને કાંઠે ઉઘાડે પગે ફરતો હતો, એવામાં મારા પગપર કંઇ ટાઢું ટાઢું લાગ્યું. જોઉં છું તો એક સાપ મારા પગપર થઈને ચાલ્યો જતો હતો. હું તો આ જોઇને આશ્ચર્યથી એટલો દિંગ્મૂઢ થઇ ગયો કે હું ન હાલી શક્યો કે ન ચાલી શક્યો. હતો ત્યાં તેમ જ સ્થિર ઉભો થઇ રહ્યો. બીક સરખા લાગવાનો અવકાશ ન હતો. અને હું આમ પત્થરના પુતળા જેવો શાંત ઉભો જ રહ્યો તેને લીધે પેલો સાપ મને જરાપણ ઇજા કર્યા વિના ધીમે ધીમે ચાલ્યો ગયો. તે ગયો પછી મને વિચાર આવ્યો કે ભયને વખતે જો આમ માત્ર શાન્ત થઇને સ્થિર ઉભા જ રહીએ તોપણ તેમાંથી બચી જવાય ખરૂં.

પણ આ તો બધી આડીઅવાળી વાતો થઇ. હવે હું તમને કિરીટની જ બધી વાતો કહીશ

કિરીટને મારી સંભાળ નીચે સોંપ્યો ત્યારે તે પાંચ મહીનાનો હતો. હું નવ વર્ષનો હતો; અને પગના પંજા પર ઉભો થઇને ઉંચો હાથ કરતો તો તેની પીઠને પહોંચી શકતો. આમ બે વર્ષ સુધી અમે બે સરખા જ ઉંચા રહ્યા. કદાચ અમે સાથેસાથ મોટા થતા હતા તેથી એમ લાગ્યું હશે. ઝાડના મજબુત થડ ઉપર નાનું સરખું છાપરૂં છાઇને બાંધેલી રાવટીમાં કિરીટ રહેતો. એને એ થડની સાથે બાંધી રાખતા; કારણકે એને આમતેમ ઝુલવાની એટલી બધી ટેવ હતી કે કાચાપોચા થાંભલાને તો એ ઉખેડી રાવટી પાડી નાખે!

મને યાદ છે કે કિરીટે પહેલું પરાક્રમ એક છોકરાની જીંદગી બચાવી એ કર્યું. કિરીટ બહુ ખાતો નહિ. રોજની એકાદ મણ ઝાડની કુણી ડાંખળીઓ હોય તો બસ! એમાંથી ખવાય તેટલી ખાય; બાકીની આમતેમ ઉછાળીને રમત કરે. હમેશાં તેને નવડાવવા હું નદીએ લઈ જતો. ત્યાં કાંઠાપર રેતીમાં એ પડે અને હું નદીની ચોકખી રેતી વડે કલાકેક સુધી તેને આખે શરીરે માલિશ કરૂં. તે પછી એ બહુ વાર સુધી નદીમાં જઈ પડ્યો રહે. બહાર નીકળે ત્યારે એની ચામડી આસમ જેવી ચમકતી હોય. હું એની પીઠપર પાણી રેડું તો આનંદથી ચીચીઆરી પાડે. પછી તેનો કાન પકડીને જંગલની સરહદ પર દોરી લઈ જાઉં. હાથીને દોરી જવાની સહેલામાં સહેલી રીત એ જ છે. ત્યાં એ ફરે અને હું તેને માટે કુણી મીઠી ડાંખળીઓ પાડવા જંગલમાં જાઉં. હાથીને ખાવાની ડાંખળીઓ કાપવાની કુહાડી પણ બહુ તેજ હોવી જોઇએ. કારણ કે બુઠ્ઠી કુહાડીથી કાપેલી ડાળીઓ છુંદાઇને બગડી જાય છે; અને હાથી એવી ડાળીઓ ખાતો નથી.

વળી જંગલમાં જનારે ત્યાંના કેટલાક કાયદા તો પાળવા જ જોઇએ. તમને કદાચ નહિ ખબર હોય કે જે માણસો જંગલી પ્રાણીઓથી બીએ છે અથવા તેમને તિરસ્કાર છે તેવા માણસોની વાસ વાઘવરૂને બહુ આવે છે; અને તેના ઉપર તેઓ એકદમ તરાપ મારે છે. માટે જંગલમાં જનારે તદ્દન શાંત અને નિર્ભય થઇને જ જવું જોઇએ. જ્યારે જ્યારે મને જંગલમાં જતાં બીક લાગતી ત્યારે હું જમીન પર ઉભો જ ન રહેતો, પણ ઝાડે ચડી જતો; કારણકે ઝાડનાં પાંદડાંમાં એવો ગુણ છે કે તેમાં રહેલા બીકણ માણસની વાસ દૂર જઈ શકતી નથી!

કિરીટને માટે ડાંખળીઓ પાડવી એ કંઈ સહેલું કામ નહોતું. મારે જુદી જુદી ડાંખળીઓ પાડવા જાતજાતનાં ઝાડો પર ચડવું પડતું. તેમાંયે કિરીટને વડની ડાંખળી બહુ ભાવે.

વસંત ઋતુમાં એક દહાડો હું ચારો પાડતો હતો એવામાં મેં કિરીટને દૂરથી મને બોલાવતો સાંભળ્યો. એ વખતે તે નાનો હતો એટલે તેનો અવાજ હાથીના કરતાં નાના છોકરા જેવો વધારે લાગતો. મેં ધાર્યું કે કોઈ એને હેરાન કરતું હશે, એટલે ઝાડથી ઉતરતોક ને હું જંગલની સરહદ પર જ્યાં તેને મુક્યો આવ્યો હતો ત્યાં દોડી ગયો. પણ ત્યાં તે નહોતો. આમતેમ ચારે તરફ નજર કરી પણ તે ક્યાંય જણાયો નહિ. નદીને કાંઠે જઈને જોયું તો મેં પાણીની સપાટી પર કંઈ કાંઈ કાંઈ તરફડતું જોયું. થોડીવારે તે ઉંચું થયું તો જણાયું કે તે કિરીટની સુંઢ હતી. મેં ધાર્યું કે તે ડુબી મરે છે. મારૂં કાંઈ ચાલે તેમ નહોતું, કારણકે પાણીમાં પડીને પણ એ દસ મણના બારદાનને હું બચાવી શકું એમ નહોતું. પણ ધીમે ધીમે મેં તેની પીઠને પણ પાણીની સપાટીપર આવતી જોઇ. જેવી તેની ને મારી નજર એક થઇ તેવી જ તેણે ચીસો પાડવા માંડી અને કાંઠા તરફ આવવા લાગ્યો. બહાર આવીને તેણે મને ધક્કો મારીને પાણીમાં નાખ્યો. પાણીમાં પડીને ડુબકી મારતાં જ મારી નજર અંદર ચત્તા પડેલા એક છોકરા પર પડી. તે તદ્દન તળીએ નહોતો બેઠો, પણ જરા અદ્ધર તરતો હતો. શ્વાસ ખાવા હું પાણીની સપાટી પર આવ્યો તો મેં જોયું કે કિરીટ પોતાના ચારે પગ કાંઠા પર રેતીમાં થાંભલાની પેઠે ખોડીને અને પોતાની સુંઢ મારા તરફ હાથની પેઠે લંબાવીને ઉભો હતો.




શ્રી ધનગોપાલ

મેં ફરીથી ડુબકી મારી અને તે ડુબતા છોકરાને લઇ ઉપર આવ્યો. પણ હું બહુ સારો તરીઓ ન હોવાથી કાંઠે પહોંચી શક્યો નહિ, ને પાણીના વહેનમાં તણાવા લાગ્યો. કાંઠા આગળ ઉગેલા ઘાસને પકડવા મેં ઝાવું નાખ્યું, પરંતુ તે પણ તુટી ગયા. ડુબતા છોકરાને પકડી રાખેલા હાથને પણ હવે ભાર લાગવા માંડ્યો, અને બીજો હાથ તો તરવાને લીધે થાકી જવા માંડ્યો જ હતો; એટલે અમે તણાવા લાગ્યા. કિરીટ અમથો તો બહુ ધીમો અને બારેખમ છે; પણ અમારી આવી સ્થિતિ જોઇ તે કાંઠેથી તીરની માફક છુટ્યો અને પાણીમાં દોડતા આવી તેણે પોતાની સુંઢ લંબાવી. મેં હાથ લંબાવી તે પકડી, પણ સરકી ગઇ. હવે તો હું તળીએ જ બેસવા લાગ્યો. પણ એટલામાં મને જણાયું કે અમે હતા ત્યાં પાણી બહુ ઉંડું ન હતું; એટલે મારા પગને વાળી દઇને પાણીમાં ઉતરી જઇ મેં તળીઆ પર એવા તો જોરથી લાત મારી કે બંદુકમાંથી ગોળી છુટે તેમ અમે બન્ને

એકદમ ઉપર આવી ગયા. ઉપર આવતાં જ મને લાગ્યું કે મારા ગળાની આસપાસ કોઈએ ફાંસો નાખ્યો છે. હું બીનો કે પાણીનું કોઈ પ્રાણી મને ગળી જતું હશે. પણ એટલામાં તો કિરીટનો અવાજ સંભળાયો, અને મારી ખાતરી થઇ કે તેણે જ પોતાની સુંઢ મારા ગળાની આસપાસ વીંટાળી હતી. તેણે અમને બન્નેને બહાર ખેંચી કાઢ્યા.

બહાર આવીને તરત મેં તે ગોવાળીઆના છોકરાને ઓળખી કાઢ્યો. એ નદીમાં ન્હાવા પડ્યો હશે ને આથે નીકળી ગયો હશે. એને તરતાં નહોતું આવડતું એટલે ડુબવા માંડેલો. સારૂં થયું કે કિરીટની નજર ગઇ. મેં તેને જમીન પર ઉંધો સુવાડી દીધો એટલે કિરીટે પોતાની સુંઢ તેની કેડની આસપાસ વીંટાળીને તેને ધીમે ધીમે ઉંચોનીચો કરવા માંડ્યો. આમ ત્રણચાર વાર કર્યું એટલે છોકરાના મોંમાંથી પાણી નીકળવા માંડ્યું. તેનું શરીર તદ્દન ઠંડું પડી ગએલું હતું. બીજું કંઈ ન સુઝવાથી મેં તેના આખા શરીર પર જોરથી થપ્પડો મારવા માંડી. પછી મેં તેને ઉભો કરીને હાથીના પગને અઢેલી ઉભો રાખ્યો, એટલે ધીમે ધીમે તેને ભાન આવવા માંડ્યું.




આ દરમ્યાન તેની ગાયો તો બધી ચારે તરફ વિખરાઇને ભટકવા લાગી ગઇ હતી. કેટલીક તો જંગલમાં જતી રહેલી લાગી, એટલે મને બીક લાગી કે રખેને કોઇ વાઘ આવી તેને ફાડી ખાય. તેથી મેં કિરીટને તે બધાંને પાછી હાંકી લાવવા મોકલ્યો. પણ એ તો ગયો ત્યાં ને ત્યાં જ રહ્યો. બહુ વાર થઇ પણ તે યે પાછો ન આવ્યો, એટલે મને ફિકર પેઠી. પેલો છોકરો હવે બુદ્ધિમાં આવ્યો હતો તેને બેસાડી હું ગયો ને હાથીની શોધમાં નીકળ્યો. તમે શું ધારો છો ? કિરીટ ક્યાં ગયો હશે ? જઇને જોઉં છું તો ભાઇ સાહેબ, જાણે ગાયોની, મારી કે ગોવાળની કંઇ જ ફિકર ન હોય તેમ, મેં પાડી રાખેલા ચારા પર ઠંડે પેટે હાથ મારતા હતા !

કિરીટ, આમ તો નાના છોકરા જેવો હતો; અને તેના પર બરાબર ધ્યાન રાખી તેને કેળવવો પડે તેમ હતું. જો વખતે તે કંઇ તોફાને ચડે, અથવા કંઇ ખરાબ ટેવ પાડવા માંડે તો તેના પર દાબ રાખવો જરૂરનો હતો; કારણકે નહિતર તે વધારે ને વધારે બગડતો જતો.

એક જ દાખલો આપું. એક દહાડો કોઇએ તેને થોડાં કેળાં ખાવા આપ્યાં. બસ, તે દહાડાનો તેને કેળાંનો સવાદ લાગ્યો. અમારા રસોડામાં બારી પાસે જ એક બાજઠ ઉપર ફળની ટોપલી પડી રહેતી. એક દહાડો ઘરમાં બુમ પડી કે ટોપલીમાંથી બધાં જ કેળાં ઉપડી ગયાં છે ! ઘરનાં માણસોને નોકરો ઉપર શક ગયો અને સહુએ બધા નોકરોના ઉધડા લીધા. થોડા દહાડા થયા ત્યાં વળી પાછાં કેળાં અદ્રશ્ય થઇ ગયાં ! આ વખતે આળ મારા ઉપર આવ્યું. મને મારાં માબાપ તથા નોકરો ઉપર ચીડ તો ખુબ ચડી, પણ શું કરૂં ? હું પોતે તો જાણતો હતો કે હું ચોર નથી, પણ ખરો ચોર પકડાયા વિના કેમ સાબીત કરૂં ? તે જ દહાડે કિરીટના તંબુમાં એક છુંદાએલું કેળું મારી નજરે ચડેલું. મને

નવાઇ લાગી કે હાથી તો ચારો ખાય છે, ને કેળું અહીં ક્યાંથી આવ્યું !

મારા પર ચડેલા ચોરીના આળ વિષે વિચાર કરતો એક દહાડો હું રસોડાના બારણા આગળ ઊભો હતો, એટલામાં બારીમાંથી એક લાંબો જાડો કાળો સાપ જેવું કંઇક કેળાંની લુમ સાથે પસાર થઇ જતું મેં જોયું.



મારી જીંદગીમાં મેં કદિ સાપને કેળાં ખાતો જોએલો કે સાંભળેલો નહિ; એટલે હું તો એ જોઇને બીકથી થથરી ઉઠ્યો ! અને આમ ઘરમાં આવીને ફળ ખાઇ જનારો સાપ કેવો જંગી હશે, અને તે અમને ઘરનાં માણસોને પણ કેમ જીવતાં જવા દેશે એ વિચારે મને કંપારી છુટી. હું લપાતો લપાતો રસોડામાંથી બહાર નીકળ્યો અને સાપની બીકે જીવ લઇને ઘરની બહાર નાઠો.



બહાર નીકળતાં મેં કિરીટને દૂર તેના તંબુ તરફ જતો જોયો. મને એટલી બધી દહેશત પેસી ગઇ હતી કે જરા દિલ બહેલાવવા માટે કિરીટની સોબત ઠીક પડશે એમ ધારીને હું તેના તંબુ તરફ ચાલ્યો. અંદર જઇને જોઉં છું તો તંબુમાં ચારે તરફ કેળાં વેરવિખેર પડેલાં હતાં, ને ભાઇસાહેબ વીણી વીણીને નાસ્તો કરી રહ્યા હતા. એટલામાં જરા આઘે પડેલું કેળું લેવા તેણે સુંઢ લંબાવી. ઓત્તારીની ! આબાદ પેલા બારીમાંથી કેળાં લઇ જનાર સાપ જેવી જ ! હવે હું બધો ભેદ પામી ગયો. એ ભાઇસાહેબ જ ચોર હતા !


હું તેનો કાન પકડીને ખુશ થતો થતો મારાં માબાપ આગળ લઇ ગયો અને આટલા દિવસ થયાં ફળ ચોરી ખાનાર ગુન્હેગારને તેમની રૂબરૂ ખડો કરી મારી નિર્દોષતા પુરવાર કરી બતાવી. પછી મેં તેને સારીપેઠ ધમકાવ્યો; કારણકે હાથીઓ એટલા અક્કલમંદ હોય છે કે તમારો બોલેબોલ તે સમજે છે. મેં તેને કહ્યું કે 'હવે પછી જો કોઇ દિવસ ફળ ચોરતાં તને જોયો છે તો કાયડે કાયડે ચામડું ફાડી નાખીશ.' તે પણ મારો ઠપકો સાંભળી બરોબર સમજી ગયો કે અમે સહુ તેના પર ગુસ્સે થયા છીએ. પોતાની આવી ફજેતીથી તેને એટલું લાગી આવ્યું કે તેણે તે દહાડાનું

કદિ કંઈ ચોર્યું નથી. ત્યાર પછી કોઈ જો તેને ખાવા આપતું તો તીણી ચીસ પાડીને હીસવા માંડતો.

ગુન્હામાં આવ્યો હોય તો હાથી ગમે તેવી શિક્ષા સહન કરી લે; પણ જો તમે તેને વગર લેવાદેવા અમસ્તો કનડો તો એ તેનું વેર બરોબર લેવાનો.

એક દહાડો ઉનાળામાં હું કિરીટને નદીએ લઈ ગયો હતો. મારી સાથે મારા બીજા પણ કેટલાક ગોઠીઆઓ હતા. કિરીટ, કાંઠાપર હમેશની પેઠે ચત્તોપાટ થઈને પડ્યો હતો અને અમે સહુ તેને રેતીથી માલિશ કરતા હતા. પછી તો અમે રમતે ચડ્યા અને તે નદીમાં ન્હાવા પડ્યો. તે ન્હાઈને બહાર નીકળ્યો તે વખતે સદુ નામનો એક છોકરો કાંઠાપર ઉભો હતો. કોણ જાણે શાથી, સદુએ અમસ્તા રમતમાં ને રમતાં પોતાના હાથમાંની ચાબુક સડસડ કરીને ત્રણચાર વાર કિરીટની સુંઢ પર ચોડી કાઢી. કિરીટ દુઃખથી ચીસો પાડતો નાઠો. સાંજ પડ્યે અમે સહુ ઘેર આવ્યા.

આ વાતને એક વરસ વીતી ગયું, ને બીજો ઉનાળો આવ્યો. હવે તો કિરીટ ઉંચો ને જાડો પણ થયો હતો. ઉમરના વધવા સાથે તેનામાં ડહાપણ પણ આવ્યું હતું અને અમારા સહુનો તે માનીતો થઈ પડ્યો હતો. એક દહાડો અમે સહુ નદીએ ગયા હતા; સદુ પણ સાથે હતો. કિરીટને રેતીની માલિશ કરી ગરમી બહુ લાગવાથી અમે સહુ નદીમાં ન્હાવા પડ્યા; માત્ર સદુ ને કિરીટ બે જ જણ કાંઠે હતા. એટલામાં એકાએક કિરીટ માતેલા આખલાની પેઠે સદુ તરફ ધાયો; તેને કમરમાંથી સુંઢ વતે પકડી નદીમાં ફેંક્યો અને બહુ વાર સુધી પાણીમાં ઝબોળ્યા કર્યો. અમે સહુ દોડતા બહાર આવીએ ત્યાર પહેલાં તો તે લગભગ બેભાન બની જવા આવ્યો, એટલે કિરીટે તેને કાંઠા પર મુકી દીધો હતો.



સદુ શુદ્ધિમાં આવતાં વેંત હાથી પર ખુબ ચીડાયો અને તેને બરોબર શિક્ષા કરવાનું મને કહ્યું. મેં ના

કહી, અને જાણ્યું કે એમાં કિરીટનો કશો વાંક નહોતો. આથી તો તે વધુ ચીડાયો. મે કહ્યું, 'ભુલી ગયો ? આજથી લગભગ એક વરસ પહેલાં, ગયે ઉનાળે આ કાંઠા ઉપર, બરોબર આજ જગ્યાએ તેં કિરીટને નાહક લેવાદેવા વિના ચાબુકો ચોડી દીધા હતી ને ?' આથી તે રીસાઇને બબડતો ફરતો ચાલ્યો ગયો. પણ બીજે દિવસે અમે તેને મનાવી લીધો. કિરીટ પણ બધી ગઈગુજરી ભુલી જઈને તેની સાથે દોસ્તી બાંધી લીધી: અને અમે જંગલમાં ઉજાણીએ ગયા ત્યારે દોસ્તીદાવે સહુને પોતાની પીઠ પર બેસાડીને લાવ્યો.

નાના બાળકની પેઠ હાથીને પણ ઉઠતાં બેસતાં ને ધીમે કે ઉતાવળું ચાલતાં શીખવવું પડે છે. તેનો કાન પકડીને 'ધત' કહ્યા એટલે એ ધીમે ધીમે નીચે બેસતાં શીખવાનો; અને 'મલી' કહીને તેની સુંઢ પકડી આગળ ખેંચશો એટલે એ શીખી જશે કે આ ચાલવાની નીશાની કહેવાય.

'મલી'નો અર્થ તો કિરીટ ત્રણ વખતમાં શીખી ગયો; પણ 'ધત'નો અર્થ સમજતાં તેને બહુ વાર લાગી. હાથીને બેસાડવો શા માટે પડે એ તમે જાણો છો ? એક તો માણસ કરતાં એ ઉંચો, અને પાછો ઉંચો વધે પણ બહુ. બે ત્રણ વરસનો થયા પછી તો તમે નીસરણી વિના તેની પીઠ પર ચડી જ શકો નહિ ને ! એટલે એના પર ચડવા માટે એને 'ધત' કહીને નીચે બેસવાનું શીખવવું જ પડે. કારણકે નહિતર હાથીએ ચડવા સારૂ પોતાની સાથે બધે નીસરણી લઇને કોણ ફરે ?

પણ સૌથી અઘરૂં કામ તો હાથીને ભયસૂચક અવાજ શીખવવાનું છે. એ બરોબર શીખતાં એને લગભગ પાંચ વરસ લાગે છે. જાણે કોઈ વાઘ અને મોટો સાપ બે સામસામા ફુંફાડા મારતા, છીંકોટા નાખતા ને ઘુરકાટ કરતા લડતા હોય ને જેવો અવાજ થાય તેવો અવાજ કરવો એનું નામ ભયસૂચક અવાજ. એ અવાજ તમારે હાથીના કાનમાં કરવાનો. પણ એ અવાજ ક્યારે કરવો તે જાણો છો ? કોઇ અંધારી ઘોર રાતે ગાઢ જંગલમાં તમે ભુલા પડયા હો, ઉપર આકાશમાં ઝીણા તારા અને ચારે તરફ ચિત્રવિચિત્ર અવાજો સિવાય કંઇ દેખાતું કે સંભળાતું ન હોય, અને તમને એમ લાગે કે હવે અહીં રહેવું ભયભરેલું છે, ત્યારે તમારે એ અવાજ હાથીના કાનમાં કરવો. તરત જ તે, પોતાનામાં હશે તેટલું જોર કરીને પોતાની સામેનું ઝાડ સુંઢ વતી પકડી ઉખેડી જમીનદોસ્ત કરશે.

ઝાડ પડવાનો એ કડકાટ સાંભળી જંગલનાં પ્રાણીઓ બધાં બીકથી ખળભળી ઉઠશે. વાંદરાંઓ અંધારામાં આ ઝાડેથી પેલે ઝાડે કુદાકુદ કરી મુકશે; શીઆળવાં લોંકડાં તો ઉભાં જ શાનાં રહે ? સાબર હરણ વગેરે ભાગી જીવ લઇને ભાગશે: દૂર દૂર વાઘનો ધીમો ઘુરકાટ પણ સંભળાશે. એ પણ આ સાંભળીને બી જવાનો. પણ ત્યાં તો હાથીએ બીજું ઝાડ તોડી પાડયું હશે; અને ત્યાર પછી ત્રીજું, ચોથું, પાંચમું ...અને આમ જોતજોતામાં જંગલમાંથી તમારા ઘર સુધી સીધો સપાટ રસ્તો કરી તમને ઘેર પહોંચાડશે.

સાધારણ રીતે શહેરોમાં ને રજવાડાઓમાં હાથી ઉપર સોનેરી તથા કીનખાબનાં કપડાં અને અંબાડીઓ નાખે છે તથા બન્ને બાજુએ રૂપાના ઘંટ ટાંગે છે. હાથી ચાલે છે ત્યારે તેનાં બે પડખાંમાં આ ઘંટ વારાફરતી પછડાવાથી તે વાગે છે. અંબાડીઓ તો જે લોકો ખુલ્લી પીઠે હાથી પર બેસી ન જાણતા હોય તેમને માટે હોય છે. અમે તો કદિ અંબાડી વાપરતા જ નહિ; અને જંગલની મુસાફરી વખતે તો ઘંટ પણ ટાંગતા નહિ.

કિરીટ પાંચ વર્ષનો થયો ત્યારે તો છાપરા જેટલો ઉંચો થઇ ગએલો. કિરીટને શીકારી હાથીની કેળવણી આપી નહોતી; કારણકે અમે વાઘ કે સાપ સિવાય બીજા કોઇ પ્રાણીને મારતા નહિ; અને તે પણ ગામના લોકોને રંજાડે ત્યારે જ. એટલે કિરીટને શીકારની ટેવ નહોતી. પરંતુ તે બહુ ચબરાક હોવાથી, તથા ગમે તેવા ભયને વખતે પણ ન ડગતાં ચાલાકીથી રસ્તો કાઢનારો હોવાથી જંગલની મુસાફરીએ જવું હોય ત્યારે ઘણે ભાગે અમે કિરીટને જ લઇ જતા.

[કિરીટનાં જંગલનાં પરાક્રમોની વધારે અદ્‌ભુત વાતો આવતા અંકમાં]

તેજમલ ઠાકોર

ઉગમણી ધરતીના દાદા કોરા કાગળ આવ્યા રે,
એ રે કાગળ દાદે ડેલીએ વંચાવ્યા રે.
કાકો વાંચે ને દાદો રસરસ રૂએ રે;
ઉપરવાડેથી તેજમલ ટોકાણું રે.

'શીદને રૂઓ છો, દાદા? શું છે અમને કો'ને રે.'
'દળ કટક આવ્યું દીકરી, વા'રે કોણ ચડશે રે?
સાત સાત દીકરીએ દાદા વાંઝીઆ કે'વાણા રે.'
'હૈયે હિમ્મત રાખો દાદા, વા'રે અમે ચડશું રે.'

'માથાનો અંબોડો તેજમલ, અસ્તો કેમ રે'શે રે?'
'માથાનો અંબોડો દાદા, પાઘડીકમાં રે'શે રે.'

'દાંત રંગાવેલ તેજમલ, અસ્તા કેમ રે'શે રે?'
'નાનાં હતાં ત્યારે મોસાળ ગ્યાં'તાં રે,
ખાંતીલી મામીએ દાંત રંગાવ્યા રે.'

'નાક વીંધાવેલ તેજમલ, અસ્તાં કેમ રે'શે રે?'
'અમારા દાદાજીને ખોટનાં હતાં રે,
નાનાં હતાં ત્યારે નાક વીંધાવ્યાં રે.'

'હાથનાં તાજવાં તેજમલ અસ્તાં કેમ રે'શે રે?'
'હાથનાં તાજવાં દાદા બાંયલડીમાં રે'શે રે.'

'પગનાં તાજવાં તેજમલ, અસ્તાં કેમ રે'શે રે?'
'પગનાં તાજવાં દાદા, મોજડીકમાં રે'શે રે?'

'ચાલો મારા સાથી, આપણ સોની હાટે જઈએ રે;
સોની હાટે જઇને સ્ત્રીને પારખીએ રે.

પુરુષ હશે તો બેરખે મન મો'શે રે;
સ્ત્રી જો હશે તો ઝુમણલે મન મો'શે રે.'

તેજમલ ઠાકોરીઆનાં ઓરખડે મન મો'યાં રે.

'ચાલો મારા સાથી, આપણ વાણી હાટે જઇએ રે;
વાણી હાટે જઇને સ્ત્રીને પારખીએ રે.
પુરુષ હશે તો પાઘડીએ મન મો'શે રે;
સ્ત્રી જો હશે તો ચુંદડીએ મન મો'શે રે.'
તેમજલ ઠાકોરીઆનાં પાઘડીએ મન મો'યાં રે.

'ચાલો મારા સાથી, આપણ સંઘેડા હાટે જઇએ રે;
સંઘેડા હાટે જઇને સ્ત્રીને પારખીએ રે.
પુરુષ હશે તો ઢોલીએ મન મો'શે રે;
સ્ત્રી જો હશે તો ચુડલે મન મો'શે રે.'
તેજમલ ઠાકોરીઆનાં ઢોલીએ મન મો'યાં રે.

'ચાલો મારા સાથી, આપણ દરીઆકાંઠે જઈએ રે;
દરીઆકાંઠે જઇને સ્ત્રીને પારખીએ રે.
પુરુષ હશે તો દરીઓ ડોળી ના'શે રે.
સ્ત્રી જો હશે તો કાંઠે બેસી ના'શે રે.'
તેજમલ ઠાકોરીઓ દરીઓ ડોળી ના'યો રે.

'ચાલો મારા સાથી આપણ લશ્કરમાં જઇએ રે;
લશ્કરમાં જઇને સ્ત્રીને પારખીએ રે.
પુરુષ હશે તો સામે પગલે ધાશે રે;
સ્ત્રી જો હશે તો પાછે પગલે ખસશે રે.'
તેજમલ ઠાકોરીઓ સામે પગલે ધાયો રે.

દળ કટક વાળી તેજમલ ઘેર પધાર્યાં રે;
દાદા ને કાકે મોતીડે વધાવ્યા રે. . .

આપણો મધ્યયુગ તો વીરનરોનો પાકકાળ હતો. એ વખતે ભય અને રક્ષણ વચ્ચે ઘોર જુદ્ધ જામતું. કાંસીઆઓની લુંટ, બહારવટીઆઓની ધાડ અને દુશ્મનોના હુમલાઓના હમેશના ભય લોકોને બેચેન રાખતા, એટલે તે સાહસિક, શુરવીર અને તૈયાર રહેતી. આજની બીકણ શાન્તિ અને પોચું સુખ તે વેળા નહોતાં. એ વખતની આ એક કથા છે.

એ કાળ કીર્તિ કમાવાનો નહિ પણ સેવા કરવાનો હતો. એ વખતની આપણી આવી કથાઓ ઇતિહાસને ચોપડે ચડેલી નથી; પણ સદાકાળ જીવતા ઇતિહાસ રૂપે ફુલની પેઠે લોકહૃદયના વહેનમાં વંશપરંપરા વહેતી આવી છે. ઇતિહાસ કરતાંયે એ અમર છે, કારણકે એ પ્રજાજીવનના પ્રાણરૂપ છે.

વૃદ્ધ દાદા ડેલીએ ડાયરો ભરીને બેઠા હતા.

બધા અમલચેન કરાવતા હતા. ગામનો બારોટ હુક્કો પીતાં પીતાં જોરદાર કવિત લલકારતો હતો.

એવામાં હાંફળોફાંફળો એક માણસ દોડતો આવ્યો અને 'ખમા બાપુને' કહી તેણે ગાદી આગળ એક પરબીડીયું મુક્યું. અપંગ દાદા તો અભણ હતા. પાસે બેઠેલાએ ચીઠ્ઠી વાંચવા માંડી. આખો કાગળ કોરો હતો. વચ્ચે બે શબ્દ લખ્યા હતા, 'આવી જાઓ'. આ સાંભળીને સૌ આભા બની ગયા. દાદાનું મોં લેવાઇ ગયું. ગામની રક્ષા કોણ કરશે એ વિચારે દાદાની આંખોમાંથી બોરબોર જેવડાં જળ ટપકવા લાગ્યાં.

ડેલી માથેની માઢમેડીમાં બાઇઓ બેસતી. દાદાની સાત પૌત્રીઓમાં તેજમલબા ચતુર અને શુરી હતી. એકદમ રંગરાગ બંધ થએલા સાંભળી બારીએથી એણે ડોકીઉં કર્યું. જુએ છે તો દાદાજીની આંખોમાં આંસુ. તેજમલથી ન રહેવાયું. તેણે પુછ્યું, 'દાદાજી, અમ બેઠાં આપને કાંઇ ચિંતા? આવડું શું કારણ?

દાદા—બેટા, તું શું કરે? ગામને પાદર કટક ચડી આવ્યું છે. તારા બાપુ ગયા એટલે હું તો સાતસાત દીકરીએ વાંઝીઓ.

તેજમલ—મા દાદાજી, ઓછું મા લાવો. હું દીકરો છું હો. વેરીના શા ભાર છે? વા'ર હું કરીશ.

દાદા—ઓઝલમાં તડકાછાયા દીઠલ નહિ ને કુંજના બચ્ચા જેવી કોમળ. બા, ઇ તમારૂં કામ નહિ.

તેજમલ—દાદાનો દેશ લુંટાય તે દીકરીથી જોયું જાય? અમારૂં જીવતર ધુળ મળે, દાદાજી.

દાદા—પણ તમે સ્ત્રીજાત......

તેજમલ—દાદાજી, આપનો દીકરો થઇને જઇશ. કોની મગદુર છે કે મને ઓળખે? આપ જુઓ તો ખરા.

એટલું બોલી તેજમલ ઓરડામાં ગઇ, અને પટારામાંથી પોતાના બાપનાં વસ્ત્રો કાઢી પહેરવા લાગી. પેચવાળી પાઘડીમાં અંબોડો ઘાલ્યો; હાથ ઉપરનાં છુંદણાં બંડીની લાંબી બાંય નીચે સંતાડ્યાં; પગનાં કુંદણાં પગરખાંમાં ઢાંક્યાં. આમ પુરૂષનો પોશાક સજીને બહાર નીકળી ઘોડી ઉપર સ્વાર થઇ.

એ વખતે તેજમલની મુખછટા ઓર શોભતી હતી. દાદા તો આ દેખી દંગ થઈ ગયા.

દાદા—તેજબા, તમે ખરાં બાકી. વેશ તો ખરો સજ્યો. પણ રંગેલ દાંત જોઇ કોઇ ઓળખશે તો?

તેજમલ—દાદાજી, એ તો કહેશું કે મોસાળ ગએલાં ત્યાં મામીએ હોંશથી રંગેલા.

દાદા—અને વીંધેલ નાકનું શું?

તેજમલ—એ તો દાદાજીને ખોટનાં હતાં તેથી નાનપણમાં વીંધાવેલું. દાદાજી આપ નચિંત રહો. હું આજ્ઞા લઉં છું.

હતું તેટલું ગામનું માણસ એકઠું કરી તેજમલ મોખરે ચાલી. કેટલાક સાથીઓને શક ગયો. દાદાને દીકરો નથી અને આ કોણ? તેજમલ ઠાકોર સ્ત્રીજાત છે એમ શંકા પડતાં ખાતરી કરવા તેઓ એને બજારમાં લઇ ગયા.

એક સાથી—બા, આ સોની ઘાટ સારા ઘડે છે. બેરખાના કરતાં ય આ ઝુમણાનું કામ તો જુઓ.

તેજમલ—ભાઈ, મને તો આ બેરખો જ સરસ લાગે છે.

બીજો સાથી—બા, આ વાણીઆની પેઢી. આ પાઘડીઓ ને આ બારબાગની ભાતીગર ચુંદડીઓ.

તેજમલ—ભાઈ, આ કસુંબલ પાઘડીઓ કેવી સુંદર છે!

સાથીઓ પછીથી તેજમલને સંઘેડીઆને હાટે લઇ ગયા. પરંતુ તેજમલે ત્યાં પણ દાંતની ચુડલીઓને બદલે ઢોલીઓ જ પસંદ કર્યો. વધુ ખાતરી કરવા તેઓ એને દરીએ નાવા લઈ ગયા. એમ જાણીને કે

પુરુષ હશે તો દરીઆ ડાળી ના'શે રે,
સ્ત્રી જો હશે તો કાંઠે બેસી ના'શે રે.

પણ

તેજમલ ઠાકોરીઆ તો દરીઆ ડાળી ના'યો.

આખરે તેઓ સૌ દુશ્મનના દળ સામે લડવા ગયા. સાથીઓએ ધાર્યું કે સ્ત્રી હશે તો રણમાં નહિ ટકે. પણ તેજમલે તો પાછો પગ કર્યા વગર ખુબ શુરાતનથી લડી જીત મેળવી. પછી તો

દળ કટક વાળી તેજમલ ઘેર પધાર્યાં રે;
દાદા ને કાકે મોતીડે વધાવ્યા રે.



ગુમ થએલી તસ્વીર

ઈ. સ. ૧૬૭૦ ના ઑક્ટોબરની ત્રીજી તારીખે સુરત શહેરનો દેખાવ જોવા જેવો હતો. આખા શહેરમાં નાસભાગ થઈ રહી હતી, અને કોઈ ભરૂચ તરફ તો કોઈ સ્વાલી તરફ રવાના થતા હતા. શીવાજી મહારાજની સવારી આવે છે એ ખબર અમને તો સપ્ટેમ્બરની બારમી તારીખે મળી ગયા હતા, એટલે ઑક્ટોબરની પહેલી તારીખ સુધીમાં તો અમારો ઘણોખરો કીંમતી સામાન ફેરવાઈ ગયો હતો; તેમજ પ્રેસિડેન્ટ મિ. ઓક્સેંડન અને આખી કાઉન્સિલ સ્વાલીના બંદર પર સહીસલામત પહોંચી ગયા હતા.

એક વખત સહીસલામતીવાળા સ્થાનમાં પહોંચ્યા એટલે મેં મારા કીંમતી સામાનની તપાસ કરવા માંડી. બીજું બધું તો સલામત હતું, પણ જેને મેં જીવથી પણ વધારે માનેલી, તે મારી મૃત માતાની સુંદર તસ્વીર જે પેટીમાં હતી તે જ માત્ર ગુમ થતી હતી.

હું હતાશ બની ગયો. એ તસ્વીર માટે મેં પંદર પંદર વર્ષ તપ કર્યું હતું. ઉપરાંત તે એક મિત્રની પ્રેમની ભેટ રૂપ હતી. હાય! આજે જ મને પહેલી વખત લાગ્યું કે મારી માતા હવે કોઈ દિવસ નહિ મળે. પરંતુ બીજો કોઈ ઉપાય હાથ રહ્યો નહિ. મારા કાકાને મેં એ વાત કરી, પણ તેણે તો માત્ર હસી કાઢ્યું! 'કેવો મૂર્ખ છોકરો! જ્યાં જીવનની સલામતી માટે ઈશ્વરનો આભાર માનવાનો છે ત્યાં પેટી માટે અફસોસ કરે છે!' શીવાજી પંદર હજાર મરાઠા સવારો સાથે સુરતમાં હતો અને હરવખતે નવા નવા આવનારા અમને જે સમાચાર આપતા હતા તે સાંભળી અમારાં ગાત્ર ઢીલાં બની જતાં હતાં.

કારગરનો માજી રાજા અબ્દુલ્લાખાન જે હમણાં જ મક્કેથી હજ પઢી પાછો વળી સુરતમાં રોકાયો હતો તેના પર હુમલો થયો હતો; અને અમારા ફ્રેન્ચ દૂતના સમાચાર પ્રમાણે તો બધી તુર્કી ટોપી રાત્રે નાસી ગઈ હતી. રાજાની સોનાની પાલખી શીવાજીને હાથ આવી ગઈ અને તે ઉપરાંત પણ પુષ્કળ ખજાનો મળ્યો.

પાંચમી ઑક્ટોબરે તો અમારી સુરત ખાતેની ફેક્ટરીમાં રહેલામાંથી બે મિત્રો શીવાજીને મળી આવી, ભેટ સોગાદ ધરી, કાંઈક મૈત્રીમાં ને કાંઈક ખુશામતમાં તેને પ્રસન્ન કરી નિર્ભયતાનું વચન લઈ આવ્યા હતા. પણ જ્યારે છઠ્ઠી ઑક્ટોબરે સમાચાર આવ્યા કે શીવાજી તોપો ઓળંગી સ્વાલી પર આવે છે, ત્યારે તો અમે અને અમારી સાથેના વેપારીઓ ભયથી અધમુઆ જેવા જ થઈ ગયા. પણ સદ્ભાગ્યે તોપો ઓળંગવાનો વિચાર શીવાજીએ પડતો મુક્યો ને સ્વાલીના હજારો વેપારીઓ બચી ગયા.

પણ હું જ્યારે સુરત પાછો ગયો ત્યારે મને માલુમ પડ્યું કે મારૂં સર્વસ્વ લુંટાઈ ગયું હતું. મારી પેલી કીંમતી પેટીનો તો પત્તો જ નહોતો. ગેરવ્યવસ્થા ને ગરબડમાં શીવાજીના માણસોએ જે હાથ પડ્યું તે લીધું હશે, એટલે મારી પેટી પણ આડકતરી કે સીધી રીતે શીવાજીની લુંટમાં જ ગએલી હશે: આ વિચાર કરતાં મને તમ્મર આવ્યા અને આખે શરીરે પરસેવો છુટ્યો. હવે સિંહના મોંમાંથી શીકાર મળે એ વાત અસંભવિત લાગી. હું તો રોતો રોતો પથારીમાં પડ્યો. બીજે દિવસે સવારે ઉઠ્યો ત્યારે મારા કાકાને એનો સદાનો કરડો ચ્હેરો ફેરવતા મારી સામે ઉભેલા જોયા. મેં નિશ્ચય કર્યો કે કાકાને કાંઈ કહેવું નહિ. પણ તે ડોસો તો એવો વિચક્ષણ હતો કે બધું એક ઘડીમાં કળી ગયો.

'તારૂં ધ્યાન પેલી પેટીમાં ચોંટયું છે તે હું જાણું છું. પણ પેટી શીવાજીની લુંટમાં ગઈ છે, તે જીવના જોખમે પણ હવે પાછી નહિ મળે !'

'કાકા!' મેં કહ્યું, 'એ પેટી હું પાછી લાવવાનો છું.'

'અને શી રીતે વારૂ? શીવાજીનું નામ તેં નથી સાંભળ્યું? સ્મિથનેપુછી જોયું છે કે શીવાજીના તંબુમાં કેમ જઈ શકાય છે?'

'હા, કાકા! અને મેં નિશ્ચય કર્યો છે કે હું તે પેટી લાવવાનો જ.'

મારા કાકા એ કાંઈ જવાબ વાળ્યો નહિ. પણ તે તપી ગએલા હતા અને મારૂં ભવિષ્ય સારૂં નથી એટલું કહી જતા રહ્યા. ઘડીક ખમીને તે પાછા આવ્યા ને મને શાન્તિથી સમજાવ્યું કે શીવાજીને અંગ્રેજો પર અત્યારે વેર છે, માટે આ સાહસ ખેડવું નહિ. મારા કાકાએ મને નાનપણથી પોષ્યો હતો, ને ભલે અત્યારે તે મારી મૂર્ખાઈ પર હસતા હતા, પણ તેમના હૃદયમાં મારે માટે પ્રેમ હતો. તેમને નિરાશ ન કરવાના હેતુથી મેં એમનું કહ્યું માની લીધું ને કાંઈ ન હોય તેમ કામમાં જોડાયો, પણ સાથે સાથે જ હું શીવાજીના સમાચાર મેળવતો હતો ને પહેલી તકે નાસી જવાની તૈયારી કરી રહ્યો હતો. અંતે એવી તક આવી. એક રાત્રે સૌ સુઈ ગયાં હતાં ત્યારે હું બહાર નીકળી પડ્યો. નીકળતી વખતે મેં મારા ગોપાળ નામના વિશ્વાસુ નોકરને સાથે લઈ લીધો હતો. અમે બન્ને ઘોડેસવાર થઈ નીકળ્યા ને ઝપાટાબંધ રસ્તો કાપવા લાગ્યા.

માર્ગમાં જે દૃશ્ય મેં જોયું તે ખરેખર અદ્દભુત હતું. મરાઠા લોકો વારંવાર હુમલા કરતા હતા, છતાં હરીઆળાં ખેતરોમાંથી ખેડુતો વાંસળી વગાડી વગાડી જંગલને ગજાવતા હતા. વનની શોભાથી જમીન સુંદર બની રહી હતી અને જ્યાં જુઓ ત્યાં આંખ ઠરે એવી રમણીયતા ભરી હતી. ચાંદનીમાં હું ને

છું તૈયાર

ફટાક મારાં બંધન તુટે
સ્વતંત્ર હું સરદાર,
આ સ્વતંત્ર હું સરદાર;
સહુની આગે ડગલાં છુટે
છું તૈયાર, છું તૈયાર.

ધમાક ચાલે ધરતી ધ્રુજે
અંતર જોમ અપાર,
છે અંતર જોમ અપાર;
અંગે ચેતન-તનખા સુમે
છું તૈયાર, છું તૈયાર.

પલપલ ભાવિ જીવન ભાળું
ઉઘડે દૃષ્ટિદ્વાર,
મુજ ઉઘડે દૃષ્ટિદ્વાર;
રૂમઝુમ ઉરઆનંદ ઉછાળું
છું તૈયાર, છું તૈયાર.

ઝટપટ કુચ કરોને વીરા !
કાપો પથવિસ્તાર,
હો ! કાપો પથવિસ્તાર;
જય જય ! જનનીસાદ અધીરા —
છું તૈયાર, છું તૈયાર.

ગોપાળ વાતો કરતા નીરાંતે ચાલ્યા જતા હતા. જ્યારે અમે મહૂર પહોંચ્યા ત્યારે સંખ્યાબંધ બેલગાડીઓ જતી દેખાઇ. દરેક બેલગાડી પાછળ તેની રક્ષા માટે ત્રીસ ત્રીસ સવારો ઢાલ, ભાલા ને તલવાર લઇ સજ્જ બની ચાલતા હતા. તેમની મોટી મોટી આંખો, લાંબી મુછો ને ઘેરવાળાં અંગરખાં જોનાર પર એક પ્રકારની સ્વાભાવિક શેહ પાડતાં હતાં. હું ને ગોપાળ ત્યાંથી નીકળ્યા કે તરત જ હવાલદારે અમને અટકાવ્યા, ને હથીઆર છોડી દેવા કહ્યું. મેં તેમ કરવાની ધસીને ના પાડી. હવાલદારે અમને કેદ કરી લીધા, અમારાં હથીઆર ખુંચવી લીધાં અને બરાબર ખબર લેવા માટે પુનામાં મહારાજની રૂબરૂ લઇ જવાનો પોતાનો નિશ્ચય જણાવ્યો. આ બધો વખત હું મનમાં ને મનમાં હસતો હતો. બીચારા હવાલદારને ખબર મહોતી કે હું શીવાજીને મળવા માટે જ પુના જતો હતો; એટલે હવાલદાર પોતે જ મને રજુ કરી દેતો હોય તો મારે તો એટલી મહેનત ઓછી! રસ્તામાં મરાઠા સીપાઇઓ મારી ને ગોપાળની સાથે બહુ સભ્યતાથી વર્તતા; અને અમે જ્યારે પુના પહોંચ્યા ત્યારે તો તેમાંના ઘણા મને કેદી કરતાં મિત્ર જેવો જ લેખતા થઇ ગયા.

રાયગઢના કિલ્લા પર આવી હવાલદારે મને ત્યાંના કિલ્લેદારના હાથમાં સોંપ્યો. કિલ્લેદાર બહુ ભલો આદમી લાગ્યો. તેણે મને પુછ્યું, 'તમે શા માટે સુરત છોડી આ બાજુ મુસાફરી કરી રહ્યા છો?' મેં કહ્યું, 'હું શીવાજી મહારાજને મળવા માગું છું.' બસ, ત્યાર પછી ત્રણ ચાર દિવસ મેં ખાધું પીધું ને મઝા કરી. કિલ્લામાં આશરે બે હજાર મરાઠા હતા અને તે સદા જાગ્રત રહેતા હતા. રાયગઢનો કિલ્લો એવા અભેદ્ય સ્થળ પર છે કે દુશ્મનનો હલ્લો ત્યાં ભાગ્યે જ ફાવી શકે. ચોથે દિવસે સવારમાં જ્યારે એક દૂતે આવી મને મહારાજ પાસે લઇ જવાનું કહ્યું ત્યારે મારી કલ્પનામાં શીવાજીની જે ભીષણ મૂર્તિ આવી તેનાથી ઘડીભર હું તો તેમની પાસે જવાનો વિચાર આવતાં જ કંપી ઉઠ્યો. સારા સુરતમાં અફઝલખાન અને શીવાજીના પ્રસંગ ચર્ચાયા હતા. જાવલીના સરદાર ચંદ્રરાવને જડમુળથી ઉખેડી નાખનાર શીવાજીની ધાક આખા ઉત્તર હિન્દુસ્તાનમાં બેસી ગઇ હતી. સ્મિથે છ વર્ષ પહેલાં જ શીવાજીની ભેટ લીધી હતી, ને તેની આકૃતિ વિષે, સ્વભાવ વિષે, એટએટલી વાતો કોઠીમાં ફરીફરીને ચર્ચાઇ હતી કે જેને અમે એક પ્રજાનો નાશ કરનાર ભયંકર પુરુષ માનતા હતા તેની સમક્ષ આજે જતાં મને ભારે ધાક લાગ્યો. મને એમ થઇ આવ્યું કે ચોક્કસ જ એક માણસ નમ તલવારથી મારો શિરચ્છેદ કરી નાખશે. પણ હવે તે બધા વિચારો નકામા હતા. હું હિમ્મતભેર દૂતની સાથે નીકળ્યો.

છેટેથી મેં જોયું તો એક સાદા ઓટલા ઉપર તદ્દન સાદી ચટાઇ પાથરી તેના પર શીવાજી મહારાજ બેઠા હતા. પાસે એક કુવો હતો, ત્યાં કેટલીક પનીહારીઓ પાણી ભરવા આવી હતી. તેમની કેડેથી ઉતરી ઉતરી ઓટલા પાસે શીવાજી મહરાજ સામે કેટલાંક છોકરાં ઉભાં હતાં. મહારાજ તેમની સાથે સરળ ભાવથી વાતો કરતા હતા અને હસીહસીને છોકરાંને પાસે બોલાવી તેમના હાથમાં ફળફુલ આપતા હતા. પણ જ્યારે મેં જોયું કે તેમની પાસે કોઇ અંગરક્ષક નથી ત્યારે મારા મનમાં મેં એક ગાંઠ તો બાંધી જ લીધી કે આ માણસમાં બીજું ગમે તે હોય, પણ વિશ્વાસઘાતનું તો એક બુંદ સરખું પણ નથી. શીવાજી મહારાજ પનીહારીઓમાંથી પણ ઘણીની સાથે વાત કરતા હતા; અને તેમનાં નાનાં નાનાં દુઃખની વાતો પણ એમના હિસાબમાં છે એવું જોતાં મને ખાતરી થઇ ચુકી કે હું જેની સામે ઉભો છું તે સુરતનો લુંટનાર શીવાજી નથી, પણ ગુરુ રામદાસનો આદર્શ શિષ્ય શીવાજી છે. મારી બધી ભીષણ કલ્પના અને સ્મિથે આપેલું વર્ણન ચાલ્યાં ગયાં. હું મારૂં કામ પણ ભુલી ગયો, અને મને લાગ્યું કે જેનો પ્રતાપ આટલો ગાજે છે તેના હૃદયમાં તો દયાનાં સરોવરો ભર્યાં છે. મવાલીમાં પ્રાણ પુરનાર આ પુરુષને જોતાં મને પહેલી જ વખત લાગ્યું કે ખરેખર આજ મેં એક મહાન પુરુષ જોયા છે.

પરંતુ તે દિવસે મને મહારાજનાં દર્શન જ થયાં; મુલાકાત ન થઇ શકી. કારણકે મહારાજને કામ



મહારાજ છોકરાંને પાસે બોલાવી તેમના હાથમાં ફળફુલ આપતા હતા.

હોવાથી થોડી જ વારમાં તે બીજે જતા રહ્યા. હું મારે મુકામે આવ્યો, પણ હવે તો એક વખત શીવાજી મહારાજને જોયા પછી જ ચેન પડે એવી મને એમની મોહિની લાગી !

બીજે દિવસે સાંજના વખતે મને તેડવા માટે ફરી દુત આવ્યો. હું કિલ્લામાં ગયો તો ત્યાં આજે સુરતની લુંટના માલનું પ્રદર્શન ભરાયું હતું. ખુબ ચોકસાઈથી બધો માલ ગોઠવવામાં આવ્યો હતો. મોટા મોટા ઇરાની ગાલીચા પર સોનારૂપાનાં વાસણોમાં મોતીની માળાઓ, મોટા પાણીદાર હીરા, માણેક, પોખરાજ ને નીલમ પડયાં હતાં. અમદાવાદી કીનખાબ ઉપર ઉંચા પ્રકારનું ભરતકામ કરેલાં બહુમૂલ્ય વસ્ત્રો પણ હતાં. પાટણનાં પટોળાં, ઢાકાની મલમલના તાકા,* બનારસી વાસણો ને દિલ્હી આગ્રાના હુક્કા—એવી એવી અનેકવિધ બહુમૂલ્યવાન વસ્તુઓ ત્યાં હતી. પણ પણ મારી નજર તો પેલી મારી માની છબીવાળી પેટી પડી હતી ત્યાં હતી. બસ, એ જ પેટી અને એ જ તસ્વીર ! એ કેટલી પાસે પડેલી હતી, અને છતાં કેટલી દૂર હતી !

આજે લોકોની ધમાલ હતી. સૌ જોઇજોઇને નવાઈ પામતા હતા. પાસે એક ગાલીચા પર શીવાજી

---

*જે દિવસે શીવાજીએ સુરત લુંટ્યું તે જ દિવસે દિલ્હીનો એક વેપારી ઢાકાની મલમલના તાકાનાં ગાડાં ભરી સુરતમાં આવેલો હતો. તે પણ લુંટના ઝપાટામાં આવી ગયાનો ઐતિહાસિક પુરાવો છે.

મહારાજ બેઠા હતા. તેમણે લાલ કસુંબલ પાઘડી બાંધી હતી, અને તેના પર જડાઉ શિરપેચ શોભી રહ્યો હતો.

પહેલે દિવસે તો શીવાજી મહારાજને દૂરથી જોયા હતા; આજે છેક નજીકથી નીહાળ્યા. એમના રાજપુત મોં પરનું કાંઇક વાંકું નાક એમને જુદું જ રૂપ આપી રહ્યું હતું. શીવાજી ઠીંગણા હતા, પણ એમનો બાંધો બહુ સપ્રમાણ હતો. સૌથી વધારે મહત્ત્વની તો એમની આંખો હતી. તેમાંથી તેજની ધાર છુટતી હતી. મોરોપંત પિંગલે અને તાનાજી માલુસરે ત્યાં પાસે જ ઉભા હતા. ગાદીની પાછળ થોડે દૂર બે ભાલેદાર ઉભા હતા. મને જોઇને મહારાજે તરત સવાલ કર્યો, 'ફિરંગી લોક, કેમ આવ્યા હો?' મેં વિનયથી જવાબ વાળ્યો, 'આપનાં દર્શનની અભિલાષા હતી, તેમજ મારી એક પેટી સુરતથી મેળવેલી લુંટમાં છે. પેટીમાં કાંઇ કીંમતી ચીજ નથી, પણ મને એ બહુ જ પ્યારી છે. તેમાં મારી માની એક તસ્વીર છે. આપ એને પાછી આપવાની કૃપા કરો.' થોડીવાર રહીને મહારાજે જવાબ વાળ્યો, 'એનું મૂલ્ય રાજકોષમાં આપીને લઇ જાઓ.'

પણ હું તો ખાલી ખીસે હતો. મારા અને ગોપાળના ઘોડા પણ રાજની મિલ્કત લેખાઇ ચુક્યા હતા. મેં કહ્યું, 'અમારા મહાન કવિ શેક્સપીઅરે કહ્યું છે કે રાજપદ સિંહાસનમાં નથી, મનમાં છે.' પણ આ વાક્યની મહારાજ પર કાંઇ અસર થઇ નહિ. તેમણે મોં મલકાવ્યું ને જવાબ વાળ્યો, 'ફિરંગી લોક, તમારી વાત સાચી છે; પણ સુરતની લુંટ હવે તો પ્રજાની થઇ ચુકી છે. એમાંથી હું કેમ કાંઇ ખર્ચી શકું?'

આ વાર્તાલાપ થયા પછી ત્રણચાર દિવસમાં રાયગઢ છોડવાનો મને હુકમ મળ્યો.

●

હું જે દિવસ રાયગઢ છોડવાનો હતો તેને આગલે દિવસે કિલ્લાના પહાડી સ્થાન પર આથમતી સંધ્યા જોતો હું બેઠો હતો. ઇંગ્લંડનો ધુમસથી વીંટાએલો દરીઆ કીનારો મારી નજર આગળ તરતો હતો. પાંચ હજાર ગાઉ દૂરથી મારૂં પેલું ખુણેખાંચરે પડેલું મકાન આજે આંખો આગળ તરવરી રહ્યું હતું. રાયગઢની ટેકરીઓમાં અંધકાર ફેલાવો શરૂ થયો હતો. મારી નજર દૂર દૂરનો ભાગ મુકી પાસેનાં સ્થાન જોવાં મંડી. મારી સામેના રસ્તા પર એક સાદો મરાઠો સીપાઈ ધીમે પગલે ચાલ્યો જતો હતો. થોડે દૂર એ ચાલ્યો ન ચાલ્યો, ત્યાં ત્રણ જણા પાસેની ઝાડીમાંથી નીકળી એને વીંટી વળ્યા. ત્રણે જણાના હાથમાં ઉઘાડી તલવારો હતી. વીજળીના ઝબકારા જેમ મરાઠા સીપાઇની તલવાર નીકળી ને થોડીવારમાં હવામાં સરસરાટ થવા માંડ્યો. તલવારો અથડાવા લાગી. હું તો પલવાર સ્તબ્ધ જ બની ગયો. પણ એ અસર તરત ગઈ ને હું હતો ત્યાંથી વીજળી વેગે તેમના તરફ દોડ્યો. મારી પાસે હથીઆરમાં માત્ર એક લાકડી હતી. તે બરાબર ફેરવીને મેં ત્રણમાંના એકના માથામાં એવા તો જોરથી ઘા કર્યો કે તે ગોઠણીઆભેર નીચે પડી ગયો. એ જોઇને બીજો તરત મારા તરફ ફર્યો. તેણે મારા પડખા પર તલવારનો ઘા કર્યો, પણ તે મારા ઓવરકોટમાં અફળાઈ તલવાર અંદર પેસી રહી. ફરી એ તલવાર ખેંચે તે પહેલાં તો મેં તેને એક પત્થર પર જ પલટાવી માર્યો ને તેની છાતી પર ચઢી બેઠો. મારી સામે હવે બે જણા લડી રહ્યા હતા. મરાઠા સીપાઇએ પેલાને એક જ ઘાથી ઉડાવી દીધો. પણ એ જોઈ મારી નીચે પડેલો આદમી છટકી ગયો ને ઝાડીમાં અદૃશ્ય થઈ ગયો.

'ફિરંગી બહાદુર!'

એ શબ્દો સાંભળતાં જ હું આશ્ચર્ય પામ્યો. હું પાસે આવ્યો, 'કોણ મરા...'

પણ મારા શબ્દો મોંમાં જ રહ્યા. મહારાષ્ટ્રના સ્વામી શીવાજી મહારાજ પોતે જ સાદા મરાઠા સીપાઇના વેષમાં મારી સામે ઉભેલા હતા. મેં એકદમ વાક્ય ફેરવ્યું, 'કોણ મહારાજ...'

'ફિરંગી બહાદુર!' શીવાજી મહારાજ બોલતા હતા, 'આજ તેં મહારાષ્ટ્રની લાજ રાખી છે. તેં મારો પ્રાણ બચાવ્યો છે—પ્રાણથી પણ વહાલો યશ સાચવ્યો છે. બોલ હું તને શું આપું?'

હું કંઈ બોલું તે પહેલાં તો મરાઠા સીપાઈઓ ચારે પાસથી દોડતા આવતા હતા. તેમાંના કેટલાકનાં મોં પર મૃત્યુ જેવી ફિક્કાશ હતી. દગાનું નામ સાંભળીને જ કંઇ અમંગળની કલ્પનાથી તેઓ વ્યગ્ર બન્યા હતા. થોડીવારમાં બંને લાશ ઉપડી ગઈ. હુમલો કરનાર ત્રણે મુસલમાન હતા ને દીન ઇસ્લામના શત્રુને મારવા તેમણે આ યુક્તિ ગોઠવી હતી.

બીજે દિવસે સવારે ભરસભામાં મારી પ્રશંસા કરીને શીવાજી મહારાજે કહ્યું, 'ફિરંગી બહાદુર, તારે જે જોઇએ તે માગી લે!'

અને મારા મનમાં શું હતું? મારી માની તસ્વીર વાળી પેલી પેટી.

પણ એ જ વખતે ડૉ. બારટન યાદ આવ્યો. મારી માની સાચી તસ્વીરમાં ઇંગ્લંડની ભૂમિને કીનારે ફરતા ખલાસીઓ યાદ આવ્યા. એમના માટે હું કાંઇક કરૂં એ પ્રેરણા મને વ્યાપી ગઇ. મેં કહ્યું, 'મહારાજ! મારા જાતભાઇઓને આપના રાજ્યમાં વેપાર કરવાની છુટ આપો!'

મહારાજના મોં પર આછું સ્મિત ફેલાયું. 'બહાદુર પુરુષ! થોડા દિવસ પહેલાં તો તેં તારી પેટી માગી હતી.'

'જી મહારાજ, પણ મારા દેશભાઇઓનું મેં હિત કર્યું છે એની યાદ મને મારી માની તસ્વીર કરતાં પણ વધારે વ્હાલી લાગે છે.'

શીવાજી મહારાજે પેલી પેટી અને બીજી મૂલ્યવાન વસ્તુઓ મને આપવા હુકમ કર્યો. તેમાં એક સુંદર મોતીનો હાર પણ હતો. હજીયે એ હાર જોઉં છું ત્યારે વીર શીવાજીની તેજભરી મૂર્તિ મારી નજર આગળ ખડી થાય છે.

'ધૂમકેતુ'

(અંગ્રેજી લખાણો પરથી)

દહીં

સાધારણ રીતે છોકરાંઓને દહી બહુ ભાવે છે; અને ઘણાં તો દિવસ હોય કે રાત, શીઆળો હોય કે ઉનાળો, પણ દહી ખાય જ છે.

દહીં ખાવાના કેટલાક કાળ છે. અમુક કાળે દહીં ખવાય તો ફાયદો કરે અને અમુક વખતે ખવાએલું દહીં નુકસાન કરે. તેમજ દહીં સાથે ખાવાની ચીજોનું પણ સમજવું. કેટલીક ચીજો દહીં સાથે ખાવાથી ફાયદો કરે છે, તો કેટલીક નુકસાન કરે છે.

રાત્રે તો કદિ દહીં ખાવું નહિ. કારણકે તેથી અલક્ષ્મી વધે છે; સાંધામાં કળતર થાય છે. કહેવત છે કે રાત્રે દહીં ખાનારના ઘરમાં કદિ ચોર આવતા નથી. ક્યાંથી આવે? સાંધામાં કળતર થતું હોવાથી તે બુમો પાડતો જાગતો જ હોય છે!

દહીં સાથે ઘી ખાવાથી ખોરાક પચે છે, વાયુ મટે છે અને પિત્તનો પ્રકોપ થતો નથી. દહીં સાથે સાકર ખાવાથી તરસ અને દાહની શાન્તિ થાય છે.

મગની દાળ સાથે દહીં ખાવાથી રક્તપિત્ત શાન્ત થાય છે. મધ સાથે દહીં ખાવાથી દહીંના દુર્ગુણો ઓછા થઈ જાય છે. આમળાંનું ચૂર્ણ નાખીને દહીં ખાવાથી વાત, પિત્ત અને કફનો નાશ થાય છે.

દહીં ઉનાળામાં અથવા ઉનું કરીને તો કદિ ખાવું નહિ; કારણકે તેથી રક્તપિત્તની વૃદ્ધિ થાય છે.

ઉપર જણાવેલી ચીજો સિવાય, અને કવખતે દહીં ખાવાથી નુકસાન થાય છે; અને કદિક તાવ, રક્તપિત્ત, રતવા, કોઢ અથવા ચામડીનાં બીજાં દરદો, પાંડુરોગ, કમળો અને ચક્કરનાં દરદો લાગુ પડે છે.

અમૃતલાલ માણશંકર પટ્ટણી

હૃદયનાથ

આજ સુધીમાં બે જ વ્યક્તિઓ હિન્દી પ્રજાના ‘હૃદયનાથ’ બની શકી છે: રામ અને કૃષ્ણ. બુદ્ધ અને મહાવીરે ઘણા વખત સુધી લોકહૃદય પર રાજ્ય કરેલું ખરું, પરંતુ રામ અને કૃષ્ણનું પદ તો ભારતીય પ્રજાના હૃદયમાં સદા અચ્યુત છે.

પણ હમણાં થોડા વખત પહેલાં ‘નવજીવન’ના એક લેખમાં ગાંધીજીને હિન્દી પ્રજાના હૃદયનાથ કહ્યા છે. ગાંધીજી શું ખરે જ ભારતવાસીઓના હૃદયનાથ છે?

આગગાડીમાં મુસાફરી કરતા હઇએ ત્યાં ડબામાં ગાંધીજીની ચળવળની વાતો થતી હોય; સ્ટીમરની સફરે નીકળ્યા હોઇએ ત્યાં નીરાંતે કૅબિનમાં સુતા સુતા અસહકારનું સાહિત્ય વાંચતા હોઇએ; રગશીઆ ગાડામાં બેસીને ગામડામાં ફરવા નીકળ્યા હોઇએ તો પેલો ઉઘણશી ગાડાવાળો ગાંધીના જ સમાચાર પુછે; કે પગપાળા કોઇ ડુંગરાળ મુલકમાં અર્ધનગ્ન જંગલવાસીઓ ગાંધી બાપજીના જ ખબરઅંતર પુછે.

નીશાળનાં નાનાં બાળકો પોતાની નવી ચોપડીને પુંઠે ગાંધીજીની છાપ ચોડે; મોટા વિદ્યાર્થીઓ સરકારી શાળામાં અળખામણું મનાતું ગાંધીજીનું નામ, વર્ગમાં કોઇ હાજર ન હોય ત્યારે, મોટા અક્ષરે ચાકથી કાળા પાટીઆ પર લખી નાખે; રસ્તે ચાલતાં છોકરાં સમજે અણસમજે પણ ‘ગાંધીજીની જય’ના પોકારો કરે.

કન્યાશાળાંમાં ‘મારી બ્હેનો સ્વરાજ લેવું સહેલ છે’ના ગરબાથી કન્યાઓ ગાંધીજીને જાણતી થાય; અને આગળ વધતાં મોળાકત–ઍવરત અને એવાં વ્રતોમાં કે નવરાત્રી જેવા ઉત્સવોમાં બાળાઓ મંદિર કે શેરીઓના વિશાળ ચોકમાં ‘સ્વરાજ લઇ વહેલા આવજો રે’ અથવા ‘એવા ગાંધી ગુજરાતે ઉતર્યા રે’ ના ગરબા ને રાસડાની ઝુક બોલાવે.

કવિઓ એ ‘તપસ્વી’નાં સ્તુતિકાવ્યો રચે; ચિત્રકારોની પીંછી એની જ તેજસ્વી મૂર્તિ ચીતરે; લેખકો બધા વિષયોમાં ગાંધીજીના જ પડઘા પાડે; પુસ્તક રચનારાઓ ગાંધીજી સિવાય પોતાનો ‘નમ્ર પ્રયાસ’ કોને સાદર ભેટ કરે?

તમે કોઇ સંન્યાસી કે બાવાઓના અખાડાઓમાં જાઓ કે કોઇ આચાર્યોનાં મંદિરોમાં ફરો, કોઇ સાધુના મઠમાં કે કોઇ ફકીરને તકીએ લટાર મારો, ભજનની ધૂન મચાવતી કોઇ રામાનંદી ભજનમંડળીમાં જામી જાઓ કે ચરસ ને ગાંજો ફુંકતા કોઇ અવધૂતોની જમાતોમાં ડોકીઉં કરો: જરૂર તમને ત્યાં અનેક રૂપે ગાંધીનું દર્શન થશે.

શહેરની શેરીઓમાં ફરો કે ગામડામાં જઇ એકાદ દિવસ ગાળો; સાચેસાચ ગાંધી તમને સર્વવ્યાપી જણાશે. વાણીઆઓની દુકાને જઇ બેસો, તો ગાંધીજીની સ્વદેશી હીલચાલે બજારો ક્યાં કાણાં કર્યાં તેની જ વાતો ચાલતી હશે. કારીગરોની દુકાનો કે કોઢમાં જઇ જરા બેસજો. કોઇ કહેતું હશે, ‘એમાં ગાંધીએ નવું શું કર્યું? રેંટીઓ અમારા ઘરમાં હજુ ચાલે જ છે. ખાદી વિના અમે હજુ પહેર્યું જ નથી, અને બીજી પરદેશી ચીજ અમારે શા માટે વાપરવી જોઇએ?’ કોઇ કહેશે, ‘ગાંધીએ રંગ રાખ્યો, બાપા. ઇ વગર અમારી આંખ્યું ઉઘડત નહિ તો.’ દરજી, લુહાર, સોની

સૌ કોઇ 'કાં ભાઇ, ગાંધીના કાંઇ સમાચાર?' એમ જ પુછે. અને તમારો દયાળ વાળંદ પણ ખાદીનો રૂમાલ રાખી ગાંધી પ્રત્યેની પોતાની અપ્રકટ ભક્તિ પ્રકટ કરે!

શરાબખાનાના રસીઆ સાહેબજાદાઓ પણ દારૂપરના પહેરાની ચર્ચા કરતા હોય; અને ઘેર વાટ જોતી તેમની સ્ત્રીઓ ગાંધીને અંતરની આશીષ આપતી હોય કે 'ભલું થજો એ વાણીઆનું કે જે દારૂપર આટલી ચોકી મુકી અમારા ભાયડાઓને શરમાવે છે!' અને અન્ત્યજોના એ તારણહાર વિષે તમારૂં પાયખાનું કાઢતા કે રસ્તો વાળતા કોઈ ઢેડભંગીની સાથે—જો તમને સુગ ન ચડે—તો જરા વાત કરી જોજો. ગદ્‌ગદ કંઠે આંખમાં આંસુ લાવી તે કહેશે, 'શું કહીએ? અમારો સાચો પ્રભુ ઈ છે—મારો ગાંધી બાપો.'

'એક ઘા ને બે કટકા' એ જ સૂત્ર માના ધાવણમાં ધાવીને અવતરનાર આપણા ઝનુની મુસલમાન ભાઇઓના મનમાં, તેમના ધર્મ ખાતર માથું આપવા તૈયાર થનાર એ હિન્દુ વાણીઆ માટે કેટલો નિઃસીમ પ્રેમ છે એ ક્યાં કોઇથી અજાણ્યું છે?

પાણીશેરડે પાણી ભરતાં, ઘંટી કે ઓરસના ધમકારા બોલાવતાં, દાણાફાણી વીણતાં, લુગડાં સાંધતાં કે છોકરાંને હીંચોળતાં સ્ત્રીઓને મોંએ એનું જ નામ રમી રહ્યું હોય. જીંદગીને કાંઠે બેઠેલાં ઘરડાં ડોશીમા દીકરાના દીકરાને ખોળામાં રમાડતાં રમાડતાં ઓટલે બેઠાં બેઠાં, ફળીઆમાં કોઇ જતાઆવતાને કે પડોશના કોઈ 'ભણેલા'ને પોતાને જુનો વહાલો રેંટીઓ ફરી સજીવન કરનાર એ ગાંધીના જ ખબર પુછે.

શેરીમાં ફરતાં નાગોડીઆં છોકરાં એને જાણે; નીશાળમાં ભણતા નાના મોટા સૌ તો એને જાણે જ જાણે; ગરબા ગાતી બાળાઓ ને સ્ત્રીઓનાં મોંમાં કે કવિતાની કડીઓ બોલતા છોકરાની જીભે એનું નામ હોય; માગણ વેરાગી કે ભરથરીના સારંગી કે રાવણહથાના સૂર સાથે એનું નામ ગુંજી રહે; બજાર ચોકની હાટ દુકાને કે ચૌટા ચકલાને નાકે, દેવ મન્દિરોના સભાગૃહમાં કે ચોરાના ડાયરામાં—જ્યાં જુઓ ત્યાં એનું જ નામ ગવાતું હોય.

દીકરા વગરની માતાઓ 'દીકરાવાળી થઇશ તો એને જનમભર ખાદી જ પહેરાવીશ' એમ કહી ગાંધીના નામે માનતા રાખે; હિન્દુ સમાજ એનો જન્મદિન એક મહાપર્વ તરીકે ઉજવે; એને નામે ખાલી કુવા કે વાવમાં અમીઝરણાં વહ્યાની વાતો બહાર આવે; એનાં દર્શન માટે અનેક દેહાતીઓ અરધી રાતે વરસતા વરસાદમાં ઉજ્જડ સ્ટેશનોને ભરી મુકે; એને બોલે કે નામે લક્ષ્મીનો વરસાદ વરસે; એની એક હાકલે અનેક લક્ષ્મીપુત્રો કફની પહેરી 'જેલમ્હેલ'નો નિવાસ સ્વીકારે.

ગાંધીજી શું ખરે જ ભારતવાસીઓના હૃદયનાથ છે?

'ગિરીશ'

અથાણું

કહેવાય છે કે રાવણને દસ માથાં હતાં. સાચે જ, ત્યારે તો એની બહુ મઝા! મારા મનમા ઘણી વાર પાંચ સાત વાતો કહેવાનો વિચાર થાય છે, પણ મોઢું એક જ હોવાને લીધે હું કહી શકતો નથી.

રાવણ તો બસ, આમ સિંહાસન ઉપર બેસે. એક મોંઢે પ્રધાનને પુછે, 'કેમ પ્રધાનજી, રાજ કેમ ચાલે છે?' એ જ વખતે પાછો બીજે મોંઢે સેનાપતિ સાથે, તો ત્રીજે મોંઢે મંદોદરી સાથે વાતો કરે!


પરંતુ એક વાર એક દાસી થાળ ભરી પકવાન્ન લઈ આવી. એમાં લાડુ બે જ હતા. તે દરેક મોઢાને જોઇતા હતા. પણ હાથને થોડી જ અક્કલ છે? તેણે તો બન્ને લાડુ એક જ મોઢાને ખવડાવ્યા. પછી તો પુછવું જ શું? બીજાં બધાં મોઢાં તે મોઢા ઉપર વાઘની જેમ ધસી આવ્યાં, અને બટકાં ભરીભરીને તે મોઢાને લોહીલુહાણ કરી નાખ્યું. પેલા હાથની પણ તે જ દશા થઇ.

અમારે તો, ભાઈ દસ મોઢાં નથી જોઇતાં!

કાકા દત્તાત્રેય કાલેલકર


ભાવનગર

પહેલાં ગોહિલોની રાજધાની સીહોરમાં હતી. હાલમાં જ્યાં ભાવનગર છે ત્યાં પહેલાં વડવા નામનું નાનું ગામડું હતું. એક વખત સીહોરથી મહારાજા ભાવસિંહજી શીકાર કરવા માટે ત્યાં આવી પહોંચ્યા. આસપાસ સીહોર પાલીતાણાના ડુંગરાનો, પીરમ બેટનો અને દરીઆનો સુંદર દેખાવ જોઈ તથા સાથેસાથે દરીઆને લીધે વેપારની ઉન્નતિ થશે એ વિચારથી તે ખુશ થઈ ગયા, અને સંવત ૧૭૭૯ ના વૈશાખ શુદ ત્રીજને દિવસે, પોતાના નામ ઉપરથી ભાવનગર નામની રાજધાની વસાવી રહ્યા.



રાજમહેલનો પૂર્વ તરફનો દરવાજો

ભાવનગરનાં જોવાલાયક સ્થળોમાં જુનો રાજમહેલ એ મુખ્ય છે. આ રાજમહેલમાં જે જુનામાં જુનો ભાગ હતો તે આશરે સંવત ૧૯૫૩ ની ભયંકર આગ વેળા નાશ પામ્યો છે. પરંતુ તેમાંનો પૂર્વ તરફનો આ દરવાજો હજી સુરક્ષિત છે, અને તે કાળના રાજપુરુષોની કળા પરની પ્રીતિનો નમુનો છે. તેમાં હિન્દુ બંધારણ છે પણ કેટલાક અલંકારોમાં ગ્રીક અને ઇટાલીઅન રૂપો છે. છતાં તે બહુ ચતુરાઈથી મેળવી લેવામાં આવ્યાં છે, અને વિખુટાં લાગતાં નથી. એ દરવાજો ભુજ તરફના કારીગરોએ બનાવેલો કહેવાય છે.



ભાવનગર

રાજમહેલનો ઉત્તર તરફનો દરવાજો

રાજમહેલની આગમાં જે દરવાજો બળી ગયો હતો તેની સ્મૃતિ તો અત્યારે ભાવનગરમાં કોઈકને જ રહી હશે. પરંતુ સુભાગ્યે અમને તેનો આ સુંદર ફોટોગ્રાફ મળી આવ્યો છે. તે ઉપરથી તેની કારીગારીનો પુરો ખ્યાલ આવી શકે છે. તે બંધારણમાં શુદ્ધ હિન્દુ ઘાટનો છે, અને તેની આકૃતિ તથા નક્શીમાં જુની પરંપરા સાફ જળવાઈ રહી છે. પરતુ તેની અર્ધગોળાકાર કમાન જુની રજપુત બાંધણીમાં ક્યાંય જણાતી નથી. અહીં તેનો ઉપયોગ થયો છે તે પરથી લાગે છે કે એ કારીગરો જુની રૂઢિના દાસ ન રહેતાં પોતાને રૂચતા નવા સુધારા પણ કરતા રહેતા હશે.

Photo: Johnston and Hoffmann




Photo: Johnston aud Hoffmann

રૂવાપરીનો દરવાજો: ભાવનગર

આ દરવાજાનું અત્યારે તો માત્ર નામશેષ રહ્યું છે. તેનું સ્થળ શોધી કહાડવાનું પણ હાલની પ્રજાને મુશ્કેલ પડે. બાર્ટન પુસ્તકાલયને એક ખુણે હનુમાનની મૂર્તિ છે તે આ દરવાજાની મર્યાદા ઉપર જ છે. આ ફોટોગ્રાફ જોયા બાદ કોઈ ત્યાં જઈ જુએ તો અંદરનાં ઘણાં ઘરો હજુ દેખાશે. આ સુંદર દરવાજો હોત તો અત્યારે પણ નગરની શોભામાં વધારો કરતો હોત.

તે વખતે મરાઠાનું જોર હતું અને તેઓ કાઠીઆવાડ પર પણ ચડી આવ્યા હતા. તેઓએ ગોહિલવાડમાં આવી, ભાવસિંહજીને સીહોરનો કિલ્લો આપી દેવા ધમકાવ્યા. ભાવસિંહજીએ મરાઠાનું લશ્કર ઘણું જ મોટું હોવા છતાં સીહોરના કિલ્લામાં રહી મરાઠા પર વિજય મેળવ્યો અને સીહોર તેમના તાબામાં જ રહ્યું. ત્યારપછી ભાવસિંહજી ૬૧ વર્ષ રાજ્ય કરી મૃત્યુ પામ્યા.

પછી ગાદીએ આવ્યા અખેરાજજી. પહેલાં વળા પણ ભાવનગરના હાથમાં હતું, પણ અખેરાજજીએ પોતાના નાના ભાઇ વીસાજીને વળા ગરાસમાં આપી દીધું. ત્યારથી વળા સ્વતંત્ર થયું.

તેમના પછી વખતસિંહજી ગાદીએ આવ્યા. તે વખતે ભાવનગરના તાબામાં માત્ર વરતેજ, ઉમરાળા, ગુંદી કોળીઆક, ભંડારીઆ, ત્રાપજ, દીહોર અને થોડા-એક ભાલનો ભાગ હતો. તેમાં વખતસિંહજીએ ઇ. સ. ૧૭૭૦ માં તળાજા, અને ૧૭૮૪ માં ઘણો જ ફળદ્રુપ મહુવા પ્રાંત તથા રાજુલા ઉમેર્યા. ત્યાર પછી કુંડલા અને લીલીઆ જીતી લીધાં, અને ચીતળની લડાઇમાં બોટાદ તથા ગઢડાના કાઠીઓને હરાવી ત્યાં પણ પોતાનાં થાણાં બેસાડ્યાં. તેમના વખતમાં ભાવનગર ૧૮૦૮ માં વૉકર સેટલમેંટમાં જોડાયું. ૧૮૧૬ માં ૪૪ વર્ષ રાજ્ય કરી આ વિજયી રાજા મરણ પામ્યા.

તેમના પૌત્ર દાજીરાજના વખતમાં નવી કેળવણીની તાલુકા સ્કુલ ભાવનગરમાં પહેલવેલી ૧૮૫૨ માં શરૂ થઇ.

તેમના પછી યશવંતસિંહજી ગાદીએ આવ્યા. ૧૧૬ ગામની દીવાની ફોજદારીનો હક કંપની સરકારના હાથમાં હતો તે અરજી કર્યાથી ભાવનગરને વિલાયતની સરકારે પાછો આપ્યો. કાઠીઆવાડના કાબેલ મુત્સદ્દી ગગા ઓઝા (ગૌરીશંકર ઉદયશંકર) તેમના જ વખતમાં ભાવનગરમાં પ્રધાન થઇ ગયા. યશવંતસિંહજીએ પોતાના નામ પરથી ભાવનગરને શોભારૂપ યશોનાથ નામનું અતિશય વિશાળ શિવાલય બંધાવ્યું. મોટી ધાર્મિક સભાઓ મોટે ભાગે ત્યાં જ ભરાય છે. તેમણે કન્યાશાળા ઉઘાડી અને લોકોમાં કન્યા કેળવણીનો દાખલો બેસે તે માટે પોતાનાં કુંવરીને પણ ત્યાં ભણવા મુક્યાં. ઉપરાંત એક દવાખાનું બંધાવ્યું અને ન્યાયકોર્ટ શરૂ કરી. ૧૮૭૦ માં તે સ્વર્ગવાસી થયા.

આ વખતે તખ્તસિંહજી નાના-૧૨ વર્ષના-હોવાથી સરકાર તરફથી ઍડમિનિસ્ટ્રેશન મુકાયું. સરકાર તરફથી ઇ.એચ. પરસીવલ તથા ભાવનગરના અનુભવવૃદ્ધ દીવાન ગગા ઓઝાનો સંયુક્ત કારભાર શરૂ થયો. એ અમલ દરમ્યાન રાજ્યમાં ઘણા સુધારા થયા. ભાવનગર હાઇકોર્ટ અને ઍાલ્ફ્રેડ હાઇસ્કુલ બંધાઇ, મ્યુનિસીપાલીટી ઉઘડી. લોકોને મીઠા પાણીની ઘણા વખતથી તંગી હતી તે દૂર કરવા ગૌરીશંકર સરોવર (બોર તળાવ) બંધાવ્યું; બંદરનો કાંઠો બંધાવ્યો; પરસીવલ સાહેબના નામ પરથી ભાવનગરમાં પરસીવલ માર્કેટ બંધાઇ.

ત્યારપછી તખ્તસિંહજી ઉમરલાયક થતાં તેમના હાથમાં રાજ્ય આવ્યું. તેમણે પરોપકાર અને લોકોનાં ભલા માટે લખલુટ પૈસા ખરચ્યો. તેમણે ભાવનગર-ગોંડળ રેલ્વે રૂ. ૮૬ લાખના ખર્ચે બંધાવી. પોતાનાં મહારાણીના નામથી 'માજીરાજ કન્યાશાળા' બંધાવી. ગરીબોને મફત દવા મળે તે માટે પાંચ લાખ રૂપીઆના ખર્ચે તખ્તસિંહજી હૉસ્પિટલ બંધાવ્યું. વિધવાઓને માટે પેન્શન અને ગરીબોને સારૂ મહાલોમાં રસોડાં શરૂ કર્યા. સાત લાખ રૂપીઆના ખર્ચે શામળદાસ કૉલેજ બંધાવી તથા પીલ ગાર્ડન સુધરાવ્યો.

તેમની પછી મહારાજા ભાવસિંહજી ગાદીએ આવ્યા. તેમણે લોકોને સારા રાજ્યઅમલથી સુખી કર્યા. લોકોના અને વેપારીઓની સુગમતા માટે ભાવનગર સેવિંગ્સ બૅંક સ્થાપી. ભાવનગર રેલ્વેમાં સીહોર-પાલીતાણા, ઢસા-કુંડલા, બોટાદ-જસદણ વગેરે બ્રાન્ચ લાઇનો બંધાવી. વીરમગામની જકાતમાંથી પ્રજાને મુક્ત કરાવવા સફળ પ્રયત્નો કર્યા. ૧૯૦૯થી ભાવનગરના રાજાઓ મહારાજા કહેવાવા લાગ્યા. ઇ. સ. ૧૯૧૯માં તે મૃત્યુ પામ્યા.

હાલમાં ભાવનગરના મહારાજા કૃષ્ણકુમાર નાના હોવાથી કાઉન્સિલ ઑફ ઍડમિનિસ્ટ્રેશનથી રાજ્ય-કારભાર ચાલે છે. કાઉન્સિલમાં ચાર સભ્યો છે. (૧) સર પ્રભાશંકર પટ્ટણી (પ્રેસીડેન્ટ) જેઓ ભાવસિંહજીના વખતમાં રાજ્યના દીવાન હતા; (૨) મેજર આર. સી.

બર્ડ (વાઇસ પ્રેસીડેન્ટ) ગવર્નમેન્ટ તરફથી; અને બીજા બે સભ્યો. તેમના વખતમાં કુંડલા-મહુવાની લાંબી રેલ્વે-બ્રાન્ચ બંધાઇ. અને હમણા હમણામાં તો પ્રજા પરિષદ પણ ભરાઇ ગઇ.

ભાવનગર રાજ્યની વસ્તી ૪॥ થી ૫ લાખ છે; અને ભાવનગર શહેરની વસ્તી ૬૫૦૦૦ની છે. માત્ર રેલ્વેની જ ઉપજ ૧૫ લાખ રૂપીઆની છે. વરસાદ સરેરાશ ૨૫ થી ૩૦ઇંચ પડે છે.


જોવાલાયક સ્થળો:—રૂવાપરી, માજીરાજ કન્યાશાળા, પરસીવલ માર્કેટ, દરબારગઢ, પીલ ગાર્ડન, તખ્તસિંહજી હૉસ્પિટલ, ગંગામન્દિર, મોતીબાગ, નીલમબાગના મહેલો, તખ્તેશ્વરની ટેકરી, બોર તળાવ, બંદરકાંઠો, આલ્ફ્રેડ હાઇસ્કુલ, શ્રી દક્ષિણામૂર્તિ ભવન અને બાળમંદિર તથા શામળદાસ કૉલેજ.

ઉ

તમારી ફુરસદે

સિક્કાની રમત


એક રકાબીમાં જરા એક બાજુએ એક પૈસો મુકો, અને તેમાં, સિક્કો બરાબર બુડે એટલું પાણી રેડો. પછી તમારા મિત્રોને કહો કે હાથ ભીનો કર્યા વગર રકાબીમાંથી હાથ વડે પૈસો કાઢી લો. આ સાંભળી સૌ આશ્ચર્ય પામશે કે એમ તે કેમ બને? કોઈ ન કાઢી શકે તો પછી તમે આગળ આવીને કરી બતાવો.



પહેલાં તો તમે સૌને ખાતરી કરાવી લો કે પૈસો રકાબીમાં પાણીબુડ પડ્યો છે. પછી એક બુચની વચ્ચે જરા ફાટ પાડીને તેમાં, ટોપકું ઉપર રહે એવી રીતે, એક દીવાસળી ખોસો. હવે એ દીવાસળી ખોસેલા બુચને રકાબીમાં પૈસો પડ્યો હોય તેની સામી બાજુએ તરતું મુકો. પછી બીજી દીવાસળીથી બુચમાંની દીવાસળીને સળગાવો અને તરત જ એ તરતા બુચ ઉપર કાચનો લાંબો પ્યાલો ઢાંકી દો. પણ એ પ્યાલો એવી રીતે ઢાંકો કે જેથી પ્યાલાની ગોળ કોર પાણીની સપાટીને જ અડકે.

હવે પ્યાલામાંની હવામાં ઑક્સિજન હશે ત્યાં લગી અંદરની દીવાસળી સળગશે. આથી એ સળગી ગએલા વાયુની થોડીક જગ્યા પ્યાલામાં ખાલી પડશે. સૃષ્ટિનો એવો એક નિયમ છે કે કોઇ જગ્યા ખાલી ન રહી શકે. એટલે આ ખાલી જગ્યામાં રકાબીનું બધું પાણી ચઢી જશે; અને રકાબી ખાલી પડશે.

બસ; હવે તમે હાથ વડે પેલો પૈસો ઉપાડી લો અને તમારા મિત્રોને અચંબામાં ગરક કરો.




શામળદાસ કૉલેજમાં
કોતરેલી
આરસની જાળી

ભાવનગર

Photo: Johnston and Hoffmann

અમદાવાદમાં પૂર્ણ ખીલેલી જુની સ્થાપત્ય અને શિલ્પ કળાનો સત્કાર અમદાવાદની પ્રજાએ ન કર્યો એટલે તેણે ભાવનગરમાં અવતાર લીધો હોય એમ લાગે છે. આ જાળી એ તે વાતની ચોકખી પ્રતીતિ છે. એનું કોતરકામ અમદાવાદની જાળીઓને મુકાબલે ઉભું રહે તેવું છે.

નવાઇની વાત તો એ છે કે આપણે જે યુરોપીય ગુરુઓ પાસેથી ભણીને આપણાં રૂપ, અલંકારો અને રીતભાતો બદલવા લાગ્યા, તે લોકોએ જ ફરીથી આ જુની સુંદરતાનો પોતાની યોજનામા સત્કાર કર્યો છે. શામળદાસ કૉલેજના મકાનના બધા નકશા વિલાયતમાં થયા હતા. છતાં તેની બાંધણીમાં રાજપુત શૈલિનું જ અનુકરણ છે. અને હાલના જમાનાની કૉલેજની બધી જાતની ગોઠવણ એમાં થઇ શકી છે. આપણાં ઇજનેર ખાતાંઓએ તો કળાનો અભ્યાસ કે વિચાર તદ્દન બીનજરૂરી માન્યો છે; અને તેને લીધે જ તેમને હાથે આવાં સુંદર બાંધકામો હવે થતાં નથી.



૨

મૃગ, વ્યાધ અને અગસ્ત્ય.

ગયા માસમાં આપણે ધ્રુવ, ધ્રુવમત્સ્ય અને સપ્તર્ષિ જોયા. આ માસમાં મૃગ, વ્યાધ અને અગસ્ત્ય જોઈશું. રીવાજ મુજબ આ વખતે પણ આપણે ચૈત્રી અમાસ (તા. ૩ જી મે) જ લઈશું. સૂર્યોદય ૬ ક. ૭ મી; સૂર્યાસ્ત ૭ ક. ૬ મી.

સાથેના ચિત્રમાં બતાવ્યા પ્રમાણે મૃગ એ તારાસમૂહ છે, પણ વ્યાધ અને અગસ્ત્ય એકેકા તારા છે. મૃગ નક્ષત્રમાં તારાઓનો એક ચતુષ્કોણ બને છે. તેને મૃગના ચાર પગ કલ્પ્યા છે. આ ચાર તારાઓની ઉત્તરે ત્રણ ઝાંખા તારા છે તે મૃગનું માથું છે. દક્ષિણ તરફના બે પગ વચ્ચે ત્રણ તારાની પુંછડી છે. પેટમાં વ્યાધે (શીકારીએ) મારેલું, સીધી લીટીમાં આવેલા ત્રણ તારાનું બાણ છે. આ ત્રણ તારામાં સૌથી ઉત્તર તરફનો લગભગ પૂર્વ બિન્દુમાં ઉગી પશ્ચિમ બિન્દુમાં આથમે છે. આ બાણની પાછળ તેની લગભગ સીધી લીટીમાં બહુ જ ચળકતો વ્યાધનો તારો છે. ગ્રહોને બાદ કરીએ તો બીજો કોઈ પણ તારો તેના જેટલો તેજસ્વી નથી. તેજમાં તેનાથી બીજે નંબરે અગસ્ત્ય આવે છે. અગસ્ત્ય વ્યાધની લગભગ દક્ષિણે છે. દક્ષિણમાં કોઈ તારો ચળકતો નથી, તેથી તે જલદી ઓળખાઈ આવશે. અગસ્ત્ય અને વ્યાધને સીધી લીટીથી જોડી તે લીટીને વ્યાધની દિશામાં એટલે સુધી લંબાવો, કે લંબાવેલો ભાગ વ્યાધ અને અગસ્ત્ય વચ્ચેના અંતર કરતાં ત્રણગણો થાય. આમ કરવાથી આ લીટી લગભગ ધ્રુવ આગળ જઈ અટકશે. ધ્રુવને ખોળવાની આ બીજી રીત છે.



અમદાવાદમાં ધ્રુવ ક્ષિતિજ ઉપર જેટલી ઉંચાઈએ દેખાય છે તેના કરતાં લગભગ દોઢગણું અંતર વ્યાધ અને અગસ્ત્ય વચ્ચે છે. અને અગસ્ત્યની ક્ષિતિજ ઉપર વધારેમાં વધારે ઉંચાઈ ધ્રુવની ઉંચાઈના લગભગ ૨/૩ જેટલી છે.

અમાસની રાતે મૃગનો અસ્ત ૭ ક. ૫૨ મી. થી ૯ ક. ૫૮ મી. સુધી છે. અગસ્ત્યનો અસ્ત ૮ ક. ૨ મીનીટે અને વ્યાધનો અસ્ત ૧૦ ક. ૭ મિનીટે છે. (તેમનાં ઉદય અને યામ્યોત્તર દિવસના હોવાથી દેખાશે નહિ.) સૂર્યાસ્ત ૭ ક. ૬ મીનીટે છે; એ જોતાં મૃગ વગેરેને સારી રીતે જોવાનો દિવસ અમાસ નહિ પણ તે પહેલાં દસબાર દહાડે છે. અમાસ પહેલાં જેટલા દિવસે તમે જુઓ તે દરેક દિવસ દીઠ ચચ્ચાર મીનીટ, ઉપર આપેલા અસ્ત સમયોમાં ઉમેરવી. એ વિષે ગયા અંકમાં કહ્યું છે જ.

હરિહર ભટ્ટ



અચલાયતન: અનુવાદક: ગિરિધારી કૃપાલાની. પ્રકાશક: નવજીવન પ્રકાશન મંદિર, અમદાવાદ. કીંમત દસ આના.

મુળ ગુજરાતીમાં નવાં નાટકો ઘણી ઓછી સંખ્યામાં છે, તેથી રવીન્દ્રનાથ ઠાકુરના નાટકનો આ અનુવાદ સૌને ગમશે.

અર્થ સમજ્યા વગર આંધળાભીંત થઈ આપણા પંડિતો ધર્મની ક્રિયાઓ કર્યે જાય છે તેમની સામે આ નાટકનો વિરોધ છે. એ વિરોધમાં હાસ્યરસની મીઠી મજાક અને ઠંડી મશ્કરી ઠીકઠીક છે. ઉપાધ્યાય અને મહાપંચક ચીલાચાલુ શાસ્ત્રીઓ છે; જ્યારે એનો નાનો ભાઈ પંચક સ્વતંત્ર પ્રાણનો પુજારી છે. મઠનો આચાર્ય બાપડો આ જુઠ્ઠી બાજીથી કંટાળ્યો છે. એને તો પંચકની પેઠે બાળક બનવાનું મન થાય છે.

બીચારો નાનો બાળક સુભદ્ર સાવ ભોળો છે. ક્રિયાકાંડ કરનારાઓનો એ શીકાર થયો છે. 'ભયંકર પાપ' ની અસર એના મગજ ઉપર ભારે થવા પામી છે. પંચક તો ન જાણે વિધિ અને ન પાળે પ્રાયશ્ચિત્ત. વ્યાકરણના નમાલા શ્લોક તો એને યાદ જ ન રહેને!

પણ પ્રાણવાન પંચક એકાન્ત જીવનમાં ઘણો ગંભીર છે. સ્વતંત્રતા સારૂ એનો જીવ તલખે છે અને ગાય છે કે

મન આ માહરૂં મનમાં રોય પણ
કહનને માનનારૂં ન કોઇ.

. . . . .

મારગડો કોણ ગામ જશે રે
આ મારગડો કોણ ગામ જશે?

. . . . .

મારે કોને કરવો સાદ?

કુદરત એને અતિશય વ્હાલી છે.

પાનેપાને આ જેમ હવા હીસતી રે,
રોવડાવતી આખું વન–મારા પ્રાણીઆ.

પંચક નિર્દોષ હાસ્યનો જાણે ખજાનો. મઠ તો એને તોફાની પથરો માને છે. ખેતી કરનારા 'ખેડવાયાંનાં છોરૂં,' અને 'કઠણ લોઢું ફેંઠમુંઠ' ઘડનારા વૈશ્ય શોણપાંશુઓની છુટ્ટી જીંદગી જોઈ એ દોડી જાય છે. મઠના નિયમ વિરુદ્ધ એમનામાં ભળી જઈ એ ભોજન કરે છે અને નાચવાકુદવા માંડે છે.

આ નાટકના સાચા પ્રાણ તો એનાં સાદાં ગીતોમાં છે. જેમકે:

આ એકલા મારે લાખની તોલે
બાપજી બાપા!
આ મીઠા મારે લાખની તોલે
બાપજી બાપા!
મનના મોંઘા મોવડી તોલે,
બાપજી બાપા!

બાપજી ખરેખર આવા આનંદની મૂર્તિ જ છે.

અનુવાદક ભાઈ સીંધી હોવા છતાં ભાષા સરળ લખી છે. સાથેનું કાકાસાહેબનું વિવેચન જરૂરી અને ઉપયોગનું છે. સરલ છપાઈ, સાદો ઉઠાવ અને નાજુક કદ આ પુસ્તકની શોભા ઓર વધારે છે.

આશ્રમહરિણી: મુળ મરાઠીમાં કર્તા: અધ્યાપક વામન મલ્હાર જોશી. અનુવાદક: હરિલાલ માધવજી ભટ્ટ. પ્રકાશક: રમણીયરામ ગોવર્ધનરામ ત્રિપાઠી, મુંબાઈ. કીંમત બાર આના

મહારાષ્ટ્રના જાણીતા વિદ્વાન શ્રી૦ વામન મલ્હાર જોશીની આ એક નવલકથા છે. ગુજરાતની આજકાલ પ્રસિદ્ધ થતી નવલકથાઓ જેવી એ છીછરી અને ખોટા ભપકાવાળી નથી. 'જીંદગી એટલે શું ?' એવો વિચાર કરનાર એના પાત્રો છે.

આશ્રમહરિણી નામ જ બહુ સુંદર છે. તપોવનમાં ઋષિઓ આશ્રમ બાંધી શિષ્યો સહિત રહેતા એ જમાનાની આ વાત છે. લેખક સુચવે છે તેમ એ પુરાણની ઢબે લખાએલી વાતો છે. આમશ્રહરિણી એ આશ્રમના જરત્કારુ ગુરુની સુલોચના નામે બાલપૌત્રી છે. આ ભોળી બાળાના લગ્ન અને પુનર્લગ્નની આ કથા છે.

વીતક કહેવાં અને સાંભળવાં સહુને ગમે છે. આશ્રમહરિણી એ એક આપવીતી છે. ધૌમ્ય ઋષિ હિરણ્યગર્ભ રાજા આગળ પોતાનું જીવન કહી સંભળાવે છે. કથાના કર્તાની આ કેવળ કલ્પના લાગે છે; પણ આ નવલની ખરી મઝા તો વિદ્યાર્થીજીવનમાં જે આનંદ, મસ્તી તોફાન, મશ્કરી, તપ, ગંભીરતા અને મુશ્કેલીઓના અનુભવો છે તેની છે. એ બધાં આમાં સરસ રીતે વર્ણવ્યાં છે.

ધૌમ્ય ઋષિ બ્રહ્મચારી અને સંસારી તરીકે કેવી રીતે રહ્યા એનું રસભર્યું વર્ણન આ વાર્તામાં છે. દિઙ્નાગ રાજા આશ્રમ કનેથી જે શ્લોકને આધારે કર લે છે તે ખોટો છે એમ ધૌમ્યે સાફસાફ કહેવાથી એને દેશનિકાલ કરવામાં આવે છે. પતિવિયોગે એની પત્ની સુલોચના મરવા તૈયાર થાય છે. કુલપતિ તેને જીવવા અને પુનર્લગ્ન કરવા સમજાવે છે. આ પ્રમાણે થયા પછી કેટલેક વરસે રાજા બદલે છે અને ધૌમ્ય આશ્રમે પાછા આવે છે. અફસોસ ! એ સઘળું વિપરીત જુએ છે. કુલપતિ એને દીલાસો અને શાબાશી દે છે. ધૌમ્ય બાકીનું જીવન તપોમય કરી મુકે છે.

દક્ષિણી લોકોને હજુ હિન્દુધર્મ માટે આદર અને પ્રીતિ છે. આર્ય સંસ્કારો એમના લોહીમાં મળી ગયા છે. બ્રહ્મચર્યાશ્રમ તો ખાસ એમનો જ છે.

પુસ્તકના પ્રમાણમાં કીંમત ઠીક છે.

આવી સુંદર કથાના અનુવાદ કરનારને અને પ્રકાશકને અમે ધન્યવાદ આપીએ છીએ અને ઇચ્છીએ છીએ કે ગુજરાતના કુમારો અવશ્ય આ પુસ્તક વાંચે.

સ્વીકાર

કાલેલકરના લેખો: શ્રી દત્તાત્રેય બાલકૃષ્ણ કાલેલકરના લેખોનો સંગ્રહ. પ્રકાશક: નવજીવન પ્રકાશન મન્દિર, અમદાવાદ. કીંમત રૂા ૩-૦-૦

વિરાજ વહુ: મુળ બંગાળી લેખક શરચ્ચન્દ્ર ચટ્ટોપાધ્યાયની વાર્તાનો અનુવાદ. કરનાર: શ્રી મહાદેવ હરિભાઈ દેસાઈ. પ્રકાશક: નવજીવન પ્રકાશન મન્દિર, અમદાવાદ. કીંમત રૂા ૦-૧૦-૦

ચાર વર્ષનું બાળક: શ્રીબોધ માસિકમાં આવતા 'બાળક' નામના બાળવિભાગનો ચાર વર્ષનો સંગ્રહ. કરી પ્રકટ કરનાર: જીવનલાલ અમરશી મહેતા. મંત્રી 'શ્રી બોધ ' અમદાવાદ.

બાળ વિહાર: બાળકોને ઉપયોગી વિજ્ઞાનના લેખો: ૭ ચિત્રો સાથે. સંપાદક: શ્રી ઈશ્વરલાલ વીમાવાળા. પ્રકાશક: ગાંડીવ સાહિત્ય મન્દિર, કેળાપીઠ, સુરત. કીંમત ૦-૧૨-૦

વીર કથા: લેખક: વસનજી રણછોડજી નાયક, વાડી ફળીઉં, સુરત. કીંમત ૦-૫-૦

બાળ આંક: કર્તા અને પ્રકાશક: ઝવેરભાઈ બાલુભાઈ પટેલ, અમદાવાદ.

કાવ્ય સમુચ્ચય ભાગ ૧: સંપાદકર્તા: રામનારાયણ વિશ્વનાથ પાઠક; અધ્યાપક, ગુજરાત મહાવિદ્યાલય, અમદાવાદ. કીંમત રૂા. ૧-૦-૦

સૂરીશ્વર અને **સમ્રાટ**: કર્તા મુનિરાજ વિદ્યાવિજય. મળવાનું ઠેકાણું:શ્રી વિજયધર્મ લક્ષ્મી જ્ઞાનમન્દિર, બેલનગંજ, આગરા. કીંમત રૂા. ૩-૮-૦



માધુકરી

એક સાહસિક કુમાર

ઉછરતા કુમારોને સાહસિક કામો કરવાના કોડ હોય છે; કારણકે તેમની રગેરગમાં તાજું લોહી ઉછાળા મારી રહ્યું હોય છે, તેમનાં અંગેઅંગમાં ચેતનના થનગનાટ હોય છે. અવનવાં પરાક્રમો અને ચિત્રવિચિત્ર સાહસો ખેડવાને તેમનાં અંતર ઉછળી રહે છે.

હમણાં જ એફ. જે. દાવર નામનો એક પારસી કુમાર સૈનિક બાઇસિકલ પર બેસીને આખી દુનીઆની મુસાફરી કરવા નીકળ્યો છે. રસ્તામાં તેને અનેક પ્રકારની મુશ્કેલીઓ અને વિઘ્નો નડે છે. આખી દુનીઆની સફર સાઇકલ પર ખેડવી એટલે શું? રસ્તામાં નદી, નાળાં, પહાડો, ખીણો, જંગલો, ઝાડીઓ ને કોતરો આવે તે બધાં ઓળંગવાં; જંગલમાં હિંસક પશુઓ અને પ્રાણીઓથી રક્ષણ કરવું; ટાઢ, તડકો, વરસાદ કે વંટોળનાં તોફાન વેઠવાં; આ બધી ઓછી વિટંબનાઓ છે? છેલ્લા ખબર એવા મળ્યા છે કે તે એક બરફવાળી ખીણમાં લગભગ દટાઇ ગયો હતો; પણ મહા મુશ્કેલીએ તેમાંથી બચીને અજાણ્યા રસ્તાઓમાં આથડતો આથડતો બલુચિસ્તાનના ક્વેટા શહેરમાં આવી પહોંચ્યો છે.

આવા સાહસિક કુમારોની વીર નસોમાં જે થનથનતું લોહી વહી રહ્યું હોય છે તે વડે જ દેશની કીર્તિ ઉજળી રહે છે; તેમનાથી જ દેશનો જયવારો છે.

કર્મવીર બ્રાયન

ઇ. સ. ૧૮૬૩માં પારિસના કલામન્દિરમાં જે. એલ. બ્રાયન નામનો એક વિદ્યાર્થી અભ્યાસ કરતો હતો. તે માટીનાં પુતળાં ઘડવાનું કામ શીખતો. એક વાર એણે પોતાના ઓરડામાં 'મર્ક્યુરી'ની માટીની નાનીશી મૂર્તિ ઘડવા માંડી. શીઆળાના દિવસો હતા અને પાણી પણ થીજીને બરફ થઈ જાય એવી ટાઢ પડતી હતી. સાંજ પડ્યે કામ પુરૂં થતાં બ્રાયનને ચિંતા પેઠી કે રાતની કડકડતી ટાઢમાં મૂર્તિની ભીની માટી સુકાઇ જશે તો મૂર્તિમાં તડો પડી એ તુટી જશે. આથી તેણે બુદ્ધિ ચલાવી એક ઉપાય શોધી કાઢ્યો. એણે પોતે ઓઢેલો ઓવરકોટ ઉતારી મૂર્તિને વીંટાળી દીધો

સવાર પડતાં સૌ જુએ છે તો કપડાં વિનાનો બ્રાયન ટાઢે ઠરી મરણ પામેલો! પ્રાણનો ભોગ આપીને પણ એણે પોતે ઘડેલી મૂર્તિ બચાવી હતી. પોતાની એ કૃતિ ઉપર તેને ખોટો મોહ નહિ પણ ખરો પ્રેમ હતો, તેથી જ બ્રાયન આમ કરી શક્યો.

એ મૂર્તિ કળાના સુંદર નમુના તરીકે વખણાઇ. એના ઉપરથી એવી જ એક કાંસાની મૂર્તિ બનાવીને, બ્રાયનની સાથે ભણનારા ગોઠીઆઓએ તેને નીશાળના ચોકમાં મુકાવી. કર્મવીર બ્રાયનની કલા પ્રત્યેની નિર્મળ અને દૃઢ ભક્તિનું એ સદાનું સ્મૃતિચિહ્ન રહેશે. ધન્ય છે કલાના એ તરુણ ઉપાસકને!

(યંગ સિટિઝન)

હાથીનું મોત

કાગડાઓ વિષે એવું કહેવાય છે કે એમને કુદરતી મોત નથી. નાઇજીરીઆના મિ. ડેલિસન કહે છે કે આફ્રિકામાં એક પણ હાથી કુદરતી મોતે મરેલો મળી આવતો નથી. હાથીદાંત લેવા માટે હાથીનો શીકાર કરવો પડે છે. પણ તમે કદિ કુદરતી મોતે મરેલા હાથીનું મુડદું જોશો નહિ. ત્યારે હાથીનું મોત કેમ થતું હશે?

મિ. ડેલિસન કહે છે કે હાથીની જાત બહુ સમજુ છે. તેને મોતની ગંધ આવે છે. જ્યારે ઘડપણ લાગે છે અને શરીરમાં અશક્તિ જણાવા માંડે છે ત્યારે હાથી ટોળામાંથી નીકળી એકલો પડી જાય છે.

હિન્દુઓમાં માન્યતા છે કે કાશીમાં મરવાથી માણસને મોક્ષ મળે છે. તેથી જીંદગીને છેડે આવી પહોંચેલા હજારો હિન્દુઓ, કાશીમાં જ મૃત્યુ થાય એટલા માટે ત્યાં આવીને વસે છે. આફ્રિકાના હાથીઓમાં પણ આવું એક મરવાનું 'ઠેકાણું' છે. વિક્ટોરીઆ ન્યાન્ઝા સરોવરની નજીક હાથીઓનું કાશી છે એવું

મનાય છે. ત્યાં એક ઘોર અંધારી, વિશાળ, પાતાળઊંડી ખીણ છે. હજારો વરસો થયાં મોતને કાંઠે આવેલા હાથીઓ અહીં આવી આ ખીણમાં પોતાનો દેહ પાડે છે. હાથી મરવાનો થાય છે ત્યારે તેને એક કુદરતી વૃત્તિ જ એવી થાય છે કે તેના પગ હાથીજાતના આ કબ્રસ્તાન તરફ વળે છે. ટોળામાંથી છુટો પડી તે એકલવાયો ચાલે છે. હવામાંથી મોટા શ્વાસોચ્છ્વાસ લેતો લેતો તે ગંભીર અને શોકાતુર ચહેરે પોતાની મૃત્યુભૂમિનો રસ્તો પકડે છે. આ મુસાફરી ઘણીવાર મહીનાઓ સુધી પહોંચે છે; છતાં દિનપ્રતિદિન, જરા પણ રસ્તો ભુલ્યા વિના કે કોઇ પણ સ્થળે અટક્યા વગર, આ શુરવીર પ્રાણી દૃઢ પગલે પોતાનો પંથ એડચે જાય છે.

છેવટે પેલી ખીણ આગળ આવીને હાથી પોતાની સુંઢ આકાશ તરફ ઉંચી ફેરવે છે; ખડકના કઠણ ઉપર થોડી વાર ઉભો રહી જોરથી ગર્જનાઓ કરે છે, અને ત્યાર પછી એકાએક ખીણમાં પડતું મુકે છે. તેના મોતની આ છેવટની ચીસો આખા જંગલમાં ગાજી ઉઠે છે. સિંહો પણ એ સાંભળી ગીચ ઝાડી કે ગુફામાં સંતાઈ જાય છે, અને નાનાં પશુઓ આ મહાન પશુની મૃત્યુચીસો સાંભળી થરથરતાં થરથરતાં બે પગ વચ્ચે પુંછડી ઘાલી જ્યાં ફાવે ત્યાં લપાઈ જાય છે.

હાથીના મોતની આ વાત સાચી હોય તો, પશુઓની કુદરતી પ્રેરણા અને સમજશક્તિ આપણને ખરેખર હેરત પમાડે એવી લાગે છે !

જબર

જબર આગ્રાની નજીકના એક ગામડાનો રહીશ છે. ભૈયો છે. આજથી આશરે ચાર વરસ પહેલાં શીઆળાની સાંજે સત્યાગ્રહાશ્રમની ગૌશાળા નજીક તે નિરાશ થએલો આવી ઉભો હતો. તેના અંગ પરનાં ફાટાંતુટાં વસ્ત્ર ઉપરાંત તેની પાસે કાંઈ ન હતું. ભુખ અને દુઃખથી તે પીડાએલો દેખાતો હતો. જે કાંઈ કામ મળે તે કરીને ગુજરો કરવાની ઈચ્છા તેણે બતાવી. આવી માગણી કરનાર દરેકને અહીં કામ આપવાની કાંઇ સગવડ નથી, પણ જબરની માગણીમાં અને તેના ચહેરામાં કાંઈક સૌજન્ય હતું. સાંજ પડી હતી એટલે તેને ભુખ્યો અને ટાઢે ઠુંઠવાતો જતો કરવાનું સાંખી શકાય તેમ ન હતું. તે રહ્યો. સવારે વાતચીત કરી તેને ગૌશાળા વાળવાનું કામ સોંપાયું. જબરે એ કામમાં પોતાનું સૌજન્ય દેખાડી આપ્યું. તેના રાજ્યમાં ગૌશાળા દીવા જેવી સાફ રહેતી. તેની પોતાની રહેણી સ્વચ્છ જોવામાં આવી. કામના વખતમાંથી એક મીનીટની પણ ચોરી કરતો જબર કદી જોવામાં આવ્યો નહિ. આશ્રમની કુલ સાફસુફ તેને સોંપવામાં આવી. ભંગીને તો ક્યારનો બંધ કરવામાં આવ્યો હતો. એટલે રસ્તાઓ અને ફળીઆં સાફ કરવાનું કામ આશ્રમમાં રહેતા કોઇ ને કોઈએ કરવું પડતું હતું. પાયખાનાં સાફ કરવાને જુના આશ્રમવાસીમાંનો કોઈ રહેતો. જબર ફળીઆં તથા રસ્તા, આવનારને જાણે વધાવી લેતા હોય એવા સાફ રાખે. પાયખાનાં સાફ કરવાનું કામ વિદ્યાર્થીઓ કર્યા કરતા તે એ સહાનુભૂતિથી જોયા કરતો. અવારનવાર પોતે તેમાં મદદ પણ કરતો. એકવાર માણસની ભીડ પડી અને જબરના હાથમાં પાયખાનાનો કારભાર પણ મુકાયો. કંઈ પણ સુગ વિના અને સુંદર સફાઈથી તે કામ કેટલાક વખત સુધી તેણે કર્યે રાખ્યું. તેના અંગની સ્વચ્છતા અને તેનો આચાર પવિત્ર હોવાથી પીવાનાં પાણી ભરવાનું કામ પણ તેને સોંપવામાં આવતું. તેના શુદ્ધ આચારથી આશ્રમની દરેક વ્યક્તિનો તે માનીતો થઈ પડ્યો. તેના જીવનમાં વધારે ઉંડા ઉતરવાનું તેના સમાગમમાં આવનારાઓને મન થયું. જબરની સૌમ્યતા અને તેની સચ્ચાઈએ સૌને જીતી લીધા. તે સાવ અભણ હતો. એક હિન્દી બ્રહ્મચારીએ તેને ભણાવવાનું શરૂ કર્યું. આધેડ વયના જબરે ભણવામાં પણ એવી જ ચીવટ બતાવી. ધીમે પણ ચોક્કસપણે તેણે ભણ્યે રાખ્યું. ક્યારેક તેનો વર્ગ અટકે, પણ તેનું લેખન વાંચન તો તેના વખતમાં તે કરે જ. આસપાસ કાંતવા પીંજવાનું વાતાવરણ જોઇને તેમાં પણ તેણે રસ બતાવ્યો. એક રેંટીઓ માગી લીધો અને પોતાના વખતમાં કાંતવા પણ લાગ્યો. થોડા વખતમાં તે સુંદર સુતર કાઢવા લાગ્યો. ૬ થી ૧૫ સુધીના જુદા જુદા આંકનાં સુતર તેને હાથે સારી રીતે બેસી ગયાં. તેની ચતુરાઈથી કામ લેનારાઓ તેના પર હમેશાં ફીદા રહે. પૈસાનો વિશ્વાસ કરવો તે કંઇક સહેલો છે, પણ મીનીટોનો વિશ્વાસ સહેલો નથી. એક મીનીટ પણ ખોટી ન કરે એવો વિશ્વાસ આ કાળે થોડા કામ કરનારાઓ પેદા કરી શકે છે. ઉંચી ટચનું પ્રામાણિકપણું તેમાં રહેલું છે. જબરે પોતાને વિષે સૌમાં આવો અચળ વિશ્વાસ પેદા કર્યો. તેના કામમાં કોઇએ દેખરેખ રાખવાની ન હોય.

કાંતવામાં જબરની કુશળતા જોવામાં આવી એટલે તેને પીંજવાનું શીખવાની હોંશ થઇ. આ કામ તેણે પ્રેમપૂર્વક કર્યું. તેનું પ્રમાણ કંઇક ઓછું હોય, પણ તેના કામની સફાઇ તો કોઇથી ઉતરે નહિ. જબરનાં બીજાં કામો છુટતાં ગયાં અને પીંજવા કાંતવાના કામમાં તે ગોઠવાયો. તેને પેટીઉં મળતું હતું તેમાંથી વધી વધીને વીસ રૂપીઆનો પગાર તેને મળતો થયો.

આમ ત્રણેક વરસ ચાલ્યું. પછી જબરનો કાળ બદલાયો. તેને નામે નાની સરખી મુડી બાપડામાં જમે હતી. વિદ્યાનો અને હુન્નરનો તેને શોખ થયો. પોતાનો પગાર જતો કરી પોતાની મુડીમાંથી ગુજરો કરી, ભણવાનો અને વણવાનું શીખવાનો તેણે વખત માગ્યો. તે તેને મળ્યો. એક કલાક

તેના વર્ગ ચાલે. વાચન લેખન અને ગણિત તે હમણાં પણ શીખી રહ્યો છે. ચોથી હિન્દી વાચનમાળા તે વાંચે છે. હવે રામાયણ પોતાની મેળે વાંચી સમજી શકે છે. ભણવા સિવાયના વખતમાં તે વણવાનું શીખવા લાગ્યો. તે પણ ત્રણેક માસમાં તેણે ઠીક શીખી લીધું. હવે તે વણકર બન્યો. ફરી તેનો પગાર શરૂ થયો. પણ ભણવાનો વખત લે છે તેથી પગાર પણ તે ઓછો લે છે.

... ...

રોજ સવારે ૪ થી ૫ વાગ્યા સુધીમાં તે ઊઠે છે. રસોઇ પાણી કરી સવારે ૭ વાગ્યે તે કામે ચડે છે. ૧૦॥ વાગ્યે બધાની સાથે છૂટે છે. તે ફરી ૧૨ થી ૫ વાગ્યા સુધી કામ કરે છે. આમાં ૨॥ થી ૨ કલાક તેના વર્ગ ચાલે છે, ને બાકીના વખતમાં તે વણે છે. સવારે, બપોરે તથા સાંજે તેને ખાનગી અભ્યાસ કરવાનો વખત મળે છે, તેમાં તે વાંચે લખે છે ને કાંતે પણ છે. સાંજની પ્રાર્થનામાં તે હમેશ હાજર રહે છે. રાત્રે ૯-૯॥ વાગે તે ચોકી કરવા જેવા સ્થળમાં ત્રણે ઋતુમાં ઓશરી પર સુએ છે. વસ્ત્રસ્વાતંત્ર્ય તો તેણે હસ્તામલકવત કર્યું જ છે; પણ પોતાના સરલ, નિર્દોષ અને કાર્યનિષ્ઠ સ્વભાવથી તેને બધી રીતે સ્વાતંત્ર્ય જ છે. બધા તેના તરફ આદરની નજરથી જુએ છે. લાલચોથી રહિત એવો મજુર વિદ્યાર્થી જબર આગે જબર છે.

(નવજીવન, તા. ૧૭-૨-૨૪)



સાંભળ્યું છે કે

હજીમમાંની કબરોમાંથી હજારો વર્ષ પહેલાં મરી ગએલા તુતાનખામેન રાજાનું મુરદું, એ લોકોએ અમુક મસાલો ભરીને રાખી મુકેલું તે, એવું ને એવું નીકળ્યું છે. એ રાજા શાથી મરી ગયા તેની તપાસ કરવા માટે એ મુરદું 'એક્સ રે' કિરણોથી જોવામાં આવનાર છે !

અમેરિકાના બ્રુકલિન શહેરમાં કાલ્વિન એન્ડરસન નામના એક દરજીના છોકરા પર ખુનનું તહોમત હતું. એ દરજી એટલો સત્યપ્રેમી કે એણે સત્યને વળગી રહીને પોતાના છોકરાની સામે અદાલતમાં સાક્ષી આપી છે.

પારિસથી ન્યુયૉર્કની લાંબી મુસાફરીએ જવા માટે એક એરોપ્લેન ઉડવાનું છે. તે દર મીનીટે બે માઇલની ઝડપે ઉડીને એ ચાર હજાર માઈલનું અંતર ૩૬ કલાકમાં પુરૂં કરશે.

જાપાનમાં ધરતીકંપને લીધે ધરો પડી ગએલાં હોવાથી મકાનોના તૈયાર છુટા ભાગો કેલિફૉર્નીઆમાંથી વહાણોમાં આવે છે. આ છુટા ભાગોને જોડી દેવાથી થોડા વખતમાં મોટા મહેલો ઉભા થઇ શકશે.

પોતાના દેશમાં રેલ્વેઓ બાંધવાનું ખર્ચ પુરૂં પાડવા માટે ઈરાન પોતાના રાજ્યનું તોશાખાનું વેચવા તૈયાર થયું છે.

ગજવામાં રાખી શકાય તેવું એક સૂક્ષ્મદર્શક યંત્ર અમેરિકામાં બનાવવામાં આવ્યું છે. તે માત્ર ચાર ઇંચ લાંબુ છે, અને વજનમાં એક શેરથી પણ ઓછું છે; છતાં તે નાની વસ્તુને ૨૨૫ ગણી મોટી કરી બતાવે છે.

સાચ્ચે !

આફ્રિકામાં આકાશ અને જમીન ઉપર ૯૦ માઈલ સુધી તીડનાં ટોળાં ફરી વળ્યાં હતાં !

ચાર લાખ વરસ પહેલાંની છીપો હમણાં મળી આવી છે, તે ત્રણ ફુટ લાંબી છે !

અમેરિકાના શિકાગો શહેરના એક કુટુંબમાં ૧૫૦ વરસનો જુનો જોડો હજી પહેરાય છે !

આપણે પશ્ચિમ દિશામાંથી પૂર્વ તરફ ચાલીએ તો આપણો ભાર આપણને હળવો લાગે છે; અને એ દિશામાં દોડીએ તો દોડી શકાય પણ વધારે; કારણકે પૃથ્વી પોતે સૂર્યની આસપાસ પશ્ચિમથી પૂર્વે તરફ ફરે છે. આથી તેના ફરવાનો વેગ અને ગુરૂત્વાકર્ષણ આપણને અનુકૂળ પડે છે.

આપણા ઘરમાં પાણીના જેમ નળ હોય છે, અને તેમાંથી પીવા ધોવા માટે આપણને ફાવે તેટલું પાણી વાપરી શકીએ છીએ; તેમ હમણાં અમેરિકામાં ગરમીના નળ નીકળ્યા છે. એ નળ ઘરમાં લઈ શકાય છે અને તેમાંથી રાંધવા કરવા માટે જોઇએ તેટલી ગરમી ચાવી ઉઘાડી વાપરી શકાય છે !

સૌથી ચપળ પ્રાણી હરણ ગણાય છે; અને તે એક કલાકમાં સહેલાઇથી ૬૦ માઇલ દોડી શકે છે.

પાંચ હજાર મધમાખીનું વજન એક શેર થાય છે !

હૃદયના લોહીના ફરવાની ગતિ એક કલાકના સાત માઇલની ગણાય છે.

એક માણસે ભસતું પક્ષી શોધી કાઢ્યું છે !

બાર વરસ ઉપર મરી ગએલા એક કુકડીના બચ્ચાનું હૃદય ડૉ. કૅરેલે કાઢી લીધું હતું. એ હૃદયના એક ભાગને લોહીના પોષક પ્રવાહીમાં રાખીને ડૉક્ટરે હજી એને જીવતો રાખ્યો છે. આ રીતે એ હૃદયની આ બારમી વરસગાંઠ ગણાય !

ઇતિહાસમશહૂર ઈજીપ્તની રાણી કલીઓપેટ્રાની પાસે બે બહુમૂલ્ય મોતી હતાં. એમાંનું એક મોતી એણે પોતાના પ્રેમી માર્ક ઍન્ટનીને મીજબાની આપતી વખતે સુરકામાં ગાળીને પીધું હતું. બીજું મોતી ફરતું ફરતું રોમના બ દ હો પાસે આવ્યું. એ મોતીની મોટી કીંમત આપનાર કોઇ ન મળવાથી તેઓએ તેના બે કટકા કરી સૌન્દર્યદેવી વીનસના પુતળાના કાનમાં એરીંગ તરીકે જડયું.

સ્ટૉકહોમના એક એન્જિનીઅરે ચાર પગવાળુ બનાવ્યું છે; તે આગલા બે પગે ચાલે છે !

ઍબીસીનીઆ દેશમાં ગુલામગીરીનો રીવાજ . પણ તે દેશ હાલ પ્રજામંડળમાં દાખલ થવાથી તેણે એ રીવાજ કાઢી નાખવાનું ઠરાવ્યું છે.

ડૉક્ટરો અત્યાર સુધી એમ માનતા કે શરીરના થાકવાળા માણસોને રોગના જંતુઓ ઝટ લાગે છે; પણ હવે સાબીત થયું છે કે આરામ ખુરશીના એકાડુઓને જ જંતુઓ વહેલા લાગુ પડે છે.

મંચુરીઆમાં ૧૯૩ વર્ષનો એક વૃદ્ધ માણસ માલુમ પડયો છે !

સ્પેનના એક ગૃહસ્થના બે પુત્રો ધાતુમાંથી આરપાર જોઈ શકવાની અદ્ભુત શક્તિ ધરાવે છે !

લંડનના 'બ્રિટિશ મ્યુઝીઅમ' નું પુસ્તકાલય બહુ મોટું છે. તેનાં પુસ્તકોને પાસે પાસે મુકીને ગોઠવામાં આવે તો બત્રીસ માઈલ લાંબી જગ્યા રોકાય.

ન્યુયૉર્કના મિ. મૉર્ગન નામના એક શહેરીએ ૩૦ લાખ પાઉન્ડની કિંમતનું પુસ્તકાલય પોતાના શહેરને ભેટ કર્યું છે.

અમેરિકાની શેરીઓમાં ભસતાં કુતરાંઓ, કે મીજબાની-માં થતી વાતચીતો અને કાચના પ્યાલાઓના ખટખટાટ સુદ્ધાં વાયરલેસને પ્રતાપે ઠેઠ ઇંગ્લંડમાં બેઠાં સંભાળી શકાય છે !

બોલીવીઆમાં એક જ્વાળામુખી પર્વતમાંથી નીકળતી વરાળનું જોર એટલું સખત છે કે તેમાંથી અતુલ વિજળિક બળ ઉત્પન્ન કરી શકાય. કુદરતમાંથી પણ પૈસા પેદા કરવાની વૃત્તિ-વાળા લોકોએ એ જવાળામુખી ભાડે આપવા કાઢયો છે !

પીરામીડની ઉંચાઈ વધારેમાં વધારે ૪૮૪ ફુટ ગણાય છે.

જપાનના એક રસાયણશાસ્ત્રીએ સાબુથી ધોઈ શકાય એવો કાગળ બનાવ્યો છે ! છત્રીઓનાં અસ્તર તરીકે તે ચાલી શકે છે.

ઇનામી હરીફાઇનું પરિણામ

'કુમાર'ના માહ માસના અંકમાં પ્રકટ થએલી "ચાલો ઓળખી કાઢો" વાળી ઇનામી હરીફાઇના આવેલા ઉત્તરોમાંથી પુરેપુરો સાચો એક પણ નથી. નીચે જણાવેલા બે ભાઇઓએ ઓછામાં ઓછી ભુલો કરી છે. તે દરેકની ભુલો છે.

ગ્રાહક નંબર ૧૦ જયન્તિલાલ ચુનીલાલ રાવળ—ભાવનગર

" ૬૧ વિષ્ણુપ્રસાદ અમૃતલાલ ભટ્ટ—ભાવનગર

પુરા ઈનામ ઉપર તો તેમનો કોઈ જાતનો હક નથી જ; પરંતુ તેમની શક્તિની કદર કરીને અમે તેમને ઇનામ દાખલ 'કુમાર' ના છ છ મહીનાની વધારે મુદતના ગ્રાહક ગણીશું. એટલે કે તેમણે ભરેલા લવાજમની મુદત ખલાસ થવા પછી તે દરેકને છ મહીના સુધી 'કુમાર' ઇનામ તરીકે મળ્યા કરશે.

એ "ચાલો ઓળખી કાઢો" વાળા ચહેરાઓનાં નામોની ક્રમવાર યાદી આ નીચે આપી છે.

(૧) દેશબંધુ દાસ (૨) રાજા રવિવર્મા (૩) રાણાબા પેશ્વા (૪) ફિરોઝશાહ મહેતા (૫) મિ. હૉર્નીમૅન (૬) પ્રો. ગજ્જર (૭) રામકૃષ્ણ પરમહંસ (૮) ગાંધીજી (૯) શ્રીમદ્ રાજચંદ્ર (૧૦) સુબ્રમણ્ય આયર (૧૧) પરાંજપે (૧૨) મૌ. મહમદઅલી (૧૩) પંડિત જગતનારાયણ (૧૪) સ્વામી વિવેકાનંદ (૧૫) શીવાજી મહારાજ (૧૬) રવીન્દ્રનાથ ઠાકુર (૧૭) પૉલ રિશાર (૧૮) મહાદેવ ગોવિંદ રાનડે (૧૯) રાજા રામમોહનરાય (૨૦) સૈયદ હસન ઈમામ (૨૧) રાશ બિહારી ઘોષ (૨૨) ઍનિબેસંટ (૨૩) સ્વામી શ્રદ્ધાનંદજી (૨૪) સહજાનંદ સ્વામી (૨૫) નારાયણ ચંદાવરકર (૨૬) સયાજીરાવ ગાયકવાડ (૨૭) લોકમાન્ય તિલક મહારાજ (૨૮) વિઠ્ઠલભાઇ પટેલ (૨૯) ચક્રવર્તી રાજગોપાલાચાર્યર (૩૦) મૌ. શૌકતઅલી (૩૧) પ્રો. કર્વે (૩૨) દાદાભાઇ નવરોજી (૩૩) જદુનાથ સરકાર (૩૪) અરવિંદ ઘોષ.